# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
# અનુપાલન ઓડિટ પર
# માર્ચ 2023ના પૂરા થયેલા
# સમયગાળા માટેનો અહેવાલ

ગુજરાત સરકાર

વર્ષ 2025 નો અહેવાલ નં. 04

(અનુપાલન ઓડિટ-મુલ્કી)

# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
# અનુપાલન ઓડિટ પર
# માર્ચ 2023 ના રોજ પૂરા થયેલા
# સમયગાળા માટેનો અહેવાલ

**ગુજરાત સરકાર**

**વર્ષ 2025 નો અહેવાલ નં. 04**

## વિષય સૂચિ


| ફકરા નંબર | વિગતો | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| પ્રસ્તાવના | | v |
| કાર્યકારી સારાંશ | | vii |
| **પ્રકરણ-I: પ્રાસ્તાવિક નોંધ** | | |
| **1.1** | અહેવાલ અંગે | 1 |
| **1.2** | ઓડિટ થયેલ એકમોની માહિતી | 2 |
| **1.3** | ઓડિટ માટે કાયદેસર અધિકાર | 3 |
| **1.4** | ઓડિટ આયોજન અને સંચાલન | 3 |
| **1.5** | ઓડિટ પ્રત્યે સરકારની જવાબદેહિતાનો અભાવ | 3 |
| **1.6** | અહેવાલનો વ્યાપ | 4 |
| **પ્રકરણ-II: અનુપાલન ઓડિટ** | | |
| **ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ** | | |
| **2.1** | ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા | 5 |
| **નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** | | |
| **2.2** | ભાવમાં ફેરફારની ઓછી વસૂલાત | 32 |
| **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણઅને ગ્રામીણ વિકાસ વિભાગ** | | |
| **2.3** | પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણનું અમલીકરણ | 31 |

**પરિશિષ્ટોની યાદી**

| | વિગતો | ફકરો | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| **પરિશિષ્ટ** I | 31 માર્ચ 2023**ની સ્થિતિએ** વર્ષવાર બાકી રહેલા નિરીક્ષણ રિપોર્ટ (IR)/ફકરાઓની વિગતો દર્શાવતું પત્રક | 1.5.1 | 63 |
| **પરિશિષ્ટ** II | 31-03-2023 ની સ્થિતિએ બાકી રહેલા ઓડિટ અહેવાલો પર વિગતવાર સ્પષ્ટતા દર્શાવતું પત્રક | 1.5.3 | 64 |
| **પરિશિષ્ટ** III | 31.03.2023 ની સ્થિતિએ જાહેર હિસાબ સમિતિમાં ચર્ચા માટે બાકી ફકરાઓ | 1.5.4 | 65 |
| **પરિશિષ્ટ** IV | બાકી રહેલ ATNs ની સ્થિતિ | 1.5.4 | 66 |
| **પરિશિષ્ટ** V | ગુજરાત રાજ્યમાં PDS હેઠળ પૂર્વ-NFSA યોજનાઓ કરતાં હયાત NFSAના તુલનાત્મક ફાયદા | 2.1.1 | 68 |
| **પરિશિષ્ટ** VI | પસંદ કરાયેલ એકમોની વિગતો | 2.1.8 અને 2.1.10.3 | 69 |

| વિષય સૂચિ | | | |
|---|---|---|---|
| ફકરા નંબર | વિગતો | | પૃષ્ઠ સંખ્યા |


| | | | |
|---|---|---|---|
| **પરિશિષ્ટ** - VII | બાકાત પ્રક્રિયા | 2.3.1.1 | 70 |
| **પરિશિષ્ટ** - VIII | પસંદ કરાયેલ જિલ્લાઓમાં નમૂના પસંદગીની વિગતો | 2.3.1.5 | 71 |
| **પરિશિષ્ટ** -IX | PMAY-ગ્રામીણ અને PMAY-શહેરી હેઠળ લાભ લેનાર લાભાર્થીઓની વિગતો | 2.3.3.2 | 72 |

# પ્રસ્તાવના

માર્ચ 2023 માં પૂરા થયેલા સમયગાળા માટે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો અહેવાલ. આ અહેવાલ ભારતના બંધારણની કલમ 151 હેઠળ ગુજરાતના રાજ્યપાલને રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

આ ઓડિટ રિપોર્ટ ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ અને પંચાયત, ગ્રામીણ ગૃહનિર્માણ અને ગ્રામીણ વિકાસ વિભાગના ઓડિટ સાથે સંબંધિત છે અને તેમાં ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 અને તેના હેઠળ જારી કરાયેલ ઓડિટ અને એકાઉન્ટ્સ, 2020 પરના નિયમોની જોગવાઈઓ હેઠળ "ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા" અને "પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણનું અમલીકરણ" પર SSCA ના પરિણામો સામેલ છે.

આ અહેવાલમાં દર્શાવેલ કિસ્સાઓ વર્ષ 2022-23 ના સમયગાળા દરમિયાન નમૂના તપાસ ઓડિટ દરમિયાન ધ્યાનમાં આવ્યા હતા તેમજ જે અગાઉના વર્ષોમાં ધ્યાનમાં આવ્યા હતા પરંતુ અગાઉના ઓડિટ અહેવાલમાં નોંધાઈ શક્યા ન હતા; વર્ષ 2022-23 પછીના સમયગાળાને લગતા કિસ્સાઓ પણ જ્યાં જરૂરી હોય ત્યાં સામેલ કરવામાં આવ્યા છે.

આ ઓડિટ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા જારી કરાયેલા ઓડિટિંગ ધોરણો, 2017 અનુસાર હાથ ધરવામાં આવ્યું છે.

ઓડિટ અહેવાલના ગુજરાતી અનુવાદમાં હકીકત-દોષ માટે મૂળ ઇંગ્લિશ અહેવાલમાં આપેલ વિગત સાચી ગણવી.

# કાર્યકારી સારાંશ

# કાર્યકારી સારાંશ

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (C&AG) નો આ અહેવાલ ગુજરાત સરકારના સરકારી વિભાગો, સ્વાયત્ત સંસ્થાઓ અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોના અનુપાલન ઓડિટમાંથી ઉદ્ભવતા મુદ્દાઓ સાથે સંબંધિત છે. અનુપાલન ઓડિટ એ ભારતના બંધારણની જોગવાઈઓ, લાગુ કાયદાઓ, નિયમો, નિયમનો અને અધિકારીઓ દ્વારા જારી કરાયેલા વિવિધ આદેશો અને સૂચનાઓનું પાલન થઈ રહ્યું છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે ઓડિટ કરાયેલ સંસ્થાઓના ખર્ચ અને આવકની તપાસનો સંદર્ભ આપે છે.

આ અહેવાલનો મુખ્ય હેતુ રાજ્ય વિધાનસભાના ધ્યાન પર ઓડિટના મહત્વપૂર્ણ પરિણામો લાવવાનો છે. ઓડિટના તારણો કારોબારીને સુધારાત્મક પગલાં લેવા સક્ષમ બનાવશે અને એવી નીતિઓ અને નિર્દેશો પણ ઘડશે જે સંસ્થાની કાર્યકારી કાર્યક્ષમતા અને નાણાકીય વ્યવસ્થાપનમાં સુધારો લાવશે, આમ વધુ સારા શાસનમાં ફાળો આપશે.

આ અહેવાલમાં બે પ્રકરણોમાં સામેલ છે. **પ્રકરણ I** માં "પરિચય, ઓડિટ કરાયેલ એન્ટિટી પ્રોફાઇલ, ઓડિટનું આયોજન અને આચરણ અને ઓડિટ પ્રત્યે સરકારના પ્રતિભાવ" સામેલ છે, અને **પ્રકરણ II** માં બે વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ (SSCAs)ને લગતા ઓડિટના તારણો અને એક ડ્રાફ્ટ પેરેગ્રાફ (DP) સમાવેશ થાય છે

આ અહેવાલમાં સમાવિષ્ટ મુખ્ય તારણોનો સારાંશ નીચે રજૂ કરવામાં આવ્યો છે:

## પ્રકરણ I: પ્રસ્તાવના

ગુજરાત સરકારના 12 વિભાગો, 33 સ્વાયત્ત સંસ્થાઓ અને 35 જાહેર ક્ષેત્રના ઉપક્રમો છે જેનું નેતૃત્વ અધિક મુખ્ય સચિવો/મુખ્ય સચિવો કરે છે જેનું ઓડિટ મહાલેખકાર (ઓડિટ-I), ગુજરાત, રાજકોટ દ્વારા કરવામાં આવે છે.

અઢાર વિભાગોના 16 ઓડિટ રિપોર્ટ પર 50 વિગતવાર ખુલાસાઓ બાકી હતા. જાહેર હિસાબ સમિતિની 80 ભલામણો પર કાર્યવાહી નોંધની હજુ પણ રાહ જોવાઈ રહી હતી.

## પ્રકરણ II: અનુપાલન ઓડિટ: રાજ્ય સરકારના વિભાગો

### ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા પર વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ

જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) એ સરકાર દ્વારા પ્રાયોજિત કાર્યક્રમ છે જે સમાજના નબળા વર્ગોને પોષણક્ષમ ભાવે ખાદ્યાન્ન, ખાંડ, કેરોસીન, કઠોળ અને આયોડાઇઝ્ડ મીઠું જેવી આવશ્યક વસ્તુઓ પૂરી પાડીને ખાદ્યાન્નની અછતને પહોંચી વળે છે. સમય જતાં, દેશમાં ખાદ્ય સુરક્ષા પ્રાપ્ત કરવા માટે PDS એક મહત્વપૂર્ણ સાધન તરીકે વિકસિત થયું છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) 2013ની રજૂઆત સાથે, ખાદ્ય સુરક્ષાના અભિગમમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, અને કલ્યાણથી અધિકારો આધારિત અભિગમ તરફ સંક્રમણ થયું છે.

NFSA હેઠળ, *અંત્યોદય અન્ન યોજનાવાળા* પરિવારોને દર મહિને પ્રતિ પરિવાર 35 કિલો ખાદ્યાન્ન (ચોખા, ઘઉં અને અન્ય બરછટ અનાજ સહિત) મેળવવા માટે હકદાર છે, જ્યારે પ્રાથમિકતા ધરાવતા પરિવારોને ચોખા, ઘઉં અને અન્ય બરછટ અનાજ માટે અનુક્રમે ₹ ત્રણ, ₹ બે અને ₹ એકના સબસિડીવાળા દરે દર મહિને પાંચ કિલો ખાદ્યાન્ન મેળવવા માટે હકદાર છે.

NFSA, 2013 ગુજરાત રાજ્યમાં 01 એપ્રિલ 2016 થી લાગુ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ ગુજરાત સરકાર (વિભાગ) PDSનો અમલ કરે છે. 2016-23 દરમિયાન, રાજ્યમાં ખાદ્યાન્નની ખરીદી અને વિતરણ પાછળ ₹ 59,580 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

### *લાભાર્થીઓની ઓળખ અને વ્યાપ*

રાજ્યમાં NFSA ના અમલીકરણના પરિણામે લાભાર્થીઓને ઓછા ખર્ચે ખાદ્યાન્નની સુલભતામાં સુધારો થયો, જે ખાદ્ય સુરક્ષા અને પોષણક્ષમતા પર સકારાત્મક અસરો દર્શાવે છે. ડિસેમ્બર 2023 સુધીમાં, ગુજરાતમાં 3.55 કરોડ વ્યક્તિઓને લાભો મળ્યા હતા, જે NFSA હેઠળ આવરી લેવાના હેતુથી 3.83 કરોડ લક્ષ્યાંકિત વસ્તીના 93 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

NFSA એ ઓછા ખર્ચે ખાદ્યાન્નની ઉપલબ્ધતામાં સુધારો કર્યો હોવા છતાં, રાજ્યમાં તેના અમલીકરણમાં લગભગ બે વર્ષનો વિલંબ થવાથી તે સમયગાળા દરમિયાન ઇચ્છિત લાભાર્થીઓ માટે પોષણક્ષમ ખાદ્યાન્નની પહોંચ મર્યાદિત થઈ ગઈ. રાજ્ય સરકારે વર્ષ 2016 અને વર્ષ 2023 વચ્ચે, લાભાર્થીઓની કૌટુંબિક આવક, વ્યવસાય, સામાજિક અથવા રહેઠાણ સુરક્ષામાં સુધારાને કારણે અયોગ્ય બન્યા હોય એવા કોઈ રેશનકાર્ડ દૂર કરવા માટે કોઈ ખાસ ઝુંબેશ હાથ ધરી નથી સિવાય કે વર્ષ 2018-19, જ્યારે આધાર-આધારિત બાયોમેટ્રિક પ્રમાણીકરણ રજૂ કરવામાં આવ્યું હતું. યોજના હેઠળ લાભાર્થીઓની ઓળખમાં સુધારો કરવા અને નકલી અથવા અયોગ્ય રેશનકાર્ડને દૂર કરવાના પ્રયાસોને મજબૂત બનાવવા માટે વધુ અવકાશ હતો.

### *ખાદ્યાન્નની ફાળવણી, પુરવઠો, સંગ્રહ અને વિતરણ*

વિભાગને ઇન્વેન્ટરી નિયંત્રણ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, કારણ કે ઓડિટમાં વાજબી ભાવની દુકાનો (FPS) દ્વારા લાભાર્થીઓને વર્ષ 2015-23 દરમિયાન વિતરણ કરાયેલા ખાદ્યાન્નના જથ્થાના ડેટા અને વિભાગના માસિક વિતરણ અહેવાલોની તુલના કરવામાં આવી. ચોખ્ખો તફાવત 3.47 લાખ મેટ્રિક ટન ખાદ્યાન્નનો હતો. વધુમાં, એપ્રિલ 2016 અને સપ્ટેમ્બર-ઓક્ટોબર 2018 માં, વિભાગે કોઈપણ વાજબી કારણ આપ્યા વિના, FPS પર 54,980 મેટ્રિક ટન ખાદ્યાન્ન અને 3,964 મેટ્રિક ટન ખાંડના બંધ સ્ટોકને અનિયમિત રીતે 'શૂન્ય' દર્શાવ્યો. વપરાશ પ્રમાણપત્રો દ્વારા ભારત સરકારને ખાદ્યાન્ન વિતરણના અહેવાલમાં ચોકસાઈ અને વિશ્વસનીયતાનો અભાવ હતો જેના મેળવણાંની જરૂર હતી.

તાલુકા ગોડાઉનમાં ખાદ્યાન્નનું અપૂરતું વજન અને હિસાબી વિસંગતતાઓએ સ્ટોક રેકોર્ડની ચોકસાઈ, FPS ને વિતરણ અને હિસાબી ચોપડામાં નોંધાયેલ ઇન્વેન્ટરીની વિશ્વસનીયતા અંગે ચિંતાઓ ઉભી કરી. તાલુકા ગોડાઉનમાંથી ખાદ્યાન્નના દુરુપયોગના કિસ્સાઓ દ્વારા સંસાધનોના બગાડનું જોખમ સ્પષ્ટ થયું.

વર્ષ 2015 અને વર્ષ 2023 વચ્ચે ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓના નમૂનાઓનું એકત્રીકરણ અને પરીક્ષણ અસંગત હતા, ગુણવત્તા માટેની અંતિમ-જગ્યા FPS પર કોઈ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું ન હતું. વધુમાં, FPSના લાઇસન્સિંગ માપદંડોનું અસંગત પાલન, સમગ્ર પ્રદેશોમાં FPSના અસમાન વિતરણનું યોગદાન છે

### *ભલામણો :*

- *રાજ્ય સરકાર તાલુકા ગોદામો, FPSs અને વિતરણ માહિતીના રજુ કરાયેલ અહેવાલ વચ્ચે જથ્થાના સમયાંતરે મેળાવણાં માટે એક પ્રમાણિત પ્રક્રિયાની*

*સ્થાપના કરી શકે છે. આમાં વિભાગના રેકોર્ડમાં નોંધાયેલ જથ્થા સાથે ભૌતિક જથ્થાની ઉલટ-તપાસ કરવા અને કોઈપણ વિસંગતતાઓને તરત ઓળખવા અને સંતુલિત કરવાની ખાતરી કરવામાં આવશે.*

- *રાજ્ય સરકાર મજબૂત અને પારદર્શક ખાદ્યાન્ન હિસાબી પ્રણાલી વિકસાવી શકે છે, લીકેજના મૂળ કારણોની સંપૂર્ણ તપાસ કરી શકે છે, નુકસાની માટે જવાબદારી સોંપી શકે છે અને ભવિષ્યમાં આવી નુકસાનીને અટકાવવા અને ઘટાડવા માટે સ્પષ્ટ જવાબદારતા કાર્યપધ્ધતી અમલમાં મૂકી શકે છે.*
- *રાજ્ય સરકાર નમૂનાઓની પસંદગી માટે સ્પષ્ટ માપદંડો સાથે એક વ્યાપક નમૂના ગણતરી ધોરણ અને સમગ્ર સપ્લાય ચેઇન માટે માનક પોષણ પરીક્ષણ પ્રોટોકોલની સ્થાપના કરી શકે છે.*

### *નીરીક્ષણ અને દેખરેખ પદ્ધતિ*

રાજ્યમાં PDSના નિરીક્ષણ અને દેખરેખમાં મહત્વપૂર્ણ ખામીઓ હતી. મુખ્ય મુદ્દાઓમાં વિવિધ સ્તરે તકેદારી સમિતિઓની નબળી કામગીરી, તેમની રચના અને બેઠકોના આવર્તનમાં નોંધપાત્ર ખામીઓ સામેલ છે.

તાલુકા ગોદામો અને FPSs નું નિરીક્ષણ પણ જરૂરી સ્તરથી ઘણું ઓછું હતું, જરૂરી નિરીક્ષણોના માત્ર થોડા ટકા જ હાથ ધરવામાં આવ્યુ હતું. FPSs માટે નવા લાઇસન્સ જારી કરવામાં પણ વિલંબ થયો હતો

પારદર્શિતા અને જાહેર ભાગીદારી સુધારવાના હેતુથી બનાવવામાં આવેલી સામાજિક ઓડિટ પદ્ધતિ મોટાભાગે બિનઅસરકારક સાબિત થઈ, જેમાં વર્ષ 2018 અને વર્ષ 2023 વચ્ચે સામાજિક ઓડિટ કરવામાં 95 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

### *ભલામણ:*

- *PDSની કામગીરીમાં પારદર્શકતા અને જવાબદારીમાં વધારો કરવા માટે, રાજ્ય સરકારે તેના સમયાંતર મુજબના અહેવાલીકરણ અને મોનિટરિંગ કાર્યપદ્ધતીને મજબૂત બનાવવી જોઈએ, જેમાં ગોદામો અને FPSsની નિયમિત તપાસ, સામાજિક ઓડિટનું આયોજન અને રાજ્ય, જિલ્લા, તાલુકા અને FPSs સ્તરે તકેદારી સમિતિની નિયમિત બેઠકોનું આયોજન સામેલ છે.*

## "કિંમતમાં ફેરફાર પર ઓછી વસૂલાત" પર અનુપાલન ઓડિટને લાગતો ડ્રાફ્ટ પેરેગ્રાફ

કાર્યકારી ઇજનેર, વડોદરા સિંચાઈ વિભાગ દ્વારા ટેન્ડરની શરતોનું પાલન ન કરવાને કારણે કોન્ટ્રાક્ટર પાસેથી ભાવમાં ફેરફાર પેટે ₹. 1.02 કરોડની ઓછી વસૂલાત થઈ.

## પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના અમલીકરણ પરનું વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ

અગાઉની "ઇન્દિરા આવાસ યોજના" ને બદલે, ભારત સરકાર દ્વારા 1 એપ્રિલ, 2016 ના રોજ શરૂ કરાયેલ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) નો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં "દરેક માટે આવાસ" પૂરું પાડવાનો છે. આ યોજના હેઠળ ઘરવિહોણા પરિવારો

અને કાચા અથવા જર્જરિત મકાનોમાં રહેતા લોકો માટે મૂળભૂત સુવિધાઓ સાથે પાકા મકાનો બાંધવા માટે ₹1.20 લાખની સહાય કરવામાં આવી છે, જેને 2022 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે (2024 સુધી લંબાવેલ). આ ઉપરાંત, ગુજરાત સરકાર, (GoG) સહાયના પ્રથમ હપ્તાના છ મહિનામાં ઘર વહેલા પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહન યોજના (MMAPSY) હેઠળ ₹20,000 નું વધારાનું પ્રોત્સાહન પૂરું પાડે છે અને "બાથરૂમ સહાય યોજના" હેઠળ બાથરૂમના બાંધકામ માટે પ્રતિ ઘર ₹5,000 ની સહાય પણ પૂરી પાડે છે.

મે અને ઓગસ્ટ 2023 વચ્ચે વર્ષ 2017-18 થી વર્ષ 2022-23 ના સમયગાળાને આવરી લેતા વિશિષ્ટ અનુપાલન ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું. ઓડિટમાં 33 જિલ્લાઓમાંથી 10 (30 *ટકા*), પસંદ કરેલા 10 જિલ્લાઓમાં 25 તાલુકાઓ (30 *ટકા*) અને તેની 125 ગ્રામ પંચાયતોનો નમૂનારૂપે સમાવેશ કરવામાં આવ્યો. ઓડિટમાં જાણવા મળ્યું છે કે ગુજરાતે 4,06,266 ઘરોનું બાંધકામ પૂર્ણ કર્યું છે, જે કૂલ લક્ષ્યાંકિત 6,06,040 ઘરોના 67 *ટકા* છે. જોકે, સમીક્ષામાં યોજનાના અમલીકરણમાં અનેક પડકારો પ્રકાશિત થયા હતા.

## *લાભાર્થીઓનો વ્યાપ*

ગ્રામસભાના ઠરાવો પ્રાપ્ત કરવામાં વિલંબને કારણે પસંદ કરેલા પાંચ તાલુકાઓમાં, પાત્રતા ધરાવતા 259 લાભાર્થીઓ (6.88 *ટકા*) ને Awass+ ની કાયમી પ્રતિક્ષા યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા.

### *ભલામણ:*

- *રાજ્ય સરકાર તમામ પાત્રતા ધરાવતા પરિવારોને યોગ્ય રીતે ઓળખવામાં આવે અને સરકારી યોજનાઓ માટે લાભાર્થીઓની યાદીમાં સમયસર સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા માટે હાલની પદ્ધતિને મજબૂત બનાવી શકે છે.*

## ***અમલીકરણ***

ઓડિટમાં એવું પણ જણાયું હતુકે અપેક્ષિત સમયમર્યાદા કરતાં આવાસ, 26 *ટકા* (4,06,266 માંથી 1,07,288) નું નિર્માણ એકથી બે વર્ષ કે તેથી વધુ સમય પછી પૂર્ણ થયુ હતું.

પસંદગીના ત્રણ જિલ્લાઓ (જામનગર, સુરત અને દાહોદ) માં, 539 લાભાર્થીઓને PMAY-G તેમજ PMAY-U અને અન્ય ગ્રામીણ આવાસ યોજના હેઠળ બમણા લાભ મળ્યા હતા.

વર્ષ 2017-23 દરમિયાન પસંદ કરેલ તાલુકાઓમાં મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહન સહાય યોજના હેઠળ પ્રોત્સાહન માટે પાત્ર તરીકે ઓળખાયેલા 71 *ટકા* લાભાર્થીઓ (4,104 લાભાર્થીઓમાંથી 2,934 લાભાર્થીઓ) ને હજુ સુધી સહાય મળી નથી.

### *ભલામણ:*

- *રાજ્ય સરકાર નિર્ધારિત સમયમાં મકાનો પૂર્ણ કરવા માટે MMAPSY હેઠળ સહાય તાત્કાલિક મુક્ત કરવા માટે અસરકારક પગલાં લઈ શકે છે.*
- *રાજ્ય સરકાર વિવિધ આવાસ યોજનાઓમાં લાભાર્થીઓના ડુપ્લિકેશનને રોકવા માટે યોજનાઓની અમલીકરણ એજન્સીઓ વચ્ચે ગ્રામીણ અને શહેરી લાભાર્થીઓના ડેટા આપ-લે માટે એક પદ્ધતિ વિકસાવી શકે છે.*

## *નાણાકીય વ્યવસ્થાપન*

ઓડિટમાં જણાવાયું છે કે વર્ષ 2017-23 દરમિયાન, 11,533 લાભાર્થીઓને ₹34.60 કરોડનો પ્રથમ હપ્તો (મંજૂર મકાનો સામે બે *ટકા*) આપવામાં આવ્યો ન હતો અને એપ્રિલ 2024 સુધીમાં આઠ *ટકા* કિસ્સાઓમાં લાભાર્થીઓને કુલ ₹112.99 કરોડનો અંતિમ હપ્તો આપવામાં આવ્યો ન હતો.

વિભાગે યોજનાના રાજ્ય નોડલ ખાતામાંથી ₹143.66 કરોડ ઉપાડી અને વ્યાજ તરીકે ₹51.86 કરોડ મેળવ્યા હતા, ₹15.02 કરોડ ભારત સરકાર અને ગુજરાત સરકારમાં જમા કરાવવામાં આવ્યા હતા, જ્યારે ₹36.84 કરોડ હજુ જમા કરાવવાના બાકી છે.

ઓડિટમાં નોંધાયું છે કે પસંદ કરેલા તાલુકાઓમાં 81 *ટકા* ખોટા-સફળ કેસ/વ્યવહારો અને 97 *ટકા* ખોટા-અસ્વકારેલ કેસ/વ્યવહારો મેળાવણાં વગરના રહ્યા હતા અને આ યોજના હેઠળ ખોટા ખાતામાં જમા થયેલી રકમ/ડબલ ચુકવણી વગેરેના કિસ્સાઓ પણ ધ્યાનમાં આવ્યા હતા જે હજુ સુધી વસૂલ કરવામાં આવ્યા નથી.

### *ભલામણ:*

- *રાજ્ય સરકાર 'ખોટા-સફળ'/'ખોટા-અસ્વીકાર' વ્યવહારોના કેસોનું મેળવણું કરવા અને લાભાર્થીઓને ખોટી/બેવડી ચુકવણી ટાળવા માટે એક અસરકારક પદ્ધતિ વિકસાવી શકે છે.*

## *દેખરેખ-નિયંત્રણ*

આવાસના ફોટોગ્રાફ્સના જીઓટેગિંગમાં વિસંગતતાઓ જોવા મળી, જેમાં બાંધકામ હેઠળના મકાનોને પૂર્ણ તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા હતા અને વિવિધ તબક્કાઓ માટે ઉપયોગમાં લેવાતા સમાન ફોટાનો સમાવેશ થાય છે.

ઓડિટમાં જોવા મળ્યું કે યોજનાના અમલીકરણ માટે રાજ્ય અને જિલ્લા સ્તરે દેખરેખ સમિતિની રચના કરવામાં આવી ન હતી. પસંદ કરાયેલ જિલ્લાઓ અને તાલુકાઓમાં, નિરીક્ષણનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું ન હતું અને નિરીક્ષણ અહેવાલો પણ તૈયાર કરવામાં આવ્યા ન હતા.

### *ભલામણ:*

*રાજ્ય સરકાર વિવિધ સ્તરે યોગ્ય દેખરેખ સુનિશ્ચિત કરવા માટે અસરકારક પગલાં લઈ શકે છે અને AwaasSoftમાં જીઓ-ટેગિંગ અને નિયમિત ફોટોગ્રાફ્સ અપલોડ કરતી વખતે યોગ્ય કાળજી લેવાની જરૂર છે.*

# પ્રકરણ- I

# પ્રસ્તાવિક નોંધ

# પ્રકરણ–I

## પ્રાસ્તાવિક નોંધ

### 1.1 *અહેવાલ અંગે*

ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકનો આ રિપોર્ટ એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ -I), રાજકોટના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ગુજરાત સરકારના ત્રણ વિભાગોના[1] અનુપાલન ઓડિટ દરમિયાન ઉદભવેલ મુદ્દાઓ સંબંધિત છે. આ કાર્યાલય દ્વારા ઓડિટ કરવામાં આવતા વિભાગો, સ્વાયત સંસ્થાઓ અને જાહેર ક્ષેત્રના એકમોની ક્લસ્ટર મુજબની યાદી નીચે **કોષ્ટક-1** માં દર્શાવેલ છે.

**કોષ્ટક-1 : આ કાર્યાલય દ્વારા ઓડિટ કરવામાં આવતા વિભાગો, સ્વાયત સંસ્થાઓ અને જાહેર ક્ષેત્રના એકમોની ક્લસ્ટર મુજબની યાદી**

| ક્લસ્ટરનું નામ | AMG | વિભાગોની સંખ્યા | સ્વાયત સંસ્થાઓની સંખ્યા | જાહેર ક્ષેત્રના એકમોની સંખ્યા |
|---|---|---|---|---|
| શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગાર | I | 02 | 01 | 04 |
| આરોગ્ય અને કલ્યાણ | I | 04 | 01 | 11 |
| ગ્રામ વિકાસ | II | 01 | 01 | 02 |
| શહેરી વિકાસ | II | 01 | 29 | 07 |
| ખેતીવાડી, ખાદ્ય અને અનુસંગિક સેવાઓ | III | 02 | 00 | 08 |
| જલ સંસાધન | III | 01 | 01 | 03 |
| સાંસ્કુતિક અને પ્રવાસન | III | 01 | 00 | 00 |
| કુલ | | **12** | **33** | **35** |

ઓડિટ કરાયેલ એકમો દ્વારા કરવામાં આવેલ ખર્ચ સંબંધિત વ્યવહારોમાં ભારતના સંવિધાન, લાગુ પડતાં કાયદાઓ, ધારાઓ, નિયમો, વિવિધ આદેશો, સૂચનાઓ અને સરકાર દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકાઓનું અનુપાલન કરવામાં આવ્યું છે કે કેમ તે જાણવા માટે આ અનુપાલન ઓડિટ કરાયું છે.

રિપોર્ટનો પ્રાથમિક ઉદેશ્ય રાજ્ય વિધાસભાને ઓડિટના અગત્યના પરિણામોથી અવગત કરાવવાનો છે. ઓડિટિંગ ધોરણો માટે એ જરૂરી છે કે રિપોર્ટિંગ માટે એકઠા કરાયેલ મટીરીયલનું સ્તર, કરવામાં આવેલ વ્યવહારોનું સ્વરૂપ અને તેનું કદ, પરિમાણને અનુરૂપ હોવું જોઈએ. ઓડિટના અવલોકનો કાર્યકારીઓને સુધારાત્મક પગલાં લેવા નીતિઓ અને

[1] ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, નર્મદા, જલ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાશ વિભાગ.

નિર્દેશો બનાવવા સમર્થ કરે છે કે જેથી સંસ્થાઓનો વહીવટ અને નાણાકીય વ્યવસ્થાપનને સુધારાત્મક દિશા તરફ દોરી જઈ શકાય, આમ વધારે સારા સંચાલન માટે યોગદાન આપે છે.

આ પ્રકરણમાં, ઓડિટનો વ્યાપ તેમજ આયોજન સમજાવવા ઉપરાંત, અનુપાલન ઓડિટ દરમિયાન કરવામાં આવેલા મહત્વપૂર્ણ ઓડિટ અવલોકનો અને અગાઉના ઓડિટ અહેવાલોના ફોલો-અપનો સારાંશ આપે છે. આ અહેવાલના **પ્રકરણ-II** માં સરકારી વિભાગોના અનુપાલન ઓડિટના અવલોકનો અને તેના વિગતવાર તારણોનો સમાવેશ થાય છે.

## 1.2 *ઓડિટ થયેલ એકમોની માહિતી*

એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ-I) ગુજરાત સચિવ સ્તરે રાજ્યના 12 વિભાગો, 33 સ્વાયત સંસ્થા, 35 PSUs અને 14,473 સ્થાનીય સંસ્થાઓ[2] ધરાવતા ક્લસ્ટર અંતર્ગત કરવામાં આવતા ખર્ચનું ઓડિટ હાથ ધરવામાં આવે છે. વિભાગોના વડા અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ હોય છે. જેમને નિયમકો/કમિશ્નરો/મુખ્ય ઈજનેરો અને તેમના વડપણ હેઠળનો ગૌણ અધિકારીગણ સહાય કરે છે.

વર્ષ 2021-22 અને 2022-23 દરમિયાન થયેલા રાજકોષીય વ્યવહારોનો સારાંશ નીચે **કોષ્ટક 2** માં આપેલ છે:

**કોષ્ટક 2:રાજકોષીય વ્યવહારોનો સારાંશ**

| આવક | | | વહેંચણી | | |
|---|---|---|---|---|---|
| | 2021-22 | 2022-23 | | 2021-22 | 2022-23 |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| મહેસૂલી આવક | **1,66,830** | **1,99,408** | મહેસૂલ ખર્ચ | **1,60,421** | **1,79,543** |
| કર મહેસૂલ | 97,678 | 1,24,809 | સામાન્ય સેવાઓ | 56,423 | 61,269 |
| બિન કર મહેસૂલ | 14,018 | 18,434 | સામાજિક સેવાઓ | 68,254 | 75,125 |
| કેન્દ્રિય કરનો હિસ્સો | 31,106 | 33,034 | આર્થિક સેવાઓ | 35,332 | 42,672 |
| ભારત સરકાર તરફથી અનુદાન | 24,028 | 23,131 | ગ્રાન્ટ-ઇન-એઇડ અને અનુદાન | 412 | 477 |
| પરચુરણ મૂડી આવકો | 00 | 00 | મૂડી ખર્ચ | 28,185 | 35,499 |
| લોન તથા પેશગીની વસૂલાત | 155 | 254 | લોન અને પેશગીનું વિતરણ | 1,071 | 1,466 |
| જાહેરઋણ આવકો * | 46,968 | 52,333 | જાહેર દેવાની ચુકવણી* | 24,436 | 22,159 |
| આકસ્મિક નિધિ | 00 | 00 | આકસ્મિક ભંડોળ | 00 | 20 |
| જાહેર હિસાબી આવકો | 1,18,597 | 1,22,483 | જાહેર હિસાબી વિતરણ | 1,13,609 | 1,20,935 |
| રોકડની ખૂલતી સિલક | 15,848 | 20,676 | બંધ રોકડ સિલક | 20,676 | 35,532 |
| કુલ | 3,48,398 | 3,95,154 | કુલ | 3,48,398 | 3,95,154 |

**(સ્રોત : વર્ષ 2021-22 અને 2022-23ના વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો)**

* વર્ષ 2021-22 દરમિયાન, અસરકારક જાહેર દેવાની પ્રાપ્તિ ₹ 33,928 કરોડ હતી કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગે નિર્ણય લીધો હતો કે દેવાની પ્રાપ્તિ હેઠળ રાજ્યને એક પછી એક લોન તરીકે આપવામાં આવેલા ₹13,040 કરોડના GST વળતરને રાજ્યનું દેવું ગણવામાં આવશે.

[2] જિલ્લા પંચાયત-33, તાલુકા પંચાયત – 247, ગ્રામ પંચાયત – 14,023 , નગર પાલિકા – 162 અને મુનિસિપલ કોર્પોરેશન – 08.

## 1.3 ઓડિટ માટે કાયદેસર અધિકાર

ભારતના બંધારણના આર્ટીકલ 149 અને 151 તથા નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (ફરજો, સત્તા અને સેવાની શરતો) એક્ટ, 1971 દ્વારા ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકને ઓડિટ કરવા માટેની કાયદેસરની સત્તા મળેલ છે. C&AG દ્વારા જારી કરાયેલ DPC અધિનિયમ અને ઓડિટ અને એકાઉન્ટ્સ પરના નિયમો, 2020 ની જોગવાઈઓ હેઠળ GoG ના વિભાગો, સ્વાયત્ત સંસ્થાઓ અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોના ખર્ચ અને આવકનું C&AG ઓડિટ કરે છે.

## 1.4 ઓડિટ આયોજન અને સંચાલન

વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચાઓ, પ્રવૃતિઓની જટિલતા અને ગંભીરતા, આપવામાં આવેલ આર્થિક-નાણાકીય સત્તાના સ્તર, સમગ્ર આંતરિક નિયંત્રણ પરનું નિર્ધારણ, સંબંધિત નિયંત્રણ અધિકારી પર આધારીત સરકારી વિભાગો દ્વારા સામનો કરવામાં આવતા જોખમોની મોજણી સાથે ઓડિટ પ્રક્રિયા શરૂ થાય છે. આ પ્રક્રિયામાં અગાઉના ઓડિટ તારણો પણ ધ્યાને લેવામાં આવે છે. આ જોખમના નિર્ધારણના આધારે ઓડિટનો વ્યાપ અને સમયાવધી નક્કી કરવામાં આવે છે.

દરેક કચેરીનું ઓડિટ પુર્ણ થયા બાદ ઓડિટ તારણો સાથેનો નિરીક્ષણ અહેવાલ વિભાગના વડાને મોકલવામાં આવે છે. જે વિભાગને નિરિક્ષણ અહેવાલમાં સમાવિષ્ટ તારણોનો જવાબ નિરીક્ષણ અહેવાલ મળ્યાના એક મહિનાની અંદર આપવાની વિનંતી કરવામાં આવે છે. જ્યારે પણ જવાબો મળે છે ત્યારે ઓડિટના તારણો ફેસલ (પતાવટ) કરવામાં આવે છે, યા તો તેના અનુપાલન માટે વધુ આગળ ની કાર્યવાહી કરવા માટે સલાહ આપવામાં આવે છે. આ નિરીક્ષણ અહેવાલોમાં ઉદભવેલા મહત્વના અવલોકનો ઓડિટ રિપોર્ટમાં સમાવિષ્ટ કરવા માટે તથા આગળની કાર્યવાહી માટે ભારતના બંધારણના આર્ટીકલ 151 હેઠળ રાજ્યના રાજયપાલને મોકલવામાં આવે છે. જે રાજ્ય વિધાનસભામાં પ્રસ્તુત કરવા જવાબદાર છે.

## 1.5 ઓડિટ પ્રત્યેની સરકારની જવાબ દેહિતાનો અભાવ

### *1.5.1 પડતર નિરીક્ષણ અહેવાલો*

નાણા વિભાગ દ્વારા 1992માં જારી કરાયેલ ઓડિટ વાંધા/નિરીક્ષણ અહેવાલના તાત્કાલિક નિકાલ માટે સૂચનાઓની પુસ્તિકામાં મહાલેખાકાર દ્વારા જારી કરાયેલ નિરીક્ષણ અહેવાલો (IRs) પર કાર્યપાલન અધિકારી દ્વારા તાત્કાલિક પ્રતિભાવ આપવાની જોગવાઈ છે જેથી નિરીક્ષણ દરમિયાન ધ્યાન ઉપર આવેલ ખામીઓ/ઉપેક્ષાઓ વગેરે માટે નિર્ધારિત નિયમો અને પધ્ધતિઓનું પાલન કરીને સુધારાત્મક કાર્યવાહી અને જવાબદારી સુનિશ્ચિત કરી શકાય. કચેરીઓના વડાઓ અને તેના ઉચ્ચ સત્તાધિકારીઓએ IRs માં સમાવિષ્ટ અવલોકનોનું પાલન કરવું, ખામીઓ અને ભૂલોને તાત્કાલિક સુધારવા અને IRs પ્રાપ્ત થયાના ચાર અઠવાડિયામાં મહાલેખાકારને તેના પાલનની જાણ કરવી જરૂરી છે. વિભાગોના વડાઓને સમયાંતરે સ્મૃતિ પત્રો પાઠવવામા આવે છે જેમાં તેમને IRs માં બાકી રહેલા ફકરાઓ પર ઝડપથી જવાબો આપવા વિનંતી કરવામાં આવે છે.

સામાન્ય અને સામાજિક ક્ષેત્રો હેઠળના 18 વિભાગોના 31 માર્ચ 2023 સુધીમાં, 3,742 IRs (15,303 ફકરા) બાકી હતા. બાકી રહેલા IRs અને ફકરાની વર્ષવાર વિગતો **પરિશિષ્ટ-I** માં આપવામાં આવી છે.

### *1.5.2* ઓડિટના ફકરાઓ પરત્વે વિભાગનો પ્રતીભાવ

ત્રણ અનુપાલન ઓડિટના ફકરાઓ સંબંધિત વહીવટી વિભાગોના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવોને છ સપ્તાહની અંદર તેમના પ્રતિભાવો આપવા વિનંતી સાથે મોકલી આપવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા સમાપન બેઠક દરમિયાન કરવામાં આવેલ ટિપ્પણીઓ/જવાબોને રિપોર્ટમાં યોગ્ય જગ્યાએ યોગ્ય રીતે સમાવી લેવામાં આવ્યા હતા.

### *1.5.3 ઓડિટ અહેવાલોની અનુવર્તી કાર્યવાહી*

જાહેર હિસાબ સમિતિ (નિયમો અને પધ્ધતિ) 1990ના નિયમ 7 માં જણાવ્યા મુજબ ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ તારણોના વિગતવાર ખુલાસા બધાજ વિભાગો દ્વારા ઓડિટ અહેવાલ વિધાનસભામાં રજૂ થયાના 90 દિવસમાં રજૂ કરવાના રહે છે.

સરકારના વહીવટી વિભાગોએ આ સૂચનાનું અનુપાલન કરેલ નથી અને 31 ડિસેમ્બર 2023 ની સ્થિતિએ **પરિશિષ્ટ-II** માં જણાવ્યા મુજબ 18 વિભાગો દ્વારા 2007-08 થી 2018-19 ના સમયગાળાના 50 ફકરાઓના વિગતવાર ખુલાસા રજૂ કર્યા ન હતા.

### *1.5.4* જાહેર હિસાબ સમિતિ દ્વારા ચર્ચા કરવામાં આવેલ ફકરાઓ

જાહેર હિસાબ સમિતિ (PAC) અને જાહેર ઉપક્રમો પરની સમિતિ (COPU), દરેક કેસમાં, ઓડિટ અહેવાલોના તમામ મુદ્દાઓના સંદર્ભમાં કારોબારી અધિકારીની જવાબદારી સુનિશ્ચિત કરવા માટે વિભાગો દ્વારા તેની ભલામણો પર કાર્યવાહી નોંધો (ATN) મોકલવાનો સમયગાળો નક્કી કરે છે.

વર્ષ 2006-07 થી 2018-19, દરમિયાન 45 PAs અને 167 TAs/FCAs(મુલ્કી, G&SSA અને સ્થાનીક સંસ્થાઓ) માં પ્રિન્ટ થયા હતા. જેમાથી PACએ 16 PAs અને 80 TAs/FCAs/DPsની ચર્ચા કરી હતી. જેથી 31 માર્ચ 2023 ની સ્થીતીએ **પરિશિષ્ટ- III** માં દર્શાવ્યા મુજબ 29 PAs અને 87 TAs/FCAs/DPs બાકી હતા. ઉપરાંત 95 ATNs માથી 80 ATNs બાકી હતી (**પરિશિષ્ટ- IV).**

## 1.6 *આ અહેવાલનો વ્યાપ*

આ અહેવાલમાં ત્રણ અનુપાલન ઓડિટ ફકરા છે જેમાં બે વિષય-વિશિષ્ટ અનુપાલન ઓડિટ ફકરાનો સમાવેશ થાય છે. આની ચર્ચા આગામી **પ્રકરણ II** માં કરવામાં આવી છે.

# પ્રકરણ – II

# અનુપાલન ઓડિટ

# પ્રકરણ – II

આ પ્રકરણમાં ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના "ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા" અને ગ્રામીણ ગૃહનિર્માણ અને ગ્રામીણ વિકાસ વિભાગના "પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણનું અમલીકરણ" અંગેના બે વિષય-વિશિષ્ટ અનુપાલન ફકરા (SSCAs) અને "કિંમતમાં ફેરફારની ઓછી વસૂલાત" અંગેનો અનુપાલન ઓડિટ અંગેનો પેરેગ્રાફ સામેલ છે.

## અનુપાલન ઓડિટ

## ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

## 2.1 ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા

### *2.1.1 પ્રસ્તાવના*

ભારતના બંધારણમાં રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોની કલમ 38 એ આદેશ આપે છે કે રાજ્ય લોકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે સામાજિક વ્યવસ્થાને શક્ય તેટલી અસરકારક રીતે સુરક્ષિત અને સુનિશ્ચિત કરીને લોકોના કલ્યાણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે. વધુમાં, કલમ 47 રાજ્યને પોષણ સુધારવા, જીવનધોરણ ઉંચુ લાવવા અને જાહેર આરોગ્ય વધારવાને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપે છે.

ઐતિહાસિક રીતે, ભારત સરકાર (GoI) દ્વારા સ્થપાયેલ જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) ખાદ્ય પદાર્થોની તંગીનો સામનો કરવા માટે બનાવવામાં આવી હતી, જેમાં અનાજ, ખાંડ, કેરોસીન, દાળ, આયોડિનયુક્ત મીઠું અને મસાલા જેવી આવશ્યક વસ્તુઓ સામાજીક રીતે નબળા વર્ગોને પરવડે તેવા ભાવમાં વિતરિત કરવા સ્થાપિત કરવામાં આવી હતી. સમય જતાં, PDS સમગ્ર દેશમાં ખાદ્ય સુરક્ષા[3] પ્રાપ્ત કરવા માટે એક મહત્વપૂર્ણ સાધન તરીકે વિકસિત થયું છે.

સપ્ટેમ્બર 2013 માં ભારત સરકાર દ્વારા સૂચિત રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) 2013, પોષણક્ષમ ભાવે ઉચ્ચ ગુણવત્તાવાળા ખાદ્યાન્નની ઉપલબ્ધતાની ખાતરી આપે છે, જેનો હેતુ ખાદ્યાન્ન અને પોષણ સુરક્ષા પૂરી પાડવાનો છે. આ ખાદ્ય સુરક્ષાના અભિગમમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન દર્શાવે છે, જે કલ્યાણથી અધિકાર-આધારિત અભિગમ તરફ પરિવર્તન કરે છે, જેમાં PDS હવે NFSA, 2013 ની જોગવાઈઓ હેઠળ કાર્યરત છે.

NFSA મુજબ, સમગ્ર દેશમાં ગ્રામ્ય વિસ્તારોની 75 *ટકા* અને શહેરી વિસ્તારોની 50 *ટકા* વસ્તીને PDS દ્વારા રાહત દરે ખાદ્યાન્ન મેળવવાનો કાયદેસર હક છે. NFSA હેઠળ, *અંત્યોદય અન્ન યોજના* (AAY)[4] હેઠળ પરિવારોને (HHs) દર મહિને પ્રતિ પરિવાર 35 કિલો અનાજ મળવાપાત્ર છે, જ્યારે પ્રાથમિકતા ધરાવતા પરિવારોને (PHHs)[5] દર મહિને પ્રતિ વ્યક્તિ પાંચ

---

3 ખાદ્ય અને કૃષિ સંસ્થા અનુસાર, 'ખાદ્ય સુરક્ષા' એ એવી સ્થિતિ છે જ્યારે તમામ લોકોને, સક્રિય અને આરોગ્યપ્રદ જીવન જીવવા માટે, દરેક સમયે, શારીરિક અને આર્થિક રીતે ઉપલબ્ધ હોય તે રીતે પૂરતો, સુરક્ષિત અને પૌષ્ટિક ખોરાક મળે. NFSA, 2013 'ખાદ્ય સુરક્ષા' તે ખોરાકના અનાજ અને ભોજનના અધિકૃત પ્રમાણના પુરવઠાને નિર્ધારિત કરે છે.

4 ડિસેમ્બર 2000 માં ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ, AAY ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં ગરીબી રેખા નીચે (BPL) વસ્તીમાં સૌથી ગરીબ લોકોને લક્ષ્ય બનાવવાનો હેતુ ધરાવે છે. દરેક પાત્ર પરિવાર ચોખા માટે ₹ ત્રણ પ્રતિ કિલો, ઘઉં માટે ₹ બે પ્રતિ કિલો અને બરછટ અનાજ માટે ₹ એક પ્રતિ કિલોના દરે સબસિડીવાળા ખાદ્યાન્ન મેળવવા માટે હકદાર છે.

5 PHHs (ગ્રામીણ વિસ્તારો): 2011 ની સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરીમાં સમાવિષ્ટ તમામ HHs ને ચોક્કસ બાકાત માપદંડો સાથે PHHs તરીકે માન્યતા આપવામાં આવી હતી.
PHHs (શહેરી વિસ્તારો): કોઈપણ પ્રકારની વંચિતતા અને અસુરક્ષા (આવાસની અસુરક્ષા, વ્યવસાયિક અસુરક્ષા અને સામાજિક અસુરક્ષા) ધરાવતા તમામ HHs/પરિવારોને PHHs ગણવામાં આવશે.


કિલો ખાદ્યાન્ન મેળવવાનો અધિકાર છે, જે ચોખા, ઘઉં અને અન્ય બરછટ અનાજ માટે અનુક્રમે ₹ ત્રણ, ₹ બે અને ₹ એકના સબસિડીવાળા દરે આપવામાં આવશે

ગુજરાત રાજ્યમાં PDS હેઠળ પૂર્વ- NFSA યોજનાઓ કરતાં NFSA યોજનાના તુલનાત્મક ફાયદાઓ **પરિશિષ્ટ - V** માં દર્શાવેલા છે.

### *2.1.2 PDS* ના અમલીકરણમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ભૂમિકા

NFSA અને PDS ના અમલીકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને જવાબદાર છે. બંને સરકારોની જવાબદારીઓ, અનાજની ખરીદીથી લઈને વાજબી ભાવની દુકાનો[6] (FPSs) દ્વારા તેમના વિતરણ સુધી, નીચે **ચાર્ટ 1** માં દર્શાવવામાં આવી છે.

**ચાર્ટ - 1: PDS ના અમલીકરણમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની જવાબદારીઓ**




### *2.1.3* ગુજરાતમાં *PDS*

NFSA, 2013 ગુજરાત રાજ્યમાં 01 એપ્રિલ 2016થી અમલમાં મૂકવામાં આવ્યો હતો. તે ગુજરાત આવશ્યક વસ્તુઓ (લાયસન્સિંગ, નિયંત્રણ અને સ્ટોક ઘોષણા) આદેશ, 1981 તેમજ GoIના ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) આદેશ, 2015 દ્વારા સંચાલિત છે.

અગાઉના આયોજન પંચે વર્ષ 2011-12ના વપરાશ ખર્ચ પરના NSSO[7] સર્વેક્ષણના આધારે, NFSA હેઠળ આવરી લેવામાં આવનાર વસ્તીની રાજ્યવાર ટકાવારી નક્કી કરી હતી. તે મુજબ, NFSA, 2013માં[8] ગુજરાતની કુલ વસ્તીના (6.04 કરોડ)[9] 63.40 *ટકા* સુધીના એકંદર વ્યાપની જોગવાઈ કરી છે. આ વ્યાપમાં ગ્રામ્ય વસ્તીના 74.64 *ટકા* અને શહેરી વસ્તીના 48.25 *ટકા*નો

---

[6] વાજબી ભાવની દુકાનો PDS હેઠળ આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા માટે છેલ્લા વિતરણ સ્થળનું નેટવર્ક છે. તેઓ ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે, અને ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) આદેશ, 2015 હેઠળ લાઇસન્સ પ્રાપ્ત અને નિયમન પામેલા છે.

[7] નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન


[8] ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) ઓર્ડર, 2015 ની કલમ 3, પરિશિષ્ટ-I સાથે વાંચવામાં આવે છે.

[9] 2011 ની વસ્તી ગણતરી મુજબ.

સમાવેશ છે. વર્ષ 2016-17 માં આ કાયદાના અમલીકરણ પછી, રાજ્ય સરકારે 6.04 કરોડની કુલ વસ્તીમાંથી 3.83 કરોડ[10] લાભાર્થીઓની ઓળખ કરી હતી, કે જેઓ માર્ચ 2017 સુધીમાં NFSA હેઠળ પાત્ર હતા.

ગુજરાત સરકારના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ (વિભાગ) દ્વારા રાજ્યમાં PDSનું અમલીકરણ થાય છે. વર્ષ 2016-23 દરમિયાન, રાજ્યમાં ખાદ્યાન્નની ખરીદી અને વિતરણ ઉપર ₹59,580 કરોડનો ખર્ચ થયો હતો. આ વલણ નીચે **ચાર્ટ 2**માં દર્શાવેલ છે.

**ચાર્ટ 2: ગુજરાતમાં PDS હેઠળ ખાદ્યાન્ન વિતરણનો ખર્ચ (₹ કરોડમાં)**




### *2.1.4* ખાદ્ય સુરક્ષામાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (*SDGs*) હાંસલ કરવાની સિદ્ધિ

વર્ષ 2030 સુધીમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા અને ભારત બંને દ્વારા અપનાવવામાં આવેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ-02 (SDG-02) માં એક લક્ષ્ય ભૂખમરો નાબૂદ કરવાનો અને ખાસ કરીને ગરીબ અને શિશુઓ સહિત નબળી પરિસ્થિતિઓમાં રહેલા લોકો માટે વર્ષભર સલામત, પૌષ્ટિક અને પર્યાપ્ત ખોરાકની ખાતરી આપવાનો છે.

NITI[11] આયોગેવર્ષ 2018 માં ભારત અને રાજ્યો માટે SDG સૂચકાંક બહાર પાડ્યો હતો. આ સૂચકાંક પસંદગીની કામગીરી સૂચકાંકો પર રાજ્યોની તુલનાત્મક સ્થિતિ દર્શાવે છે. સ્કોરના આધારે, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર શ્રેણીમાં[12] વર્ગીકૃત કરવામાં આવ્યા હતા: અચિવર, ફ્રન્ટ રનર, પરફોર્મર અને એસ્પિરન્ટ. NITI આયોગ દ્વારા SDG-02 સાથે મેપ કરેલા વિવિધ કાર્યક્રમોમાંથી PDS એક છે.

રાષ્ટ્રીય પ્રગતિની સરખામણીમાં ગુજરાત રાજ્ય દ્વારા થયેલી, ખાસ કરીને ખાદ્ય સુરક્ષા સાથે સંકળાયેલ SDG-02 પરની પ્રગતિ, **કોષ્ટક-1** માં નીચે દર્શાવેલ છે.

10 2.80 કરોડ ગ્રામ્ય લાભાર્થીઓ + 1.02 કરોડ શહેરી લાભાર્થીઓ + 0.01 કરોડ અન્ય. આ 3.83 કરોડ ગ્રામ્ય લાભાર્થીઓમાં 8.13 લાખ AAY પરિવારો છે, જે 0.42 કરોડ લાભાર્થીઓ આવરે છે.

11 ભારત પરિવર્તન માટેની રાષ્ટ્રીય સંસ્થા/National Institution for Transforming India.

12 (i) અચિવર: ઇન્ડેક્ષ સ્કોર 100; (ii) ફ્રન્ટ રનર: ઇન્ડેક્ષ સ્કોર 65 અને 99 વચ્ચે; (iii) , પરફોર્મર: ઇન્ડેક્ષ સ્કોર 50 અને 64 ની વચ્ચે; અને (iv) એસ્પિરન્ટ: ઇન્ડેક્ષ સ્કોર 0 અને 49 ની વચ્ચે.

**કોષ્ટક 1: રાષ્ટ્રીય પ્રગતિની સરખામણીમાં ગુજરાત રાજ્ય દ્વારા SDG-02 પરની પ્રગતિ**

| સમયગાળો[13] | સૂચકાંક સ્કોર | | રાજ્યોમાં ગુજરાતનો ક્રમ |
|---|---|---|---|
| | ભારત | ગુજરાત | |
| 2018 | 48 | 49 | 20 |
| 2019-20 | 35 | 39 | 15 |
| 2020-21 | 47 | 46 | 18 |
| 2023-24 | 52 | 41 | 25 |

(સ્રોત: નીતિ આયોગના SDG ભારતિય સુચકાંક અહેવાલો)

**કોષ્ટક 1** દર્શાવે છે કે ગુજરાત, 39 થી 49 વચ્ચેના સુચકાંક સ્કોર સાથે, વર્ષ 2018થી 2024 સુધી 'એસ્પિરન્ટ' રહ્યું. જો કે આ ગાળામાં, ગુજરાતનું રેન્કિંગ વર્ષ 2018માં 20મા સ્થાનથી વર્ષ 2024માં 25મા સ્થાન સુધી ઘટી ગયું હતું.

### *2.1.5 સંસ્થાગત માળખું*

PDS ના વહીવટ માટેનું કેન્દ્ર અને રાજ્ય સ્તરનું સંસ્થાગત માળખું નીચે મુજબ છે.

### રાષ્ટ્રીય સ્તર

રાષ્ટ્રીય સ્તરે, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય હેઠળ ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ, PDS માટે નોડલ વિભાગ છે.

### રાજ્ય સ્તર

રાજ્યની પ્રશાસકીય રચનામાં, ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના સચિવ વિભાગના વડા છે. નિયામક, ખાદ્ય અને નાગરિક પુરવઠા, સચિવને રિપોર્ટ કરે છે અને PDSના અમલીકરણની દેખરેખ રાખે છે. આ જવાબદારીઓ સંભાળવા માટે, નિયામકને એક સંયુક્ત નિયામક અને પાંચ ઉપ નિયામકોની ટીમ મદદરૂપ બને છે.

### ફિલ્ડ સ્તર

જીલ્લા કક્ષાએ, અમદાવાદ[14] શહેર સિવાય, જીલ્લા પુરવઠા અધિકારી (DSO) PDSની બાબતોનું ધ્યાન રાખે છે. તાલુકા સ્તરે, નાયબ મામલતદાર (પુરવઠા) ની સહાયથી તાલુકાના મામલતદાર[15] PDSના એકંદર તાલુકા-કેન્દ્રિત અમલીકરણ માટે જવાબદાર છે. ગ્રામ્ય કક્ષાએ, વાજબી ભાવની દુકાનો દ્વારા PDS અંતર્ગત ચીજવસ્તુઓનું વિતરણ થાય છે.

### રાજ્ય સ્તરના અન્ય હિસ્સેદારો

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ (GSCSCL), જે સપ્ટેમ્બર 1980 માં સ્થાપિત અને ગાંધીનગરમાં મુખ્યમથક ધરાવતી એક રાજ્ય સરકારની સંપૂર્ણ માલિકીની કંપની છે. જે FCI ના ગોદામમાંથી ખાધાન્ન તેના પોતાના સંગ્રહ સુવિધાઓ સુધી, PDS હેઠળ અન્ય આવશ્યક વસ્તુઓ ખરીદી, તેમનો સંગ્રહ અને રાજ્યભરમાં FPSs સુધી પહોંચાડવા માટે જવાબદાર છે.

13 વર્ષ 2018 અને 2024 વચ્ચે, નીતિ આયોગે માત્ર ચાર SDG ઇન્ડિયા ઇન્ડેક્સ પ્રકાશિત કર્યા.

14 અમદાવાદ શહેર માટે, ખાદ્ય નીયંત્રક PDS માટે જવાબદાર છે.

15 મામલતદાર કે જે જમીન મહેસૂલ સંહિતાની કલમ 12 હેઠળ રાજય સરકાર દ્વારા નિયુક્ત કરેલ છે જે સરેરાશ 50 કે વધુ જૂથ ધરાવતા ગામો ના મહેસુલ વહીવટના વડા છે. કલેકટર કે જે જીલ્લાના વડા છે, તે જ રીતે મામલતદાર તાલુકા ના વડા છે.

NFSA ની જોગવાઈઓ હેઠળ, રાજ્ય સરકારે (માર્ચ 2017) ગુજરાત રાજ્ય ખાદ્ય આયોગ (GSFC) ની રચના કરી હતી જે (i) કાયદાના અસરકારક અમલીકરણ પર દેખરેખ, મૂલ્યાંકન અને રાજ્ય સરકારને સલાહ આપે છે, (ii) લાભાર્થીઓના હકના ઉલ્લંઘનના કેસોની તપાસ કરે છે, (iii) જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીના આદેશો સામે અપીલ સાંભળે છે, વગેરે.

### *2.1.6 ઓડિટનાં ઉદ્દેશ્યો*

કામગીરી ઓડિટના ઉદ્દેશો મૂલ્યાંકન કરવાના હતા જેવા કે:

- લાભાર્થીઓની ઓળખ અને વ્યાપ યોગ્ય હતો;
- ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓની ફાળવણી, પુરવઠા, સંગ્રહ અને વિતરણની વ્યવસ્થા કાર્યક્ષમ હતી; અને
- PDSના અમલીકરણ માટે નિરીક્ષણ અને દેખરેખ વ્યવસ્થા અસરકારક હતી.

### *2.1.7 ઓડિટનાં માપદંડો*

કામગીરી ઓડિટ માટે નીચેના ઓડિટ માપદંડો અપનાવવામાં આવ્યા હતા :

- રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013 અને તે હેઠળ GoI દ્વારા સમયાંતરે જારી કરાયેલા નિયમો અને સૂચનાઓ;
- ભારત સરકારના ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) ઓર્ડર, 2015 અને કાર્યક્રમના અમલીકરણ માટે રાજ્ય સરકારના ઠરાવો;
- PDS હેઠળ લાભાર્થીઓની ઓળખ, રેશનકાર્ડ જારી કરવા, અનાજ અને અન્ય ચીજવસ્તુઓની ફાળવણી, ખરીદી, ઉપાડ અને વિતરણ માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા/માપદંડ;
- વાર્ષિક અહેવાલો અને રાજ્યના PDS પોર્ટલ પર ઉપલબ્ધ ડેટા/માહિતી; અને
- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDGs)

### *2.1.8 ઓડિટનો અવકાશ અને કાર્યપદ્ધતિ*

કામગીરી ઓડિટ બે ભાગમાં હાથ ધરવામાં આવ્યું હતું : પ્રથમ જુલાઈ 2020 થી ડીસેમ્બર 2021, અને બીજો ડીસેમ્બર 2023 જાન્યુઆરી 2024. ઓડિટ દરમિયાન, NFSAના અમલીકરણને ધ્યાનમાં રાખીને, વર્ષ 2015-16 થી વર્ષ 2022-23 ના સમયગાળા માટે રાજ્યમાં PDS ની કામગીરીની તપાસ કરવામાં આવી હતી.

નીચે દર્શાવ્યા પ્રમાણે, કામગીરી ઓડિટમાં ટોચના અને અમલીકરણ એકમ સ્તરે રેકોર્ડની નમૂનારૂપ-તપાસનો સમાવેશ થતો હતો:

#### ટોચના એકમો

(i) સચિવ, ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ;

(ii) ખાદ્ય અને નાગરિક પુરવઠા નિયામકમંડળ;

(iii) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ; અને

(iv) ગુજરાત રાજ્ય ખાદ્ય પંચ.

### *અમલીકરણ એકમો*

(i) જીલ્લા પુરવઠા અધિકારીઓની 33 માંથી આઠ કચેરીઓ;

(ii) ગ્રામીણ વિસ્તારોમાં (તાલુકા સ્તરે) 13 નાયબ મામલતદારો (પુરવઠા) અને શહેરી વિસ્તારોમાં (ઝોનલ ઓફિસ સ્તરે) આઠ ઝોનલ અધિકારીઓની કચેરીઓ. આમ, આઠ જિલ્લાઓમાંથી કુલ 86 નાયબ મામલતદારો (પુરવઠા)/ઝોનલ કચેરીઓમાંથી 21 કચેરીઓની પસંદગી કરવામાં આવી.

(iii) વાજબી ભાવની 63 દુકાનો (પસંદ કરેલ 21 તાલુકા/ ઝોનલ ઓફીસોમાંથી દરેકમાં ત્રણ) નો સર્વે કરવામાં આવ્યો; અને

(iv) સંગ્રહ સુવિધાઓ, સુરક્ષા વ્યવસ્થા અને ગોદામોની એકંદર કામગીરીની પર્યાપ્તતા ચકાસવા માટે તાલુકા સ્તરે 19 ગોદામોનું નિરીક્ષણ.

પસંદ કરાયેલ એકમોની વિગતો **પરિશિષ્ટ-VI** માં દર્શાવેલ છે.

એક પ્રારંભિક બેઠક 9 એપ્રિલ 2021 ના રોજ યોજાઈ હતી જેમાં ખાદ્ય અને નાગરિક પુરવઠા નિયામકને ઓડિટ ઉદ્દેશ્યો, ઓડિટ અવકાશ અને પદ્ધતિ સમજાવવામાં આવી હતી. 06 મે 2022 ના રોજ ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના સચિવ સાથે એક સમાપન બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન, ઓડિટ તારણો, નિષ્કર્ષ અને ઓડિટ ભલામણોની ચર્ચા કરવામાં આવી. રાજ્ય સરકારના પ્રતિનિધિઓ દ્વારા સમાપન બેઠક દરમિયાન આપવામાં આવેલી ટિપ્પણીઓને રિપોર્ટમાં યોગ્ય સ્થળોએ યોગ્ય રીતે સમાવિષ્ટ કરવામાં આવી છે.

મે 2024 માં રાજ્ય સરકારને ડ્રાફ્ટ ઓડિટ રિપોર્ટ જારી કરવામાં આવ્યો હતો; જાન્યુઆરી 2025 સુધી તેમના જવાબની રાહ જોવાઈ રહી હતી.

### *2.1.9 સ્વીકૃતિ*

આ કામગીરી ઓડિટ દરમિયાન ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય ખાદ્ય આયોગ અને અન્ય ક્ષેત્રીય કચેરીઓ/એકમો દ્વારા આપવામાં આવેલા સહકાર અને સહાયનો ઓડિટ સ્વીકાર કરે છે.


## *ઓડિટ અવલોકનો*

### *2.1.10 લાભાર્થીઓની ઓળખ અને વ્યાપ*

#### *2.1.10.1 NFSA હેઠળ લાભાર્થીઓની ઓળખ અને વ્યાપ*

નીચે આપેલ **ચાર્ટ 3** NFSA હેઠળ લાભાર્થીઓ (AAY HHs અને PHHs) ની ઓળખ અને વ્યાપનું માળખું દર્શાવે છે:

**ચાર્ટ 3: NFSA હેઠળ લાભાર્થીઓની ઓળખ અને વ્યાપ**




**(સ્રોત: ટાર્ગેટેડ PDS કન્ટ્રોલ ઓર્ડર, 2015)**

### *2.1.10.2 લાભાર્થીઓનો વ્યાપ*

રાજ્ય સરકાર લાભાર્થીઓની ઓળખ કરવા અને NFSA હેઠળ તેમના સમાવેશને સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. વર્ષ 2015 થી 2023 દરમિયાન NFSA હેઠળ નિર્ધારિત લક્ષ્યોની સરખામણીમાં લાભાર્થીઓ (AAY HHs અને PHHs) ના વ્યાપની સ્થિતિ, , નીચે **કોષ્ટક 2** માં રજૂ કરવામાં આવી છે:

**કોષ્ટક 2: NFSA હેઠળ નિર્ધારિત લક્ષ્યોની સરખામણીમાં કુલ વ્યાપ (શહેરી અને ગ્રામીણ વસ્તી)**

(આંકડાઓ લાખમાં)

| સમયગાળો | શહેરી | | ગ્રામ્ય | | અન્ય[16] | કુલ | | નિર્ધારિત મર્યાદા સુધી આવરણની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| | NFSA હેઠળ નિર્ધારિત મર્યાદા | વાસ્તવિક આવરણ (ટકાવારી) | NFSA હેઠળ નિર્ધારિત મર્યાદા | વાસ્તવિક આવરણ (ટકાવારી) | વાસ્તવિક આવરણ | NFSA હેઠળ નિર્ધારિત મર્યાદા | વાસ્તવિક આવરણ | |
| 2015-16 | કોઈ મર્યાદા નક્કી કરેલ નથી. | 220.83 | કોઈ મર્યાદા નક્કી કરેલ નથી. | 290.73 | 90.42 | કોઈ મર્યાદા નક્કી કરેલ નથી. | 601.98 | કોઈ મર્યાદા નક્કી કરેલ નથી. |
| 2016-17[17] | 124.06 | 102.19 (82) | 258.78 | 280.15 (108) | 0.60 | 382.84 | 382.94 | 100 |
| 2017-18 | 124.06 | 101.36 (82) | 258.78 | 276.42 (107) | 0.30 | 382.84 | 378.08 | 99 |
| 2018-19 | 124.06 | 88.23 (71) | 258.78 | 243.18 (94) | 0.08 | 382.84 | 331.49 | 87 |
| 2019-20 | 124.06 | 86.37 (70) | 258.78 | 237.73 (92) | 0.06 | 382.84 | 324.16 | 85 |
| 2020-21 | 124.06 | 93.56 (75) | 258.78 | 253.29 (98) | 0.05 | 382.84 | 346.90 | 91 |
| 2021-22 | 124.06 | 93.51 (75) | 258.78 | 253.70 (98) | 0.08 | 382.84 | 347.29 | 91 |
| 2022-23 | 124.06 | 91.32 (74) | 258.78 | 257.49 (100) | 0.04 | 382.84 | 348.85 | 91 |
| 2023-24 (12/2023 સુધી) | 124.06 | 92.91 (75) | 258.78 | 261.71 (101) | 0.01 | 382.84 | 354.63 | 93 |

**(સ્રોત: ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) આદેશ અને PDS પોર્ટલ પ્રમાણે લાભાર્થીઓનો વ્યાપ કે જે વિભાગ દ્વારા પુષ્ટિ કરાયેલ છે)**

[16] આ HHs ન તો શહેરી કે ગ્રામ્ય વિસ્તાર તરીકે વર્ગીકૃત કરેલ છે.

[17] ગુજરાતમાં NFSA એપ્રિલ 2016 થી અમલમાં છે.

**કોષ્ટક 2** દર્શાવે છે કે ડિસેમ્બર 2023 સુધીમાં, 3.55 કરોડ લોકોને લાભ મળ્યો હતો, જે NFSA હેઠળ નિર્ધારિત 3.83 કરોડની લક્ષ્યાંકિત વસ્તીના 93 *ટકા* છે. શહેરી વિસ્તારોમાં 75 *ટકા* જેટલો ઓછો વ્યાપ હતો, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં લક્ષ્યાંક કરતા વધુ, એટલે કે 101 *ટકા*નો વ્યાપ હતો.

વર્ષ 2016-17માં લાભાર્થીઓની સંખ્યા 382.94 લાખથી ધીમે ધીમે ઘટીને વર્ષ 2019-20માં 324.16 લાખ થઇ હતી, જેનું પ્રાથમિક કારણ રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2018-19થી શરૂ કરાયેલ આધાર આધારિત બાયોમેટ્રિક પ્રમાણીકરણ છે. પરંતુ, વર્ષ 2020-21માં વ્યાપમાં અચાનક વધારો થયો હતો, વર્ષ 2019-20ના 85 *ટકા*થી વધીને 91 *ટકા* થયો. આ PHH લાભાર્થીઓ માટે પાત્રતા માપદંડમાં આંશિક ફેરફારને આભારી હતું. વધુમાં, માર્ચ 2023 માં આવકના માપદંડમાં સુધારાને કારણે વ્યાપમાં વધુ વધારો થયો, જે ડિસેમ્બર 2023 સુધીમાં 93 *ટકા* સુધી પહોંચ્યો. આની ચર્ચા નીચે મુજબ છે.

- **વાહનો ધરાવતા PHHs ને બાકાત રાખવા**: રાજ્ય સરકાર દ્વારા (જુલાઈ 2014) ગ્રામીણ વિસ્તારોમાં NFSA હેઠળ યાંત્રિક રીતે ચલિત વાહનો (ત્રણ અને ચાર-પૈડાવાળા) અથવા માછલી પકડવા માટેની હોડીઓ ધરાવતા PHHsને તેમની આવકને ધ્યાનમાં લીધા વિના બહાર રાખવામાં આવ્યા હતા. તેથી, ઓટો-રિક્ષા, ટેક્સી અથવા એન્જિનથી ચલાવાતી બોટ ધરાવતા પરિવારોને NFSA હેઠળના લાભ મળ્યા નહતા. પરંતુ, રાજ્ય સરકારે આ માપદંડમાં ઓક્ટોબર 2020માં આંશિક ફેરફાર કર્યો અને એન્જિનથી ચલાવાતા ત્રણ-વ્હીલર્સ ધરાવતા પરિવારોનો સમાવેશ કર્યો.
- **આવકના માપદંડની વિસંગતતા** : શહેરી વિસ્તારોમાં, રહેઠાણની અસુરક્ષા[18] ધરાવતા પરિવારો NFSA હેઠળ PHH લાભાર્થી તરીકે પાત્ર છે. વધુમાં, ગ્રામ્ય વિસ્તારોમાં PHH માટે આવક મર્યાદા ₹ 10,000 પ્રતિ માસ નક્કી કરવામાં આવી હતી; પરંતુ શહેરી વિસ્તારો માટે કોઈ આવક માપદંડ સ્થાપિત કરવામાં આવેલ ન હતું. આથી શહેરી વિસ્તારોમાં દૈનિક વેતન મેળવનારા, નાના કારીગરો અને સ્વરોજગારી ધરાવતા વ્યક્તિઓ વગેરે જેવા પરિવારોને અપ્રમાણસર અસર થઈ, જેમની પાસે ઘરો હોવા છતાં, ઘણીવાર ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે પૂરતી આવક નહોતી. જોકે, રાજ્ય સરકારે માર્ચ 2023 માં આવકના માપદંડમાં સુધારો કરીને ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં દર મહિને ₹ 15,000 ની સમાન આવક મર્યાદા રાખવામાં આવી.

### *2.1.10.3 આવકના ડેટામાં ભૂલો અને અયોગ્ય લાભાર્થીઓનો સમાવેશ*

જુલાઈ 2014 માં, રાજ્ય સરકારે NFSA હેઠળ PHH લાભાર્થીઓને ઓળખવા માટે માપદંડો સ્થાપિત કર્યા, જે ઓક્ટોબર 2020 અને માર્ચ 2023 માં આંશિક રીતે સુધારવામાં આવ્યા હતા. આ માપદંડો અનુસાર, દરેક HHs ને PHHs તરીકે વર્ગીકૃત કરવાના હતા, સિવાય કે જેમની માસિક આવક ₹ 15,000 અથવા ₹ 1.80 લાખ વાર્ષિક થી વધુ હોય.

ઓડિટમાં વર્ષ 2016-23 ના સમયગાળા માટે આઠ પસંદગીના જિલ્લાઓ **(પરિશિષ્ટ-VI)** માં વિભાગ દ્વારા પૂરા પાડવામાં આવેલા લાભાર્થીઓના આવક ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું. તારણો **કોષ્ટક 3** માં સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવ્યા છે

18 આવાસની અસુરક્ષા : તે ઘર પરિવારો કે જેમની પાસે ક્યાં તો ઘર નથી અથવા જેઓના ઘરના દીવાલો અને છાપરા પ્લાસ્ટિક અથવા પોલિથીનના છે, દીવાલો ઘાસ,વાંસ, છાણ, માટીની ઈંટ કે લાકડાની દિવાલ છે અને એક ઓરડો કે આવાસ કરતાં ઓછું હોય તેવા ઘાસના પરાળ, વાંસના છાણ કે લાકડાની છત ધરાવતા આવાસ.

**કોષ્ટક 3: ડિસેમ્બર 2023ના અંતે પસંદ કરેલ આઠ જિલ્લાઓમાં NFSA હેઠળ PHH લાભાર્થીઓના આવકની સ્થિતિ**

| વિગતો | સંખ્યા | ટકા |
|---|---|---|
| NFSA હેઠળ જારી કરવામાં આવેલ રેશન કાર્ડ ની કુલ સંખ્યા | 22,26,070 | 100 |
| અપૂર્ણ અથવા અમાન્ય આર્થિક વિગતો સાથેના રેશન કાર્ડ (સભ્યોની વાર્ષિક આવક ₹ 0, 1, 2, …. થી ₹ 1,000 દર્શાવવામાં આવી છે) | 10,35,831 | 46.53 |
| ઓછામાં ઓછા એક સભ્ય ની વાર્ષિક આવક ₹ 1.8 લાખ થી વધીને ₹ 5 લાખ સુધીની હોય તેવા રેશન કાર્ડ. | 9,429 | 0.42 |
| ઓછામાં ઓછા એક સભ્યની વાર્ષિક આવક ₹ 5 લાખથી વધુ હોય તેવા રેસન કાર્ડ. | 2,453 | 0.11 |
| નિર્ધારિત કરેલ આવક મર્યાદા પ્રમાણેના રેશન કાર્ડ | 11,78,357 | 52.93 |

(સ્રોત: વિભાગ દ્વારા પૂરી પડાયેલ માહિતી)

વિશ્લેષણમાંથી જાણવા મળ્યું કે અંદાજે 53 *ટકા* રેશન કાર્ડમાં લાભાર્થીઓની આવક NFSAએ હેઠળ PHHs માટે નિર્ધારિત કરેલ મર્યાદા હેઠળ આવી રહી હતી. જોકે, 47*ટકા* કેસોમાં, આવકની માહિતી યા  તો અમાન્ય હતી અથવા એવું દર્શાવવામાં આવ્યું હતું કે ઓછામાં ઓછા એક સભ્યની આવક દર મહિને ₹ 15,000 ની મર્યાદા કરતાં વધી ગઈ હતી. આનાથી લાયક લાભાર્થીઓની સચોટ ઓળખ સુનિશ્ચિત કરવા માટે આવકની માહિતીની વધુ ચકાસણી અને માન્યતાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવે છે.

### *2.1.10.4 NFSA માં પરિકલ્પિત સુધારાઓનો અમલ*

NFSA, 2013ની કલમ 12 અને ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) ઓર્ડર, 2015ને જોડીને PDSમાં મહત્વપૂર્ણ સુધારા ફરજિયાત બનાવે છે, જેમાં અન્ય બાબતોની સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર બન્નેએ ખોટા રેશન કાર્ડ્સ દૂર કરવા અને મહિલાઓને પરિવારના વડા તરીકે નિયુક્ત કરવા વગેરે જેવા પગલા અમલમાં મૂકવાની આવશ્યકતા છે.

### *2.1.10.5 ખોટા રેશન કાર્ડ્સને દૂર કરવા નિયમિત કવાયતનો અભાવ*

રાજ્ય સરકારે NFSA હેઠળ PHH લાભાર્થીઓ માટે પાત્રતાના માપદંડો સ્થાપિત કર્યા છે. આ માપદંડો કુટુંબની વાર્ષિક આવક, વ્યવસાય, સામાજિક અને રહેણાંક અસુવિધા જેવા પરિબળો પર આધારિત છે. તે ઉપરાંત, ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) ઓર્ડર, 2015ની કલમ 4 રાજ્ય સરકારોને દરેક નાણાકીય વર્ષના અંત પહેલા ખોટા અથવા અયોગ્ય રેશન કાર્ડ્સને દૂર કરવા માટે વાર્ષિક વિશેષ અભિયાન કરવા સક્રિય રીતે કાર્ય કરવું ફરજિયાત બનાવે છે.

ઓડિટે નોંધ્યું કે રાજ્ય સરકારે વર્ષ 2016 થી 2023 દરમિયાન, અયોગ્ય રેશન કાર્ડ્સને દૂર કરવા આવા કોઈ વિશેષ અભિયાન કર્યા ન હતાં, જ્યાં લાભાર્થીઓ કુટુંબની આવક, વ્યવસાય, સામાજિક અથવા રહેણાંક સુરક્ષામાં સુધારો થતા અયોગ્ય બન્યા હતા, સિવાય કે વર્ષ 2018-19 ના વર્ષમાં, જ્યારે આધાર આધારિત બાયોમેટ્રિક ઓથન્ટિકેશન રજૂ[19] કરવામાં આવ્યું હતું. વર્ષ 2018-19માં જયારે આધાર આધારિત બાયોમેટ્રિક ઓથન્ટિકેશનની રજૂઆતને પરિણામે, 6.06 લાખ ખોટા અથવા અનિયમિત રેશન કાર્ડ્સ દૂર કરવામાં આવ્યા, જે 48.67 લાખની વસ્તીને પ્રભાવિત કરે છે. પરિણામે, લાભાર્થીઓને ખાદ્યાન્નના વાર્ષિક વિતરણમાં 5.41 *ટકા*નો ઘટાડો થયો, જે વર્ષ 2017-18માં 21.08 લાખ મેટ્રિક ટન (MT) થી ઘટીને વર્ષ 2018-19માં 19.94 લાખ MT થયું. એપ્રિલ

[19] લાભાર્થીઓ માટે આધાર આધારિત બાયોમેટ્રિક પ્રમાણીકરણ માર્ચ 2018 થી ચાલું થઈ હતી.

2016 થી ફેબ્રુઆરી 2018ના સમયગાળા દરમિયાન, લગભગ 5.15 લાખ MT[20] ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓ આ ખોટા અથવા આયોગ્ય રેશન કાર્ડ્સ હેઠળ 23 મહિના સુધી વિતરિત કરવામાં આવ્યા.

વિભાગે (મે 2024માં) જણાવ્યું કે NFSA લાભાર્થીઓ કે જેઓએ હજુ સુધી આધાર માટે નોંધણી કરાવી નથી તેમને વિભાગની 02 ફેબ્રુઆરી 2024ની સૂચના અનુસાર 31 માર્ચ 2024 સુધીમાં નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત, ઓક્ટોબર 2020માં દરેક જિલ્લા કલેક્ટરોને આવક અને અન્ય પાત્રતા માપદંડોની ચકાસણી કરવા, સિસ્ટમમાં લાભાર્થીની માહિતીનો સર્વેક્ષણ કરવા અને NFSA યાદીમાંથી અયોગ્ય HHsને દૂર કરવા માટે વિશદ સૂચનાઓ આપવામાં આવી હતી, જેથી ફક્ત સાચા લાભાર્થીઓ સુધી જ લાભ પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય.

### *2.1.11 રાજ્યમાં NFSAનું અમલીકરણ*

ગુજરાત રાજ્યમાં, NFSA, 05 જુલાઈ 2013ની અસરકારક તારીખના એક વર્ષ બાદ, એટલે કે 04 જુલાઈ 2014[21] થી અમલમાં મૂકવામાં આવવાની અપેક્ષા રાખવામાં આવી હતી. જો કે, તે અંતે 01 એપ્રિલ 2016થી અમલમાં મુકાયો, જે જરૂરી એક વર્ષના માન્ય સમયગાળાથી લગભગ 21 મહિનાનો વિલંબ થયો.

#### *2.1.11.1 NFSAના અમલીકરણની અસર*

રાજ્યમાં NFSAના અમલમાં વિલંબની અસરનું મૂલ્યાંકન કરવા માટે, ઓડિટ દ્વારા 3.83 કરોડ લાભાર્થીઓને વિતરિત કરાયેલા ખાદ્યાન્નની વાસ્તવિક જથ્થા અને NFSA (2016-17) પછી તેમના દ્વારા કરાયેલા સંબંધિત ખર્ચને NFSA પહેલા (વર્ષ 2015-16) આ જ સંખ્યામાં લાભાર્થીઓ માટે પ્રદાન કરાયેલી અનુમાનિત ખાદ્યાન્નની માત્રાઓ અને સંબંધિત ખર્ચ સાથે તુલના કરી. આ તુલનાના પરિણામો **કોષ્ટક 4**માં રજૂ કરવામાં આવ્યા છે.

**કોષ્ટક 4: NFSAના અમલીકરણ પૂર્વ અને અમલીકરણ બાદના વર્ષોમાં લક્ષ્યાંકિત લાભાર્થીઓને વિતરિત કરાયેલા ખાદ્યાન્ન અને તેમના દ્વારા વહન કરાયેલ ખર્ચ**

| સમયગાળો | TPDS હેઠળ આવરી લીધેલ વસ્તી (કરોડ) | વિતરીત કુલ અનાજ (લાખ MT) | માથાદીઠ માસિક વિતરણ (કિલો) | લાભાર્થીઓ પાસેથી વસુલ કરેલ રકમ (₹ કરોડ) | લાભાર્થી દીઠ સરેરાશ ખર્ચ (₹ કિલો દીઠ) |
|---|---|---|---|---|---|
| 2015-16 (NFSA પૂર્વે) | 3.83 (અંદાજીત) | 17.30[22] (અંદાજીત) | 3.76[23] (અંદાજીત સરેરાશ) | 860.40[24] (અંદાજીત) | 4.97[25] (અંદાજીત) |

[20] 44.09 લાખ (PHH વસ્તી) × 5 કિલો × 23મહિના + 10,324 (AAY કુટુંબો) × પ્રત્યેક કુટુંબ દીઠ 35 કિલો × 23 મહિના = 5.15 લાખ મેટ્રિક ટન. વસ્તીના આંકડા વિભાગ દ્વારા નિભાવવામાં આવેલ માસિક અનાજની ફાળવણી રેકર્ડ પરથી મેળવેલ છે.

[21] NFSAએ રાજ્ય સરકારોને માપદંડો ઘડવા અને પાત્ર HHsની ઓળખ કરવા માટે એક વર્ષનો સમય આપ્યો હતો.

[22] NFSAએ પૂર્વેના (2015-16) સમયગાળાના જેમાં AAY, BPL અને APL પરિવારોનો સમાવેશ થાય છે, અનુમાનિત 3.83 કરોડ લાભાર્થીઓના હક્કો અનુસાર ગણતરી કરવામાં આવી છે.

[23] 3.83 કરોડ લાભાર્થીઓને વહેંચવામાં આવેલ અનુમાનિત ખાદ્યાન્ન = 17.30 લાખ MT. માટે, પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ વહેંચણી = 17.30 લાખ MT ÷ (3.83 કરોડ × 12 મહિના) = 3.76 કિલો.

[24] AAY, BPL અને APL લાભાર્થીઓ ને NFSAએ પૂર્વેના (2015-16) સમયગાળાના દરે વહેંચવામાં આવેલ ખાદ્યાન્ન એટલે કે એક કિલો ઘઉં અને ચોખા ના ₹ 2 ને બદલે ₹ 10.10

[25] વહેંચણી ની અંદાજીત કિંમત = ₹ 860.40 કરોડ, વહેંચણીનો અંદાજીત જથ્થો = 17.30 લાખ MT. માટે, લાભાર્થી ઓને અંદાજીત કિંમત = ₹ 860.40 કરોડ ÷ 17.30 લાખ MT = ₹ 4.97 કિલો દીઠ.

| સમયગાળો | TPDS હેઠળ આવરી લીધેલ વસ્તી (કરોડ) | વિતરીત કુલ અનાજ (લાખ MT) | માથાદીઠ માસિક વિતરણ (કિલો) | લાભાર્થીઓ પાસેથી વસુલ કરેલ રકમ (₹ કરોડ) | લાભાર્થી દીઠ સરેરાશ ખર્ચ (₹ કિલો દીઠ) |
|---|---|---|---|---|---|
| 2016-17 (NFSA બાદ) | 3.83 (વાસ્તવિક) | 20.69 (વાસ્તવિક) | 5 (વાસ્તવિક PHHs[26] માટે) | 460.49 (વાસ્તવિક) | 2.23 (વાસ્તવિક) |
| NFSA પછી ના બદલાવ | Nil | (+) 3.39 | (+) 1.24 | (-) 399.91 | (-) 2.74 |

(સ્રોત: વિભાગ દ્વારા પૂરો પડાયેલ માસિક વિતરીત રેકર્ડ)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે :

- NFSAના અમલીકરણના પરિણામે NFSA પૂર્વેના સમયગાળામાં અંદાજીત વિતરણની તુલનામાં ખાદ્યાન્નના વાસ્તવિક વિતરણમાં નોંધપાત્ર વધારો થયો.
- પ્રતિ વ્યક્તિ માસિક વિતરણમાં પણ સુધારો થયો છે, ખાસ કરીને PHH લાભાર્થીઓ માટે, જેમણે NFSA હેઠળ દર મહિને 5 કિલો ખાદ્યાન્ન મેળવ્યું હતું.
- NFSA પછીના સમયગાળામાં લાભાર્થીઓ માટે ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જે લાભાર્થીઓના આર્થિક ભારને ઘટાડવા તરફ સંકેત આપે છે.
- લાભાર્થીઓ માટે પ્રતિ કિલો ખાદ્યાન્નના સરેરાશ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જેના કારણે તેમને ખાદ્યાન્ન વધુ પરવડે એવું બન્યું.

એકંદરે, રાજ્યમાં NFSAની અમલીકરણના પરિણામે લાભાર્થીઓને ઓછા ખર્ચે ખાદ્યાન્નનો વધુ જથ્થો મળ્યો, જે ખાદ્ય સુરક્ષા અને પોષણક્ષમતામાં સકારાત્મક અસર દર્શાવે છે.

સમાપન બેઠક (મે 2022) દરમિયાન, સચિવ, ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગે વિલંબને, PDSને એક સિસ્ટમમાંથી બીજી સિસ્ટમમાં જવાની જટિલ પ્રક્રિયાને કારણભૂત ગણાવી હતી, જેમાં NFSA હેઠળ 3.83 કરોડ લાભાર્થીઓના સમાવેશ માટે માપદંડો સુનિશ્ચિત કરવા સહિત વ્યાપક વિચારણાની જરૂર હતી. સચિવે વધુમાં જણાવ્યું હતું કે GoI માંથી પ્રાપ્ત થયેલ સામાજિક આર્થિક અને જાતિ જનગણના (SECC) 2011 માહિતીનું વિશ્લેષણ કરવામાં અને ક્ષેત્રિય સર્વે હાથ ધરવામાં લગભગ એક વર્ષનો સમય પસાર થયો હતો.

ઓડિટનો મત છે કે NFSA એ પોતે જ વિવિધ પ્રક્રિયાઓ પૂરી કરવા માટે 12 મહિનાનો સમયમર્યાદા આપી હતી, જેમાં માપદંડોની સ્થાપના અને લાભાર્થીઓની ઓળખનો સમાવેશ થાય છે. તેમ છતાં, રાજ્યએ NFSA અમલીકરણ માટે નિર્ધારિત સમયમર્યાદાથી 21 મહિનાનો વધુ સમય લીધો, જેના કારણે તે સમયગાળા દરમિયાન ઇચ્છિત લાભાર્થીઓ માટે પોષણક્ષમ અનાજની પહોંચ મર્યાદિત રહી. તેનાથી વિપરીત, 11 રાજ્યોએ/UTs[27] સપ્ટેમ્બર 2013 અને માર્ચ 2014 દરમિયાન પાત્ર HHsની ઓળખ પૂર્ણ કરી અને NFSAનું અમલીકરણ કર્યું, જે લક્ષિત જુલાઈ 2014 ની અમલતારીખથી ઘણું આગળ હતું. અન્ય 7 રાજ્યોએ/UTs[28] જૂન 2015 અને ઑક્ટોબર 2015 ની દરમિયાન ઓળખ અને અમલીકરણની પ્રક્રિયા પૂર્ણ કરી.

---

26 NFSA, 2013 ની કલમ 3(1) પ્રમાણે PHHs પ્રતિ માસ પ્રતિ વ્યક્તિ પાંચ કિલો માટે હકદાર છે.

27 હરિયાણા (સપ્ટેમ્બર 2013), રાજસ્થાન, દિલ્હી અને હિમાચલ પ્રદેશ (ઓક્ટોબર 2013), પંજાબ (ડીસેમ્બર 2013), કર્ણાટક અને છત્તીસગઢ (જાન્યુઆરી 2014), મહારાષ્ટ્ર અને ચંડીગઢ (ફેબ્રુઆરી 2014), મધ્ય પ્રદેશ અને બિહાર (માર્ચ 2014).

28 પશ્ચિમ બંગાળ (જુન 2015), લક્ષદ્વીપ (ઓગસ્ટ 2015), ત્રિપુરા અને પોંડીચેરી (સપ્ટેમ્બર 2015), ઉત્તરાખંડ, ઝારખંડ અને તેલંગાણા (ઓક્ટોબર 2015).

## 2.1.12 ખાદ્યાન્નની ફાળવણી, પુરવઠો, સંગ્રહ અને વિતરણ

NFSA હેઠળ, ખાદ્યાન્ન, એટલે કે ઘઉં અને ચોખા, ભારત સરકાર દ્વારા FCI દ્વારા સેન્ટ્રલ ઇશ્યુ પ્રાઈસ પર (CIP[29]) ફાળવવામાં આવે છે અને પૂરા પાડવામાં આવે છે. ગુજરાતમાં ખાદ્યાન્નની ફાળવણી અને પુરવઠો રાજ્યભરમાં 38 સ્થળોએ આવેલા FCI ગોદામમાંથી કરવામાં આવે છે. રાજ્યમાં PDS હેઠળ વિતરણ કરવામાં આવતી અન્ય ચીજવસ્તુઓ જેવી કે ખાંડ, ખાદ્ય તેલ, આયોડિનયુક્ત મીઠું અને કઠોળ, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ (GSCSCL) દ્વારા ખરીદવામાં આવે છે. તમામ ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓનો સંગ્રહ તાલુકા સ્તરે (તાલુકા ગોદામ) સ્થિત રાજ્ય સરકારના ગોદામમાં કરવામાં આવે છે જે GSCSCL ના નિયંત્રણ હેઠળ છે. તાલુકા ગોદામમાંથી માસિક જરૂરિયાતના આધારે ચીજવસ્તુઓ વાજબી કિંમતની દુકાનો (FPS) પર પહોચાડવામાં આવે છે.

PDSના અમલીકરણ સંબંધિત વિવિધ કાર્યોનું સંચાલન, જેમ કે લાભાર્થીઓનું સંચાલન, માલસ્ટોકનું નિયંત્રણ, ગોદામો અને FPSs ની દેખરેખ, રાજ્યના ઓનલાઇન PDS પોર્ટલ મારફતે કરવામાં આવે છે

### *2.1.12.1 તાલુકા ગોદામો અને વાજબી ભાવની દુકાનોમાંથી ખાદ્યાન્નનું લીકેજ*

NFSA, 2013 માં PDS હેઠળ આવરી લેવામાં આવનારા લાભાર્થીઓની સંખ્યાના આધારે દરેક રાજ્ય માટે ખાદ્યાન્નનો નિશ્ચિત ક્વોટા ફાળવવાની જોગવાઈ છે. ગુજરાત રાજ્ય માટે આ 23.95 લાખ MT[30] પ્રતિ વર્ષ હતી.

નીચે આપેલ **કોષ્ટક 5** માં GoI દ્વારા ફાળવવામાં આવેલા ખાદ્ય અનાજની વર્ષવાર વિગતો રજૂ કરવામાં આવી છે, જે રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવેલ છે, તાલુકા ગોડાઉનમાંથી FPS માં આપવામાં આવેલ છે અને 2015-23 ના સમયગાળા દરમિયાન લાભાર્થીઓને વિતરીત કરવામાં આવેલ છે.

---

[29] કેન્દ્રિય વહેંચણી કિંમત (CIP) : ઘઉં માટે ₹ 2 પ્રતિ કિલોગ્રામ અને ચોખા માટે ₹ 3 પ્રતિ કિલોગ્રામ

[30] રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA), 2013 નો શેડ્યુલ્ય-IV.

**કોષ્ટક 5: વર્ષ 2015-23 દરમ્યાન ખાદ્યાન્ન ની ફાળવણી, પુરવઠો અને વિતરણ**

(જથ્થો લાખ MT માં)

| સમયગાળો | GoI દ્વારા ખાદ્યાન્નની ફાળવણી | રાજ્ય સરકાર દ્વારા FCI ગોડાઉનમાંથી ખાદ્યાન્ન ઉપાડીને તાલુકા ગોડાઉનમાં સંગ્રહિત કરવામાં આવ્યું | તાલુકા ગોદામો પરથી ખાદ્યાન્ન FPSs પર આપવું | FPSs દ્વારા ખાદ્યાન્નની લાભાર્થીઓને વિતરણ | | FPS ને જારી કરાયેલ અને વિતરિત કરાયેલ જથ્થા વચ્ચેનો તફાવત |
|---|---|---|---|---|---|---|
| | | | | રાજ્ય સરકારના PDS પોર્ટલ પરથી લીધેલ ડેટા પ્રમાણે ની ખરેખર વિતરણ | રાજ્ય સરકારે વપરાશ પ્રમાણપત્ર (UCs) દ્વારા ખાદ્યાન્નની દર્શાવેલ વિતરણ | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 (4-5) |
| 2015-16 | 22.48 | 21.80 | 20.55 | 19.94 | 20.73 | 0.61 |
| 2016-17 | 21.79 | 21.78 | 21.73 | 20.69 | 21.73 | 1.04 |
| 2017-18 | 23.67 | 22.73 | 22.43 | 21.08 | 22.48 | 1.35 |
| 2018-19 | 23.79 | 20.65 | 20.48 | 19.94 | 20.48 | 0.54 |
| 2019-20 | 23.79 | 19.25 | 19.24 | 19.15 | 19.22 | 0.09 |
| 2020-21[31] | 36.14 | 33.50 | 34.32 | 34.40 | 33.41 | (-)0.08[32] |
| 2021-22 | 40.60 | 39.54 | 39.50 | 38.82 | 38.83 | 0.68 |
| 2022-23 | 36.71 | 36.47 | 35.37 | 36.02 | 36.03 | (-)0.65 |
| **કુલ** | **228.97** | **215.72** | **213.62** | **210.04** | **212.91** | **3.58** |

(સ્રોત: વપરાશ પ્રમાણપત્રો અને PDS પોર્ટલ પરથી મેળવેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે વર્ષ 2015 થી 2023ના સમયગાળા દરમિયાન, કુલ 213.62 લાખ MT ખાદ્યાન્ન તાલુકા ગોદામોમાંથી FPSs પર જમા કરાવવામાં આવ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન, FPSs દ્વારા લાભાર્થીઓને 210.04 લાખ MT વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં માર્ચ 2023ના અંતે 3.58 MT ટનનો સ્ટોક બાકી રહી ગયો હતો. પરંતુ, વિભાગના માસિક વિતરણ અહેવાલની[33] સમીક્ષા પછી એવું જાણવા મળ્યું હતું કે માર્ચ 2023ના અંતે બાકી સ્ટોક માત્ર 0.11 લાખ MT જ હતો. પરિણામે, 0.11 લાખ MT બંધ સ્ટોકનો હિસાબ કર્યા પછી, ચોખ્ખો તફાવત 3.47 લાખ MT થયો હતો, જે ન તો લાભાર્થીઓને વહેંચવામાં આવ્યો હતો કે ન FPS પર તેને હિસાબમાં લેવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કોષ્ટકમાં વર્ષ 2015-23 દરમ્યાન વાસ્તવમાં વિતરણ કરાયેલ ખાદ્યાન્નની માત્રા (210.04 લાખ MT) અને રાજ્ય સરકાર દ્વારા GoIને વપરાશ પ્રમાણપત્રો (UCs)માં દર્શાવવામાં આવેલી માત્રા (212.91 લાખ MT) વચ્ચે 2.87 લાખ MTનો તફાવત દર્શાવે છે, જે અહેવાલની પ્રક્રિયાની ચોકસાઇ અને વિશ્વસનીયતા પર ચિંતા દર્શાવે છે. આ વિસંગતતા એટલા માટે થઈ

31 FPSs (વાજબી ભાવની દુકાનો) આમાં NFSA લાભાર્થીઓને પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ 2020-21 *અને પછીથી* પ્રતિ વ્યક્તિ પાંચ કિલોગ્રામ વધારાનું વહેંચાણ સામેલ છે.

32 2020-21 અને 2022-23 દરમ્યાન, ખાદ્યાન્નની વધારેલ વહેંચણી FPSs (વાજબી ભાવની દુકાનો) દ્વારા તેમના ખુલતા જથ્થાની સિલક માંથી કરવામાં આવેલ.

33 માસિક વિતરણ ઓફટેક પીડીએસ સાયકલ રિપોર્ટ્સ તરીકે પણ ઓળખાય છે.

કારણ કે રાજ્ય PDS પોર્ટલ પરથી GSCSCL દ્વારા જનરેટ કરાયેલા વિભાગના માસિક વિતરણ અહેવાલોમાં FPSમાંથી લાભાર્થીઓને આપવામાં આવેલા વાસ્તવિક જથ્થાને રેકોર્ડ કરવાને બદલે તાલુકા ગોદામમાંથી આપવામાં આવેલા ખાદ્યાન્નના જથ્થાને વિતરણ કરાયેલ જથ્થા તરીકે નોંધવામાં આવ્યો હતો. જોકે, વર્ષ 2021-22થી, FPS માંથી વાસ્તવિક વિતરણની માહિતી યોગ્ય રીતે લેવામાં આવી હતી અને UC દ્વારા GoIને અહેવાલ આપવામાં આવ્યો હતો.

સમાપન બેઠક (મે 2022) દરમિયાન, ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના સચિવે FPS ને આપવામાં આવેલા ખાદ્યાન્નના જથ્થા અને લાભાર્થીઓને ખરેખર વિતરિત કરાયેલા જથ્થા વચ્ચેના તફાવત અંગે કોઈ ચોક્કસ પ્રતિભાવ આપ્યો ન હતો.જો કે, સચિવે સ્વીકાર્યું હતું કે PDSમાં પરિવહન અને સંગ્રહના નુકસાનનો હિસાબ NFSA, 2013 રાખતું નથી. ઓડિટ વિશ્લેષણમાં નીચેના ફકરામાં દર્શાવ્યા મુજબ, ઓછા વજન અને અનાજની ઉચાપત, હિસાબી ખામીઓ અને બંધ જથ્થો ગુમ થવાના કિસ્સાઓ બહાર આવ્યા છે, જે સ્ટોકની ગણતરીમાં ખામી હોવાનું સૂચવે છે.

રાજ્ય સરકાર દ્વારા GoIને UCs મારફતે રિપોર્ટ કરાયેલા જથ્થાની વિસંગતતાઓ અંગે, ખાદ્ય અને નાગરિક પુરવઠાના નિયામકે જણાવ્યું(મે 2022) હતું કે આ કદાચ એક પ્રક્રિયાગત સમસ્યા હોઈ શકે છે, જ્યાં વિતરણનો હિસાબ 45-દિવસના ચક્ર પછી નોંધવામાં આવે છે. પરંતુ, આ ખુલાસો સ્વીકાર્ય નથી, કારણ કે FPSs ની દુકાનો પરથી લાભાર્થીઓને વિતરિત કરવામાં આવતા ખાદ્યાન્નનો ખરેખર જથ્થો રાજ્યના PDS પોર્ટલ પર વાસ્તવિક સમયમાં નોંધાયેલ છે. ઉપરાંત, UCs વાર્ષિક ધોરણે GoIને રજુ કરવાના હોવાથી, વિભાગ PDS પોર્ટલમાંથી વાસ્તવિક વિતરિત માહિતી સરળતાથી મેળવી શક્યા હોત.

### *2.1.12.2 ખાદ્યાન્નના વજનમાં ખામીઓ*

રાજ્યના કુલ 252 તાલુકા ગોદામમાંથી, 150 (60 *ટકા*) માં વે-બ્રિજ હતા, અને તેમાંથી, 149 જાન્યુઆરી 2024 સુધીમાં કાર્યરત હતા.આઠ જિલ્લાઓના 19 પસંદ કરેલા તાલુકા ગોદામમાંથી માત્ર 12 ગોદામોમાં વે-બ્રિજ હતા. તેમાંના છ વેઇબ્રિજ બિનકાર્યરત હતા, જ્યારે બાકી છ વે-બ્રિજ માત્ર FCI ગોદામમાંથી આવનારા ખાદ્યાન્નના વજન માટે આંશિક રીતે ઉપયોગમાં લેવામાં આવતા હતા.

તાલુકા ગોદામોમાં, ખાદ્યાન્ન 50 કિલોના ગનિ બેગમાં પેક કરી અને FPSs ને મોકલવામાં આવ્યું. FPSs પર, ખાદ્યાન્નના વજનને વાસ્તવિક વજન કરવાના બદલે ગનિ બેગની સંખ્યા ગણીને નક્કી કરવામાં આવ્યો હતો.

પસંદ કરેલી 63 FPSs પર આવી ઘઉં અને ચોખાની 603 બેગનું વજન કરતા[34], ઓડિટે જાણ્યું કે 530 બેગ (88 *ટકા*) માં 50 કિલોથી ઓછું ખાદ્યાન્ન હતું. આ 530 બેગમાં કુલ વજનમાં 1.62 *ટકા* (30,150 કિલો સામે 489 કિલો ઓછું) ની ઘટ જોવા મળી, જે જાન્યુઆરી 2024 સુધી અપ્રાપ્ય રહેવા પામી હતી.

આ ઉપરાંત, PDS પોર્ટલમાં પ્રણાલીગત ખામી જોવા મળી હતી. જ્યાં તાલુકા ગોદામમાંથી "રવાના" તરીકે ચિહ્નિત થયેલી ખાદ્યાન્નની માત્રા, FPS ઓપરેટર દ્વારા કોઈ મેન્યુઅલ માન્યતા અથવા સ્વીકૃતિ વિના FPS પર આપમેળે "પ્રાપ્ત" તરીકે નોંધાઈ હતી. તાલુકા ગોદામથી

[34] ગની બેગનું FPSs પર ઓડિટ દ્વારા FPS ઓપરેટર અને મામલતદાર ઓફીસ સ્ટાફ ની હાજરીમાં વજન કરવામાં આવ્યું.

જારી કરવામાં આવેલી ઓછી વજનની બેગ અને FPSs પર સ્ટોક પ્રાપ્તિઓ માટે ચકાસણી પધ્ધતિનો અભાવ PDSમાં શાસન અને સંચાલન દેખરેખમાં ક્ષતિઓ દર્શાવે છે.

સમાપન બેઠક (મે 2022) દરમિયાન, મેનેજિંગ ડિરેક્ટર, GSCSCL દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તાલુકા ગોદામોમાં વે-બ્રિજની માપ-આકારણીની પ્રક્રિયા ચાલી રહી છે.

### *2.1.12.3 ખાધાન્નના હિસાબોમાં અપૂર્તતાઓ*

NFSAની કલમ 12ના અનુસાર, તમામ સ્તરે વ્યવહારોના પારદર્શક રેકોર્ડિંગ ની ખાતરી કરવા અને ખાદ્યાન્નના ડાયવર્ઝન, જો કોઈ હોય, તો તેને રોકવા માટે એન્ડ-ટુ-એન્ડ કમ્પ્યુટરાઈઝેશન સહિત માહિતી અને સંદેશાવ્યહવારના તકનિકી સાધનોના ઉપયોગની જોગવાઈ કરે છે. આમ, ખાદ્યાન્નના જથ્થાના નિરીક્ષણ કરવા અને સચોટ હિસાબ જાળવવા માટે, રાજ્ય PDS પોર્ટલના સપ્લાય ચેન મેનેજમેન્ટ સિસ્ટમ (SCMS) મોડ્યુલ પર રસીદો અને વિતરણો સહિત ચીજવસ્તુઓની વાસ્તવિક સમયની ભૌતિક પરીવહન નોંધવું જરૂરી હતું .

પસંદ કરેલી 19 તાલુકા ગોદામના રેકોર્ડની સમીક્ષા કરતી વખતે, ઓડિટે નોંધ્યું કે ડિસેમ્બર 2020 સુધી, તાલુકા ગોદામમાં ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓની પ્રાપ્તિ સંબંધિત એન્ટ્રીઓ પ્રાપ્તિ સમયે PDS પોર્ટલના SCMS મોડ્યુલમાં નોંધવામાં આવી ન હતી. તેના બદલે, આ વિગતો પહેલા ટ્રાન્સપોર્ટ પાસ (TPs)[35] આધારીત રજીસ્ટરોમાં મેન્યુઅલી નોંધવામાં આવી હતી અને પછીના તબક્કે SCMS મોડ્યુલમાં દાખલ કરવામાં આવી હતી.

તેનાથી વિપરીત, તાલુકા ગોદામમાંથી FPSs માટે ખાદ્યાન્નની જારી કરવાની પ્રક્રિયા એ જ પોર્ટલ દ્વારા સંચાલિત કરવામાં આવી હતી, અને ગોદામ મેનેજરોએ SCMS મોડ્યુલમાં તમામ સંબંધિત એન્ટ્રીઓ વાસ્તવિક સમયમાં કરી હતી.

આ વિસંગતિના પરિણામે, તાલુકા ગોદામોમાં પ્રાપ્ત અને જારી કરવામાં આવેલી ચીજવસ્તુઓની માત્રામાં ફેરફાર જોવા મળ્યો. પરિણામે, PDS પોર્ટલે એપ્રિલ 2015થી ડિસેમ્બર 2020 સુધીના દરેક નાણાકીય વર્ષના અંતે તાલુકા ગોદામોમાં નકારાત્મક સ્ટોક બેલન્સ દર્શાવવામાં આવ્યા હતા. વધુમાં, ગોદામ મેનેજરો દ્વારા તૈયાર કરાયેલા અને GSCSCLને રજુ કરાયેલ ફોર્મ-8ના[36] મેન્યુઅલ રેકોર્ડમાં પણ પસંદ કરેલા તમામ 19 ગોદામોમાં નકારાત્મક સ્ટોક બેલન્સ દર્શાવવામાં આવ્યા હતા. આથી, FPSsને જારી કરાયેલા અને હિસાબકિતાબની બુકમાં નોંધાયેલા તાલુકા ગોદામોમાં ખાદ્યાન્નની ભૌતિક ઉપલબ્ધતાની અખંડિતતા શંકાસ્પદ બની હતી. ગાંધીનગર તાલુકા ગોદામ, (પસંદ કરેલા 19 તાલુકા ગોદામોમાંનું એક) ખાતે 31 માર્ચના રોજ ખાદ્યાન્નના સ્ટોકની સ્થિતિ નીચે **કોષ્ટક 6માં** દર્શાવવામાં આવી છે.

[35] FCI ના ગોદામો પરથી ખાધાન્ન ને રવાના કરતી વખતે દરેક વાહનને TP જારી કરવામાં આવે છે, અને રાજ્ય સરકારની પ્રાપ્ત કરનાર ગોદામો ના ફરજ પરનાને આપવામાં આવે છે, વાહન પર ચડાવેલ ચીજવસ્તુ અને જથ્થાની ખાતરી માટે આ રસીદ અપાય છે.

[36] ફોર્મ-8 કે જે માસિક ધોરણે તૈયાર કરવામાં આવે છે, તે ખાદ્યાન્ન ના હિસાબ માટેનો એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે, જેમાં પ્રાપ્તિ, જારી કરેલ, પુરવઠા ની ખુલતી અને બંધ સિલક જેવી તમામ વિગતો સામેલ છે.

**કોષ્ટક 6: 31 માર્ચની સ્થિતિએ ગાંધીનગર તાલુકા ગોદામના ખાદ્યાન્નના પુરવઠા ની સ્થિતિ**

**(જથ્થો MTમાં)**

| વર્ષ | ખુલતી સિલક | SCMS માં નોંધાયેલ પ્રાપ્તિ | SCMS માં નોંધાયેલ વાસ્તવિક વિતરણ | બંધ સિલક |
|---|---|---|---|---|
| 31 માર્ચ 2016 | 00 | 00 | 608.85 | (-)608.85 |
| 31 માર્ચ 2017 | (-)1,512.09 | 88.84 | 972.90 | (-)2,396.15 |
| 31 માર્ચ 2018 | (-)3,770.24 | 1,063.88 | 2,549.78 | (-)5,256.14 |
| 31 માર્ચ 2019 | (-)13,262.32 | 3,466.72 | 4,027.25 | (-)13,822.85 |
| 31 માર્ચ 2020 | (-)13,370.04 | 544.52 | 2,907.91 | (-)15,733.43 |
| 31 માર્ચ 2021 | 1,696.98 | 2,030.49 | 2,526.58 | 1,200.89 |

(સ્રોત: PDS પોર્ટલ પરથી જનરેટ કરેલ સ્ટોક રિપોર્ટ્સ)

સમાપન બેઠક (મે 2022) દરમિયાન, GSCSCLના મેનેજિંગ ડિરેક્ટરે જણાવ્યું હતું કે જાન્યુઆરી 2021થી, ગોદામોમાં ખાદ્યાન્નની પ્રાપ્તિ અને જથ્થા વિતરણનું સંપૂર્ણ નિયમન SCMS મોડ્યૂલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. મેનેજિંગ ડિરેક્ટરે વધુમાં ઉમેર્યું હતું કે SCMS મોડ્યૂલમાં તમામ માઇનસ સ્ટોક બેલન્સને સુધારીને ગોદામમાં ઉપલબ્ધ વાસ્તવિક જથ્થાથી બદલવામાં આવ્યું છે.

ખાદ્યાન્નના વજન અને હિસાબી પદ્ધતિમાં પ્રણાલીગત અને કામગીરીની ખામીઓના નોંધપાત્ર પરિણામો આવ્યા, જેના કારણે તાલુકા ગોદામોમાંથી ખાદ્યાન્નની ઉચાપત થઈ. નીચે બે નમૂના-તપાસ કેસોની ચર્ચા કરવામાં આવી છે:

### *ખાદ્યાન્નની ઉચાપત ના કિસ્સાઓ*

GSCSCLના જિલ્લા મેનેજરો અને સંબંધીત DSO દ્વારા 12 ફેબ્રુઆરી 2021ના રોજ સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલ સ્ટોકની ભૌતિક ચકાસણી દરમિયાન, GSCSCL, ગાંધીનગરના રેકોર્ડની તપાસમાં, બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના તાલુકા ગોદામમાં ઉપલબ્ધ ખાદ્યાન્નના જથ્થામાં 762.40 MTની ઘટનો ખુલાસો થયો.

આ જ રીતે, 19 ફેબ્રુઆરી 2021ના રોજ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા ગોદામમાં કરવામાં આવેલી ચકાસણી દરમિયાન 721.30 MT ખાદ્યાન્ન ગાયબ મળ્યું હતું.

વિભાગીય તપાસ બાદ, બંને ગોદામ મેનેજરોને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા અને ટ્રાન્સપોર્ટરો તથા ખાતાઓની ચકાસણી માટે GSCSCL દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) પેઢીના પ્રતિનિધિઓ સામે પ્રાથમિક માહિતી અહેવાલ (FIRs) (ફેબ્રુઆરી 2021) નોંધાવવામાં આવી હતી.

### *2.1.12.4 NFSAના અમલીકરણ સમયે ખાદ્યાન્નની બંધ સિલકનો જથ્થો ગાયબ*

દર મહિને, PDS પોર્ટલનું SCMS મોડ્યૂલ, આવરિત વસ્તી અને અગાઉના મહિનાની બંધ સીલકના આધારે FPSs ને જારી કરવાના ખાદ્યાન્નના જથ્થાની આપમેળે ગણતરી કરે છે.

એપ્રિલ 2016માં, રાજ્યમાં NFSAની અમલીકરણના પ્રથમ મહિનામાં, તાલુકા ગોદામોથી FPSsને માસિક જરૂરિયાત મુજબ ખાદ્યાન્નનું વિતરણ કરવામાં આવ્યું હતું. જોકે, આ પ્રક્રિયામાં એક મોટી ચૂક થઈ. ફાળવણી અને પુરવઠાના રેકોર્ડની સમીક્ષામાં જાણવા મળ્યું કે માર્ચ 2016 (NFSA પહેલાનો સમયગાળો) માં FPS પર બાકી રહેલા 6,608 MT ખાદ્યાન્નને એપ્રિલ 2016

માટે શરૂઆતના સ્ટોક તરીકે ગણવામાં આવ્યું ન હતું. તેના બદલે, વિભાગે ખોટી રીતે તેને 'શૂન્ય' તરીકે નોંધ્યું.

પછીના વર્ષોમાં, વિભાગે વારંવાર આ જથ્થાના નિકાલ કરવાનો પ્રસ્તાવ કર્યો હતો, પરંતુ માર્ચ 2019 સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. તે સમયે, વિભાગે તારણ કાઢ્યું હતું કે FPS માં ક્યાંય પણ ભૌતિક જથ્થો ઉપલબ્ધ નથી, અને તેથી, કોઈ કાર્યવાહી કરવાની જરૂર નથી. પરિણામ સ્વરૂપ, NFSAના પૂર્વ સમયગાળાના 6,608 MT ખાદ્યાન્નને એપ્રિલ 2016 માટે પ્રારંભિક જથ્થા તરીકે ગણવામાં આવ્યો ન હતો.

વિભાગે જવાબ આપ્યો(મે 2022) કે ઓડિટ અને વિભાગીય અધિકારીઓ વચ્ચે આંકડાઓના મેળવણા પછી આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે.

### *2.1.12.5 SCMS મોડ્યુલમાં ફેરફાર કરતી વખતે ખાદ્યાન્નનો અંતિમ જથ્થો ખૂટતો હતો*

નવેમ્બર 2018 માં, SCMS મોડ્યુલમાં ફેરફારો કરવામાં આવ્યા હતા, જેમાં FPS માટે ઓનલાઈન પરમિટ જનરેશન, FPS દ્વારા ડિજિટલ ચુકવણી વગેરે જેવી સુવિધાઓ રજૂ કરવામાં આવી હતી. જોકે, SCMS મોડ્યુલ અને ખાદ્યાન્ન ફાળવણી સંબંધિત રેકોર્ડની તપાસમાં જાણવા મળ્યું કે SCMS મોડ્યુલના સુધારા દરમિયાન, સપ્ટેમ્બર 2018 (24,017 MT ખાદ્યાન્ન અને 1,164 MT ખાંડ) અને ઓક્ટોબર 2018 (24,355 MT ખાદ્યાન્ન અને 2,800 MT ખાંડ) માં FPS પર હાજર કુલ 48,372 MT ખાદ્યાન્ન અને 3,964 MT ખાંડનો બંધ જથ્થો, વિભાગ દ્વારા રાજ્ય PDS પોર્ટલમાં કોઈપણ વાજબી કારણ વિના અનિયમિત રીતે 'શૂન્ય' તરીકે ચિહ્નિત કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ FPSs ને નવા જથ્થામાં ખાદ્યાન્નનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સાચી પ્રક્રિયા એ હોવી જોઈતી હતી કે સપ્ટેમ્બર 2018 અને ઓક્ટોબર 2018 ના બંધ જથ્થાને નવેમ્બર 2018[37] (24,017 MT ખાદ્યાન્ન અને 1,164 MT ખાંડ) અને ડિસેમ્બર 2018 ના (24,355 MT ખાદ્યાન્ન અને 2,800 MT ખાંડ) શરૂઆતના જથ્થા તરીકે ગણવામાં આવે. FPSs ને વિતરણ કરવા માટે નવો જથ્થો આ રીતે નક્કી કરવો જોઈએ.

સારાંશમાં, NFSA અમલીકરણ દરમિયાન એપ્રિલ 2016 માં 6,608 MT ખાદ્યાન્નનો અંતિમ જથ્થો આગળ વધારવામાં વિભાગ નિષ્ફળ ગયા. તેવી જ રીતે, 2018 માં SCMS મોડ્યુલ અપડેટ્સ દરમિયાન ખોટા રિપોર્ટિંગને લઈને 48,372 MT ખાદ્યાન્ન અને 3,964 MT ખાંડના જથ્થાને 'શૂન્ય' તરીકે દર્શાવવામાં આવ્યો હતો, આમ ડિજિટલ રેકોર્ડ્સ અપડેટ કરવા માટેની નિયંત્રણ પદ્ધતિઓમાં નબળાઈઓ છતી થઈ હતી. વિભાગે જવાબ આપ્યો(મે 2022) કે ઓડિટ અને વિભાગીય અધિકારીઓ વચ્ચે આંકડાઓના મેળવણા પછી આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે.

## *2.1.13 વાજબી ભાવની દુકાનોની કામગીરી*

### *2.1.13.1 વાજબી ભાવની દુકાનોમાં વસ્તીનું બેડોળ વિતરણ*

ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કંટ્રોલ) આદેશ, 2015 ના કલમ 9 માં જણાવાયું છે કે રાજ્ય સરકાર ખાતરી કરશે કે FPS સાથે જોડાયેલા રેશનકાર્ડ ધારકોની સંખ્યા વાજબી છે.

[37] વાજબી ભાવની દુકાનો (FPSs), ખાદ્યાન્નનું હિસાબ ચક્ર T+1 (વ્યવહાર +1 મહિનો) ના આધારે હોય છે. આમ, સપ્ટેમ્બર 2018 ના બંધ સ્ટોકને નવેમ્બર 2018 ના ઓપનિંગ સ્ટોક તરીકે ગણવામાં આવે છે, અને તે જ રીતે આગળ પણ.

ઓગસ્ટ 2015 માં, રાજ્ય સરકારે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં FPS ના લાઇસન્સ માટે વસ્તીના માપદંડ નક્કી કર્યા, જે નીચે **કોષ્ટક 7** માં દર્શાવવામાં આવ્યા છે:

**કોષ્ટક 7 : FPS લાઇસન્સ આપવા માટે વસ્તી માપદંડ**

| વિસ્તાર નો પ્રકાર | ગ્રામ્ય | શહેરી |
|---|---|---|
| FPS ખોલવા માટે ન્યૂનતમ વસ્તી | 3,000 | 7,500 |
| FPS હેઠળ મહત્તમ વસ્તી | 6,000 | 15,000 |
| વધારાની FPS માટે વસ્તીની જરૂરિયાત | 3,000 | 7,500 |
| FPS ની શાખા | જો વસ્તી 3,000 થી ઓછી હોય | FPS ની શાખા માટે જોગવાઈ નથી |

ડિસેમ્બર 2023ની સ્થિતિએ પસંદ કરેલા આઠ જિલ્લાઓ હેઠળ આવતા 63 FPSs માં આવરી લેવાયેલ વસ્તીની માહિતી નીચે **કોષ્ટક 8** માં આપવામાં આવી છે:

**કોષ્ટક 8: ડિસેમ્બર 2023ની સ્થિતિએ પસંદ કરેલા 8 જીલ્લાઓની FPSs વચ્ચે આવરી લેવાયેલ વસ્તી**

| ગ્રામ્ય | | | શહેરી | | |
|---|---|---|---|---|---|
| એક FPS હેઠળ આવરી લેવાયેલ વસ્તી | કાર્યરત FPSs ની સંખ્યા | લાઈસન્સ આપવાના હોય તેવા FPSs ની સંખ્યા | એક FPS હેઠળ આવરી લેવાયેલ વસ્તી | કાર્યરત FPSs ની સંખ્યા | લાઈસન્સ આપવાના હોય તેવા FPSs ની સંખ્યા |
| 3,000 થી નીચે | 1,765 | 00 | 7,500 થી નીચે | 1,361 | 00 |
| 3,000 અને 6,000 વચ્ચે | 1,216 | 1,216 | 7,500 અને 15000 ની વચ્ચે | 364 | 364 |
| 6,000 અને 9,000 ની વચ્ચે | 63 | 126 | 15,000 અને 22500 ની વચ્ચે | 41 | 82 |
| 9,000 અને 12,000 ની વચ્ચે | 05 | 15 | 22,500 થી ઉપર | 09 | 27 |
| FPSs ની કુલ શાખા | 167[38] | 146 | FPSs ની કુલ શાખા | 42[39] | 00 |
| **કુલ** | **3,216** | **1,503** | **કુલ** | **1,817** | **473** |

(સ્રોત: PDS પોર્ટલ પરથી પ્રાપ્ત કરેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં 55[40] *ટકા* અને શહેરી વિસ્તારોમાં 75[41] *ટકા* FPS અનુક્રમે 3,000 અને 7,500 ની વસ્તીના લઘુત્તમ માપદંડોને ભાગ્યે જ પૂર્ણ કરતી સેવા આપે છે. તેનાથી વિપરીત, ગ્રામીણ વિસ્તારોમાં આશરે બે[42] *ટકા* FPS 6,000 થી 12,000 ની વસ્તીને સેવા આપે છે અને શહેરી વિસ્તારોમાં ત્રણ[43] *ટકા* FPS 15,000 થી વધુ વસ્તીને સેવા આપે છે.

---

38 3,000 થી નીચેની વસ્તી = 146; 3,000 6,000 ની વચ્ચે = 21.

39 7,500 થી નીચેની વસ્તી = 41; 7,500 અને 15,000 ની વચ્ચે = 01.

40 1,765 ÷ 3,216 × 100 = 55 ટકા (ગ્રામ્ય).

41 1,361 ÷ 1,817 × 100 = 75 ટકા (શહેરી).

42 (63 + 5) ÷ 3,216 × 100 = 2 ટકા.

43 (41 + 9) ÷ 1,817 × 100 = 3 ટકા.

દેખીતી રીતે, રાજ્ય સરકારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં FPSsના લાયસન્સ અને સંચાલન માટે સ્થાપિત માપદંડોનું સાતત્યપૂર્ણ પાલન કર્યું નથી. આના પરિણામે ઓછી વસ્તીવાળા વિસ્તારોમાં વધુ FPSs સ્થાપિત થયા અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ઓછા FPSs ઉપલબ્ધ થયા.

### *2.1.13.2 અપૂરતી ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિ*

PDSના પ્રાથમિક લક્ષ્યોમાનું એક વપરાશકર્તાઓને વિતરિત થતું ખાદ્યાન્ન વાજબી સરેરાશ ગુણવત્તા (FAQ) વાળું અને માનવ વપરાશ માટે યોગ્ય હોય.

ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) ઓર્ડર, 2015 ની કલમ 7 અનુસાર, PDS માટે નિયત કરવામાં આવેલ જથ્થાનું રાજ્ય સરકાર અને FCI ના પ્રતિનિધિઓ દ્વારા સંયુક્ત રીતે નિરીક્ષણ કરવું ફરજિયાત છે. આ નિરીક્ષણનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ખાદ્યાન્નની ગુણવત્તા નિર્ધારીત ગુણવત્તા ધોરણો સાથે સુસંગત છે.

PDS માં હલકી ગુણવત્તાવાળા ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓની સમસ્યાને ઉકેલવા માટે, GSCSCL વિવિધ સ્રોતોમાંથી નમૂનાઓ એકત્રિત કરે છે, જેમા FCI ડેપો, તાલુકા ગોદામ અને સપ્લાયરોના સ્થળોનો સમાવેશ થાય છે. આ નમૂનાઓ ત્યારબાદ ગુણવત્તાની ચકાસણી માટે ગાંધીનગર સ્થિત ફૂડ રિસર્ચ લેબોરેટરી (FRL)માં મોકલવામાં આવે છે.

રાજ્યમાં વર્ષ 2015-23 દરમિયાન લેવાયેલ અને પરીક્ષણ કરાયેલ ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓના નમૂનાઓની સ્થિતિ નીચે **કોષ્ટક 9**માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 9 : વર્ષ 2015-23 દરમિયાન પરીક્ષણ કરાયેલ ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓના નમૂનાઓની સ્થિતિ**

| સમય ગાળો / ચીજવસ્તુ | નમૂનાઓની સંખ્યા | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | કુલ (%) | જેમાંથી નમુના લેવામા આવ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘઉં | તપાસેલ | 62 | 113 | 802 | 22 | 04 | 743 | 323 | 183 | 2,252 | FCI ડેપો/ તાલુકા ગોદામ |
| | નિષ્ફળ | 00 | 00 | 00 | 02 | 01 | 02 | 13 | 16 | 34 (1.51) | |
| ચોખા | તપાસેલ | 64 | 114 | 03 | 01 | 01 | 569 | 955 | 1952 | 3,659 | FCI ડેપો/ તાલુકા ગોદામ |
| | નિષ્ફળ | 00 | 00 | 00 | 01 | 01 | 04 | 08 | 54 | 68 (1.86) | |
| ખાંડ | તપાસેલ | 511 | 457 | 392 | 492 | 456 | 361 | 492 | 263 | 3,424 | સપ્લાયર ની જગ્યા, તાલુકા ગોદામ |
| | નિષ્ફળ | 00 | 00 | 00 | 37 | 20 | 01 | 03 | 03 | 64 (1.87) | |
| કઠોળ | તપાસેલ | 1,457 | 1,437 | 1,173 | 2,301 | 3,616 | 1,079 | 3,988 | 11,838 | 26,889 | સપ્લાયર ની જગ્યા, તાલુકા ગોદામ |
| | નિષ્ફળ | 262 | 183 | 142 | 114 | 183 | 35 | 305 | 1275 | 2,499 (9.29) | |
| ખાદ્ય તેલ | તપાસેલ | 339 | 519 | 594 | 990 | 566 | 218 | 519 | 618 | 4,363 | સપ્લાયર ની જગ્યા, તાલુકા ગોદામ |
| | નિષ્ફળ | 00 | 00 | 00 | 150 | 01 | 00 | 26 | 02 | 179 (4.10) | |
| **કુલ** | **તપાસેલ** | **2,433** | **2,640** | **2,964** | **3,806** | **4,643** | **2,970** | **6,277** | **14,854** | **40,587** | |
| | **નિષ્ફળ** | **262** | **183** | **142** | **304** | **206** | **42** | **355** | **1,350** | **2,844** | |
| **નિષ્ફળ થયેલ નમૂનાઓની ટકાવારી** | | **10.77** | **6.93** | **4.79** | **7.99** | **4.44** | **1.41** | **5.66** | **9.09** | **7.01** | |

(સ્રોત: GSCSCL દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઓડિટના મુખ્ય તારણો નીચે મુજબ છે:

- રાજ્ય સરકારે વાર્ષિક ધોરણે કેટલા નમૂના લેવાના અને ચકાસવા તે અંગે કોઈ માપદંડ સ્થાપિત કર્યા નથી. પરિણામે, વર્ષ 2015 અને વર્ષ 2023 વચ્ચે વિવિધ ચીજવસ્તુઓના લેવાયેલા અને ચકાસેલા નમૂનાઓની સંખ્યામાં એકરૂપતાનો અભાવ જોવા મળ્યો.
- વર્ષ 2015-23 દરમ્યાન એકંદરે 40,587 ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સમયગાળામાં નિષ્ફળ થયેલા નમૂનાઓની કુલ સંખ્યા 2,844 હતી, અને નિષ્ફળ થયેલા નમૂનાઓની એકંદર ટકાવારી 7.01 હતી.
- વિવિધ ચીજવસ્તુઓમાં નિષ્ફળતાનો દર અલગ-અલગ હતો. મોટાભાગના નિષ્ફળ નમૂનાઓમાં કઠોળ (9.29 *ટકા*), ત્યારબાદ ખાદ્ય તેલ (4.10 *ટકા*) અને ખાંડ (1.87 *ટકા*), જ્યારે સૌથી ઓછા ઘઉં અને ચોખા અનુક્રમે 1.51 *ટકા* અને 1.86 *ટકા* હતા.
- ચકાસણીનું સ્થાન અલગ-અલગ હતું, કેટલીક ચીજવસ્તુઓનું પરીક્ષણ FCI ડેપો/તાલુકા ગોદામોમાં અને કેટલીક સપ્લાયરોના સ્થાને કરવામાં આવ્યું હતું. જો કે, વર્ષ 2015-23 દરમિયાન ખાદ્યાન્ન અને અન્ય સામગ્રીઓના નમૂનાઓ ક્યારેય અંતિમ વપરાશ સ્થળ FPSs પરથી લેવાયેલ નથી અને ગુણવત્તા માટે ચકાસવામાં આવ્યા નથી. FPS કે જે ખાદ્ય અને નાગરિક પુરવઠા નિયામક-કચેરીના વહીવટી નિયંત્રણમાં આવે છે, તે આ સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ રહયા હતા.

ઓડિટે પસંદ કરેલ 63 FPSs અને 19 તાલુકા ગોદામોમાંથી ઘઉં, ચોખા અને ખાંડના નમૂનાઓ રેન્ડમ રીતે લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓનું ગુણવત્તા માટે FRL, ગાંધીનગરમાં પરીક્ષણ કરવામાં આવ્યુ હતું, અને પરિણામોનો સારાંશ નીચે **કોષ્ટક 10 માં** આપવામાં આવ્યો છે :

**કોષ્ટક 10: પસંદ કરેલ FPSs અને તાલુકા ગોદામોમાંથી એકત્રિત કરાયેલ નમૂનાઓના પરિણામો**

| ચીજવસ્તુ | એકઠા કરેલ નમૂનાઓની સંખ્યા | નિર્ધારિત ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયેલા નમૂનાઓની સંખ્યા (%) | નિષ્ફળ જવાનું કારણ |
|---|---|---|---|
| ઘઉં | 42 | 02 (5) (FPS અને ગોદામ દરેકથી એક) | વીવીલ અનાજ[44] અથવા/અને ક્ષતિગ્રસ્ત અનાજ. |
| ચોખા | 42 | 01 (2) (FPS પરથી) | |
| ખાંડ | 38 | 06 (16) (FPS અને ગોદામ દરેકથી એક ત્રણ) | રંગ બદલવો, વજન ઘટાડો, સામૂહિક અવરોધ, વગેરે. |

એવું ધ્યાન પર આવ્યું હતું કે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (FSSAI) અને GSCSCL દ્વારા માનવ વપરાશ માટે સ્થાપિત ધોરણોને પૂર્ણ કરવામાં નીષ્ફળ ગયેલા તમામ નવ નમૂનાઓ છતાં પણ PDS હેઠળ લાભાર્થીઓને વિતરીત કરવામાં આવ્યા હતા, જે ચિંતાજનક છે. ઉપરાંત, તે પ્રકાશિત કરવું યોગ્ય છે કે ડીલરોના સ્થળે વિભાગ દ્વારા ખરીદીના

44 વીવીલવાળા અનાજ એટલે એવા અનાજ છે કે જે જીવાત, જેમ કે ધનેડા, દ્વારા ખવાઇ ગયા હોય અથવા છિદ્રો કરવામાં આવ્યા હોય.

સમયે ખાંડના નમુનાઓનું પરિક્ષણ કરવામાં આવ્યું હોવા છતાં, 16 *ટકા* નમૂનાઓ બાદમાં નિષ્ફળ ગયા.

વધુમાં, વિભાગે PDS હેઠળ વિતરિત ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓના પોષણ મૂલ્યનું મૂલ્યાંકન કરવા માટે ક્યારેય પરીક્ષણો હાથ ધર્યા ન હતા. ઓડિટ દ્વારા મોકલાયેલા નમૂનાઓનું પોષણ મૂલ્યો માટે FRL, ગાંધીનગર, દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું ન હતું, કારણ કે આ પ્રકારનું પરીક્ષણ તેમના વ્યાપમાં ન હતું.

સમાપન બેઠક(મે 2022) દરમિયાન, ખાદ્ય અને નાગરિક પુરવઠા નિયામક દ્વારા જણાવવામાં આવ્યું કે, ફરિયાદોના પ્રતિભાવમાં FPSમાંથી ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓનાના નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા.

આ જવાબ FPSs માંથી નમૂનાઓ નિયમિત રીતે એકત્રિત કરવા માટેની અપૂરતી વ્યવસ્થા અંગેના ઓડિટના દ્રષ્ટિકોણ પર ભાર મુકે છે. તદઉપરાંત, વર્ષ 2015 અને વર્ષ 2023 દરમિયાન વિવિધ ચીજવસ્તુઓના લેવામાં આવેલ અને પરીક્ષણ કરવામાં આવેલા નમૂનાઓની સંખ્યાની અસંગતતા અંગે કોઈ સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું ન હતું.

### *2.1.14 નિરીક્ષણ અને દેખરેખ પદ્ધતિ*

#### *2.1.14.1 નિરીક્ષણ અને દેખરેખ પદ્ધતિ*

ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કન્ટ્રોલ) આદેશ, 2015 એ કલ્પના કરે છે કે રાજ્ય સરકાર નિયમિત અંતરાલે રિપોર્ટિંગ અને દેખરેખ માટે એક વ્યવસ્થિત માળખું સ્થાપિત કરવા, નિયમિત નિરીક્ષણો કરવા અને વિવિધ વહીવટી સ્તરે તકેદારી સમિતિઓ (VCs) ની બેઠકોનું આયોજન કરવા માટે જવાબદાર રહેશે. વધુમાં, NFSA, 2013 **ની કલમ** 28(1) FPS માટે સામાજિક ઓડિટનું સંચાલન ફરજિયાત કરે છે.

➢ ***તકેદારી સમિતિઓની અપૂરતી કામગીરી***

NFSA, 2013 ની કલમ 29(1) મુજબ, PDS ની પારદર્શિતા અને અસરકારક કામગીરીની ખાતરી આપવા તેમજ વિવિધ અધિકારીઓમાં જવાબદારી સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય સરકારને રાજ્ય, જિલ્લા, તાલુકા અને FPS સ્તરે VC સ્થાપિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. VCs એ NFSA હેઠળની તમામ યોજનાઓના અમલીકરણનું નિયમિતપણે નિરીક્ષણ કરવાનું હતું.

રાજ્ય સરકારે (ઓગસ્ટ 2012 અને જાન્યુઆરી 2016) VCs ની રચના માટેનું માળખું નિર્ધારિત કર્યું, જેમાં VCs દ્વારા યોજાનારી બેઠકોની અવધિનો સમાવેશ થાય છે, જે નીચે **કોષ્ટક 11** માં બતાવ્યા પ્રમાણે છે.

**કોષ્ટક 11: VCsના બંધારણ માટેનું માળખું અને VCs દ્વારા હાથ ધરવામાં આવનાર બેઠકો**

| VC ની રચના/બંધારણ અને તેમનો કાર્યકાળ | FPS | તાલુકા | જીલ્લા | રાજ્ય |
|---|---|---|---|---|
| VC નો કાર્યકાળ | બે વર્ષ | બે વર્ષ | બે વર્ષ | બે વર્ષ |
| અધ્યક્ષ | ગ્રામ્ય વિસ્તારમાં સરપંચ/ શહેરી વિસ્તારમાં કોર્પોરેટર | તાલુકા પંચાયત પ્રમુખ | જીલ્લા પંચાયત પ્રમુખ / જીલ્લા કલેકટર સહ-અધ્યક્ષ તરીકે | ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના મંત્રી |
| સમિતિના સભ્યોની સંખ્યા | 09 | 09 | 09 | 12 |
| મીટીંગોની સામયિકતા | માસિક | માસિક | માસિક | ત્રિમાસિક |
| સમિતિના સભ્યોની નિમણૂક કરનાર | તાલુકા મામલતદાર | જીલ્લાના પ્રભારી મંત્રી સાથે પરામર્શ કરીને તાલુકા મામલતદાર | જીલ્લાના પ્રભારી મંત્રી સાથે પરામર્શ કરીને જીલ્લા કલેકટર | રાજ્ય સરકાર |

(સ્રોત: રાજ્ય સરકાર ના ઓગસ્ટ **2012** અને જાન્યુઆરી **2016** ના ઠરાવ)

માર્ચ 2023 સુધીમાં રાજ્યમાં તેમજ પસંદગીના આઠ જિલ્લાઓમાં વિવિધ સ્તરે VCsની રચનાની સ્થિતિ નીચે **કોષ્ટક 12** માં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક 12: માર્ચ 2023 મુજબ VCsની રચનાની સ્થિતિ**

| VCsની રચના | FPS સ્તરે | તાલુકા સ્તરે | જીલ્લા સ્તરે | રાજ્ય સ્તરે |
|---|---|---|---|---|
| જરૂરીયાત | 16,862 | 250 | 33 | 01 |
| રચાયેલ | 16,080 | 203 | 16 | 00 |
| **સિદ્ધિ (ઘટ %)** | **95 (05)** | **81 (19)** | **48 (52)** | **00 (100)** |
| **પસંદ કરેલ આઠ જીલ્લોમાં VCsની રચનાની સ્થિતિ** | | | | |
| જરૂરીયાત | 1,359 | 13 | 08 | 01 |
| રચાયેલ | 1,097 | 10 | 03 | 00 |
| **સિદ્ધિ (ઘટ %)** | **81 (19)** | **77 (23)** | **38 (62)** | **00 (100)** |

(સ્રોત: વિભાગ દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક રાજ્યમાં તાલુકા સ્તરે VCs ની સ્થાપનામાં 19 *ટકા* અને જિલ્લા સ્તરે 52 *ટકા*નો ઘટાડો દર્શાવે છે, જેમાં FPS સ્તરે પાંચ *ટકા*નો સામાન્ય ઘટાડો જોવા મળે છે. વધુમાં, સર્વોચ્ચ સ્તરે VCsની રચના ડિસેમ્બર 2022 થી બાકી છે. પસંદ કરેલા આઠ જિલ્લાઓમાં, FPS, તાલુકા અને જિલ્લા સ્તરે VCs ની રચનામાં અનુક્રમે 19 *ટકા*, 23 *ટકા* અને 62 *ટકા*ની નોંધપાત્ર ઘટ જોવા મળી હતી.

તેવી જ રીતે, વર્ષ 2015-23 દરમિયાન રાજ્યમાં તેમજ પસંદગીના આઠ જિલ્લાઓમાં વિવિધ સ્તરે VCs દ્વારા યોજાયેલી બેઠકોની સંખ્યાની સ્થિતિ નીચે **કોષ્ટક 13** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 13: વર્ષ 2015-23 દરમિયાન યોજવામાં આવેલ VC ની બેઠકોની સ્થિતિ**

| રાજ્યસ્તરે યોજવામાં આવેલ VC ની બેઠકોની સ્થિતિ | | | | |
|---|---|---|---|---|
| **VC ની બેઠકો** | **FPS સ્તરે** | **તાલુકા સ્તરે** | **જીલ્લા સ્તરે** | **રાજ્ય સ્તરે** |
| જરૂરી | 16,27,057 | 24,043 | 3,140 | 32 |
| યોજાઈ | 8,42,880 | 11,185 | 1,030 | 11 |
| **સિદ્ધિ (ઘટ %)** | **52 (48)** | **47 (53)** | **33 (67)** | **34 (66)** |
| **પસંદ કરેલ આઠ જીલ્લોમાં યોજવામાં આવેલ VCની બેઠકોની સ્થિતિ** | | | | |
| જરૂરી | 1,28,940 | 1,248 | 768 | 32 |
| યોજાઈ | 3,715 | 85 | 164 | 11 |
| **સિદ્ધિ (ઘટ %)** | **03 (97)** | **07 (93)** | **21 (79)** | **34 (66)** |

(સ્રોત: વિભાગ દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક સમગ્ર રાજ્ય માટે FPS, તાલુકા અને જિલ્લા સ્તરે VC બેઠકો યોજવામાં અનુક્રમે 48 *ટકા*, 53 *ટકા* અને 67 *ટકા*ની ઘટ દર્શાવે છે. તેનાથી વિપરીત, પસંદ કરેલા આઠ જિલ્લાઓમાં, આ ઘટ અનુક્રમે 97 *ટકા*, 93 *ટકા* અને 79 *ટકા* જેટલી નોંધપાત્ર રીતે વધારે હતી.

સર્વોચ્ચ સ્તરે પણ એ નોંધનીય છે કે વર્ષ 2015-23 દરમિયાન VC ની નિર્ધારિત 32 બેઠકોમાંથી માત્ર 11 બેઠકો (34 *ટકા*) યોજાઈ હતી.

### ➢ *તાલુકા ગોદામોના નિરીક્ષણોમાં ઘટ*

માર્ચ 2003માં, GSCSCL એ પરીપત્ર બહાર પાડ્યો જેમાં તાલુકા ગોદામોનું સમયાંતરે નિરીક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું. તે મુજબ દર વર્ષે 384 નિરીક્ષણો હાથ ધરવા જરૂરી હતા, જેમાં GSCSCL ની ગુણવત્તા નિયંત્રણ શાખા (204 નિરીક્ષણો) અને વહીવટી અને તકેદારી શાખાઓ (180 નિરીક્ષણો)નો સમાવેશ થતો હતો.

જોકે, વર્ષ 2015 થી વર્ષ 2023 ના આઠ વર્ષના સમયગાળા દરમિયાન, કુલ 3,072 નિરીક્ષણો થવાની અપેક્ષા હતી, પરંતુ GSCSCL એ ફક્ત 292 નિરીક્ષણો (10 *ટકા*) કર્યા. નોંધનીય છે કે, વર્ષ 2017-18 અને વર્ષ 2018-19ના વર્ષોમાં, અનુક્રમે ફક્ત પાંચ અને બે નિરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા, જે તે બે વર્ષ માટે નિર્ધારિત 768 નિરીક્ષણો કરતાં નોંધપાત્ર રીતે ઓછા હતા.

વધુમાં, એ વાત પર ભાર મૂકવો યોગ્ય છે કે, ઓડિટને પૂરા પાડવામાં આવેલા રેકોર્ડના આધારે, વર્ષ 2015-2021 ના સમયગાળા દરમિયાન, પસંદ કરેલા 19 તાલુકા ગોદામોમાં જથ્થાની ભૌતિક ચકાસણી કરવામાં આવી રહી હતી તેની પુષ્ટિ કરવા માટે કોઈ પુરાવા મળ્યા નથી.

એપ્રિલ 2022માં, વિભાગે ગોદામોના નિરીક્ષણ અંગેની માર્ગદર્શિકામાં સુધારો કર્યો, જેમાં ગોદામોની ચકાસણી કરવાની જવાબદારી જિલ્લાના અધિકારીઓને સોંપી હતી. આ માર્ગદર્શિકા હેઠળ, જિલ્લા પુરવઠા અધિકારીઓ (DSOs) દ્વારા દર મહિને તેમના જિલ્લાના બે ગોદામો નું નિરીક્ષણ કરવાનું ફરજિયાત હતું, જ્યારે જિલ્લા પુરવઠા મેનેજર્સ (DSMs) દ્વારા દર મહિને તેમના અધિકારક્ષેત્રમાં આવેલા તમામ ગોદામનું નિરીક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. છતાં પણ, વર્ષ 2022-23 દરમિયાન, આઠ પસંદ કરેલા જિલ્લાઓમાં DSOs દ્વારા જરૂરી 216 ની સામે માત્ર 110 નિરીક્ષણો કરવામાં આવ્યા હતા, જ્યારે DSMs દ્વારા જરૂરી 756 ની સામે માત્ર 95 નિરીક્ષણો કરવામાં આવ્યા હતા.

### *2.1.14.2 વાજબી ભાવની દુકાનોના નિરીક્ષણોમાં ઘટ*

ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કંટ્રોલ) આદેશ, 2015 ના કલમ 11 માં નિયુક્ત અધિકારીઓ, જેમ કે નિયામક-કચેરી, ખાદ્ય અને નાગરિક પુરવઠા; DSOs; ઝોનલ અધિકારીઓ (શહેરી વિસ્તારોમાં); *મામલતદારો* (ગ્રામીણ વિસ્તારોમાં) અને *પ્રાંત અધિકારીઓ* દ્વારા દર ત્રણ મહિનામાં ઓછામાં ઓછા એક વખત FPSs નું નિયમિત નિરીક્ષણ કરવાની જોગવાઈ છે. રાજ્ય સરકારે નિર્ધારિત(ફેબ્રુઆરી 2016 અને માર્ચ 2018) કર્યું હતું કે દરેક ક્વાર્ટરમાં તમામ FPSs ને નિરીક્ષણ માટે આવરી લેવામાં આવે અને તે મુજબ, દરેક સ્તરે ટીમોની સંખ્યા બનાવવી જોઈએ જેમાં દર મહિને ઓછામાં ઓછા 18 નિરીક્ષણનો લક્ષ્યાંક હોવો જોઈએ.

ઓડિટમાં જોવા મળ્યું કે આઠ પસંદગીના જિલ્લાઓમાં સ્થિત 21 નાયબ મામલતદાર (પુરવઠા)/ઝોનલ કચેરીઓમાં, કોઈપણ શ્રેણીબધ્ધ સ્તરે જરૂરી નિરીક્ષણ ટીમો સ્થાપિત કરવામાં આવી ન હતી. પરિણામે, 2015 થી 2023 ના સમયગાળા દરમિયાન નિરીક્ષણ પ્રક્રિયાના ભાગ રૂપે તમામ FPSsનું નિરીક્ષણ કરવાનો ઉદ્દેશ પૂર્ણ થઈ શક્યો નહીં, જેમ કે નીચે **કોષ્ટક 14** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક 14 : પસંદ કરેલ 21 નાયબ મામલતદાર(પુરવઠા)/ઝોનલ ઓફિસોમાં નિરક્ષણોની સ્થિતિ**

| વિગતો / વર્ષ | FPSs ની સંખ્યા | નિરીક્ષણોની કરવા માટે જરૂરી સંખ્યા | કરવામાં આવેલ નિરીક્ષણોની સંખ્યા | કરવામાં આવેલ નિરીક્ષણો (ટકાવારીમાં) | ઘટ (ટકાવારીમાં) |
|---|---|---|---|---|---|
| **2015-16** | 1,349 | 5,396 | 187 | **03** | **97** |
| **2016-17** | 1,342 | 5,368 | 222 | **04** | **96** |
| **2017-18** | 1,349 | 5,396 | 267 | **05** | **95** |
| **2018-19** | 1,321 | 5,284 | 234 | **04** | **96** |
| **2019-20** | 1,323 | 5,292 | 535 | **10** | **90** |
| **2020-21** | 1,329 | 5,316 | 429 | **08** | **92** |
| **2021-22** | 1,366 | 5,464 | 822 | **15** | **85** |
| **2022-23** | 1,366 | 5,464 | 1,106 | **20** | **80** |
| **કુલ** | **10,745** | **42,980** | **3,802** | **09** | **91** |

(સ્રોત: પસંદ કરેલ 21 નાયબ *મામલતદાર* (પુરવઠા)/ઝોનલ ઓફિસો દ્વારા પૂરી પડાયેલ માહીતી)

ઉપરોક્ત ટેબલ બતાવે છે કે વાર્ષિક નિરીક્ષણ ટકાવારી વર્ષ 2015-16માં માત્ર 3 *ટકા* જેટલી રહી હતી, જ્યારે વર્ષ 2022-23માં તે 20 *ટકા* સુધીના ઉચ્ચ સ્તરે પહોંચી હતી. છતાં પણ, 2015 થી 2023 સુધીના સમગ્ર સમયગાળાને ધ્યાનમાં લેતા, નિરીક્ષણોનો કુલ વ્યાપ માત્ર 9 *ટકા* જેટલો જ હતો.

### *2.1.15 વાજબી ભાવની દુકાનોના લાઇસન્સિંગમાં વિલંબ*

ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કંટ્રોલ) આદેશ, 2015 ની કલમ 10(9) માં FPSના લાયસન્સ સ્થગિત અથવા રદ થવાની સ્થિતિમાં પાત્ર HHsને સતત ખાદ્યાન્ન પુરવઠાની ખાતરી આપવા માટે વૈકલ્પિક પગલાં નક્કી કરવામાં આવ્યા છે. આમાં FPSનું સંચાલન નજીકના સંચાલકને તબદીલ કરવાનો સમાવેશ થાય છે. એ નોંધવું યોગ્ય છે કે જો લાઇસન્સ રદ થાય, તો રદ થવાના એક મહિનાની અંદર નવું લાઇસન્સ જારી કરવું આવશ્યક છે. નીચે આપેલ **કોષ્ટક 15** ડિસેમ્બર 2023 સુધીમાં આઠ પસંદગીના જિલ્લાઓમાં વધારાની જવાબદારી હેઠળ કાર્યરત FPSs વિશે ચોક્કસ માહિતી પ્રદાન કરે છે.

**કોષ્ટક 15: ડિસેમ્બર 2023 સુધીમાં આઠ પસંદગીના જિલ્લાઓમાં વધારાના હવાલા હેઠળ કાર્યરત FPSs ની વિગતો**

| વિગતો | FPSs ની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| પસંદ કરેલા આઠ જિલ્લામાં કાર્યરત કુલ FPSs | 4,615 | 100 |
| નજીકના FPS સંચાલકના વધારાના ચાર્જ હેઠળ કાર્યરત કુલ FPSs | 606[45] | 13 |
| ત્રણ વર્ષથી વધુ અને સાત વર્ષ સુધીના સમય માટે વધારાના ચાર્જ હેઠળ કાર્યરત FPSs | 252 | 42 |
| એક થી ત્રણ વર્ષ માટે વધારાની જવાબદારી હેઠળ કાર્યરત FPSs | 164 | 27 |
| એક વર્ષ થી ઓછા સમય માટે વધારાની જવાબદારી હેઠળ કાર્યરત FPS | 176 | 29 |

**(સ્રોત: PDS પોર્ટલ પરથી પ્રાપ્ત કરેલ માહીતી)**

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે 606 FPSs, જે કુલ 4,615 FPSs ના 13 *ટકા* હતા, તે નજીકના સંચાલકોની વધારાની જવાબદારી હેઠળ હતા. આ 606 FPSs પૈકી, 252 (42 *ટકા*) ત્રણ વર્ષથી લઈ સાત વર્ષ સુધી આ વધારાના ચાર્જ હેઠળ હતા, જ્યારે 164 FPS (27 *ટકા*) એક થી ત્રણ વર્ષ સુધીના સમયગાળા માટે આ સ્થિતિમાં હતા, અને 176 FPSs એક વર્ષથી ઓછા સમય માટે હતા.

સ્પષ્ટપણે, નવા લાઇસન્સ નિર્દિષ્ટ સમય મર્યાદામાં જારી કરવામાં આવ્યા ન હતા, જે દર્શાવે છે કે વિભાગે ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (કંટ્રોલ) આદેશ, 2015 ની જોગવાઈઓનું પાલન કર્યું નથી.

### *2.1.16 સામાજિક ઓડિટ હાથ ધરવામાં ઘટ*

સામાજિક ઓડિટ PDSના સંચાલનમાં પારદર્શિતા, જવાબદારી અને સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરે છે.

NFSA, 2013 ની કલમ 28(1) અને કલમ 40(2)(i) મુજબ, દરેક સ્થાનિક સત્તામંડળ, અથવા રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કોઈપણ અન્ય સત્તામંડળ, FPSs અને PDS ની કામગીરી પર સમયાંતરે સામાજિક ઓડિટ કરશે અથવા કરાવશે અને તેના તારણો જાહેર કરશે અને રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત રીતે જરૂરી પગલાં લેશે.

રાજ્ય સરકારે ઓગસ્ટ 2018 માં સામાજિક ઓડિટનું માળખું રજૂ કર્યું અને ગુજરાત સામાજિક ઓડિટ (વાજબી ભાવની દુકાનો અને ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ) નિયમો, 2018 બહાર પાડ્યા. રાજ્યમાં એપ્રિલ 2016માં NFSA અમલીકરણના બે વર્ષથી વધુ સમય બાદ આ આવ્યું.

માળખા મુજબ, દર છ મહિને ઓછામાં ઓછા એક વખત સામાજિક ઓડિટ હાથ ધરવું આવશ્યક છે. સામાજિક ઓડિટ અહેવાલ, ભલામણો સાથે, સંબંધિત ગ્રામ સભા અથવા નગરપાલિકા/વોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવશે અને દરેક સ્તરે સમીક્ષા અને જરૂરી કાર્યવાહી માટે ક્રમશઃ રીતે, ગ્રામ તકેદારી સમિતિ (VVC), તાલુકા તકેદારી સમિતિ (TVC) અને જિલ્લા તકેદારી સમિતિ (DVC) ને સુપરત કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લા સ્તરે તપાસ કર્યા પછી, અહેવાલ પર લેવાયેલી કાર્યવાહી વધુ જરૂરી કાર્યવાહી માટે નિયામક, ખાદ્ય અને નાગરિક પુરવઠાને મોકલવામાં આવશે.

---

45 14 એવા FPSs કે જ્યાં વધારાની જવાબદારી અંગેની તારીખ ન હતી તેને ઉમેરીને.

રાજ્ય PDS પોર્ટલ પર ઉપલબ્ધ ડેટાની ઓડિટ ચકાસણીમાં વર્ષ 2018 અને વર્ષ 2023 વચ્ચે 21 પસંદ કરેલા તાલુકા/ઝોનલ ઓફિસો (આઠ પસંદ કરેલા જિલ્લાઓમાંથી)ના અધિકારક્ષેત્ર હેઠળના FPSsના સામાજિક ઓડિટમાં 95 *ટકા*નો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો, જે **કોષ્ટક 16** માં દર્શાવવામાં આવ્યો છે:

**કોષ્ટક 16 : 2018-23 દરમિયાન 21 પસંદગીના તાલુકા/ZO હેઠળ આવતા FPSs ના સામાજિક ઓડિટમાં ઘટ**

| સમયગાળો | FPSs ની સંખ્યા | હાથ ધરવા માટે જરૂરી સામાજિક ઓડિટની સંખ્યા | હાથ ધરેલ સામાજિક ઓડિટની સંખ્યા | ટકાવારી માં ઘટાડો |
|---|---|---|---|---|
| 2018-19[46] | 1,321 | 1,321 | 345 | 73.88 |
| 2019-20 | 1,323 | 2,646 | 158 | 94.03 |
| 2020-21 | 1,329 | 2,658 | 07 | 99.74 |
| 2021-22 | 1,366 | 2,732 | 00 | 100.00 |
| 2022-23 | 1,366 | 2,732 | 56 | 97.95 |
| કુલ | **6,705** | **12,089** | **566** | **95.32** |

**(સ્રોત: રાજ્યના PDS પોર્ટલ પર ઉપલબ્ધ માહિતી)**

વધુમાં, નિયમો હેઠળ કલ્પના કરાયેલા સામાજિક ઓડિટના કોઈ અહેવાલો ગ્રામ સભાઓ અથવા નગરપાલિકા/વોર્ડ સમિતિ દ્વારા કોઈપણ સ્તરે એટલે કે ગામ, તાલુકા અને જિલ્લાના સંબંધિત VCs સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા ન હતા.

એક FPS સંચાલક[47] સિવાય, અન્ય તમામ 62 પસંદ કરાયેલા FPS સંચાલકોએ સામાજિક ઓડિટના સંચાલન, FPS પર સંબંધિત અહેવાલો/રેકોર્ડ્સની સુલભતા, તેમજ સામાજિક ઓડિટ માટેની પદ્ધતિઓ અને માળખા પ્રત્યેની તેમની જાગૃતિ અંગેના ઓડિટ પ્રશ્નોના નકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

આમ, લોકોની ભાગીદારી દ્વારા PDSના સંચાલનમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવાના હેતુથી બનાવવામાં આવેલી સામાજિક ઓડિટ સિસ્ટમ મોટાભાગે બિનઅસરકારક રહી હતી.

### *ઉપસંહાર*

ડિસેમ્બર 2023 સુધીમાં, ગુજરાતમાં 3.55 કરોડ વ્યક્તિઓને લાભો મળ્યા હતા, જે NFSA હેઠળ આવરી લેવાના હેતુથી 3.83 કરોડ લક્ષ્ય વસ્તીના 93 *ટકા*નું પ્રતિનિધિત્વ કરે છે. NFSA એ ઓછા ખર્ચે ખાદ્યાન્નની ઉપલબ્ધતામાં સુધારો કર્યો હોવા છતાં, રાજ્યમાં તેના અમલીકરણમાં લગભગ બે વર્ષનો વિલંબ થવાથી તે સમયગાળા દરમિયાન ઇચ્છિત લાભાર્થીઓ માટે પોષણક્ષમ ખાદ્યાન્નની પહોંચ મર્યાદિત થઈ હતી. ઓડિટમાં યોજનાના અમલીકરણમાં અનેક સમસ્યાઓ જોવા મળી હતી. વિભાગને ઇન્વેન્ટરી નિયંત્રણ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, જેમ કે NFSA ના અમલીકરણ અને SCMS મોડ્યુલમાં ફેરફાર સમયે ખાદ્યાન્નનો બંધ સ્ટોક ખૂટવો. તાલુકા ગોદામમાં ખાદ્યાન્નનું અપૂરતું વજન અને હિસાબી વિસંગતતાઓએ સ્ટોક રેકોર્ડની ચોકસાઈ, FPS ને વિતરણ અને હિસાબી ચોપડામાં નોંધાયેલ ઇન્વેન્ટરીની વિશ્વસનીયતા અંગે ચિંતા ઉભી કરી હતી જેના મેળવણાની જરૂર છે. વર્ષ 2015 અને વર્ષ 2023 વચ્ચે ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુ મેળવેલ નમૂના અને પરીક્ષણ અસંગત

46 ઓગસ્ટ 2018 માં નિયમો સૂચિત કરવામાં આવ્યા હોવાથી, 2018-19 દરમિયાન પ્રતિ FPS માત્ર એક જ સામાજિક ઓડિટ ધ્યાનમાં લેવામાં આવ્યું હતું.

47 FPS ID નંબર 396, ગાંધીનગર ઝોનલ, જિલ્લો ગાંધીનગર.

હતા. રાજ્યમાં PDSના નિરીક્ષણ અને દેખરેખ-વ્યવસ્થામાં ખામીઓ હતી. પારદર્શિતા અને લોકોની સામેલગીરી સુધારવાના હેતુથી બનાવવામાં આવેલી સામાજિક ઓડિટ પદ્ધતિ બિનઅસરકારક સાબિત થઈ હતી, જેનાથી વર્ષ 2018 અને વર્ષ 2023 વચ્ચે સામાજિક ઓડિટ કરવામાં 95 *ટકા*ની ઘટ રહી હતી.

### *ભલામણો*

1. ***અયોગ્ય લાભાર્થીઓનો સમાવેશ અટકાવવા માટે, રાજ્ય સરકાર લાભાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી આવકની માહિતીની સંપૂર્ણ ચકાસણી અને ક્રોસ-ચેક કરવા માટે મજબૂત માહિતી માન્યતા પદ્ધતિઓ લાગુ કરી શકે છે.***
2. ***રાજ્ય સરકાર તાલુકા ગોદામો, FPSs અને વિતરણ માહિતીના રજૂ કરાયેલ અહેવાલ વચ્ચે જથ્થાના સમયાંતરે મેળાવણાં માટે એક પ્રમાણિત પ્રક્રિયાની સ્થાપના કરી શકે છે. આમાં વિભાગના રેકોર્ડમાં નોંધાયેલ જથ્થા સાથે ભૌતિક જથ્થાની ઉલટ-તપાસ કરવા અને કોઈપણ વિસંગતતાઓને તરત ઓળખવા અને સંતુલિત કરવાની ખાતરી કરવામાં આવશે.***
3. ***રાજ્ય સરકાર મજબૂત અને પારદર્શક ખાદ્યાન્ન હિસાબી પ્રણાલી વિકસાવી શકે છે, લીકેજના મૂળ કારણોની સંપૂર્ણ તપાસ કરી શકે છે, નુકસાની માટે જવાબદારી સોંપી શકે છે અને ભવિષ્યમાં આવી નુકસાનીને અટકાવવા અને ઘટાડવા માટે સ્પષ્ટ જવાબદારતા કાર્યપધ્ધતી અમલમાં મૂકી શકે છે.***
4. ***રાજ્ય સરકાર નમૂનાઓની પસંદગી માટે સ્પષ્ટ માપદંડો સાથે એક વ્યાપક નમૂના ગણતરી ધોરણ અને સમગ્ર સપ્લાય ચેઇન માટે માનક પોષણ પરીક્ષણ પ્રોટોકોલની સ્થાપના કરી શકે છે.***
5. ***PDSની કામગીરીમાં પારદર્શકતા અને જવાબદારીમાં વધારો કરવા માટે, રાજ્ય સરકારે તેના સમયાંતર મુજબના અહેવાલીકરણ અને મોનિટરિંગ કાર્યપદ્ધતીને મજબૂત બનાવવી જોઈએ, જેમાં ગોદામો અને FPSની નિયમિત તપાસ, સામાજિક ઓડિટનું આયોજન અને રાજ્ય, જિલ્લા, તાલુકા અને FPS સ્તરે તકેદારી સમિતિની નિયમિત બેઠકોનું આયોજન સામેલ છે.***

## નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

## 2.2 ભાવમાં ફેરફારની ઓછી વસૂલાત

**ટેન્ડરની શરતોનું પાલન ન કરવાથી ભાવમાં થયેલ ફેરફારની સામે ₹ 1.02 કરોડની ઓછી વસૂલાત થઈ.**

વડોદરા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર (EE), વડોદરા દ્વારા (05 માર્ચ 2019) "નર્મદા મુખ્ય નહેરથી વડતલાવ ટાંકી (મદાર ખાતે પમ્પિંગ સ્ટેશન અને કુલ 15.55 કિલોમીટર લંબાઈની 600 મીમી વ્યાસની DI-K9 પાઇપલાઇન) સુધી 12.27 ક્યુસેક પાણીના ટ્રાન્સમિશન માટે લિફ્ટ ઇરીગેશન DI-K-9 પાઇપલાઇન પરિયોજના માટે એન્જિનિયરિંગ પ્રોક્યોરમેન્ટ અને કમિશનિંગ (EPC) કરાર"ના કામ માટે મેસર્સ ક્રિષ્ના કન્સ્ટ્રક્શન કંપની અમદાવાદ (એજન્સી) ને ₹ 17.73 કરોડના અંદાજિત ખર્ચ સામે ₹ 17.60 કરોડના ટેન્ડર ખર્ચે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો. આ કામ 11 મહિનાની અંદર એટલે કે 04 ફેબ્રુઆરી 2020 સુધીમાં પૂર્ણ કરવાનું હતું. કરારમાં ક્ષતિ જવાબદારીનો સમયગાળો (ત્રણ વર્ષ) અને 10 વર્ષ માટે પરિયોજનાના સંચાલન અને જાળવણી માટેની શરતો પણ શામેલ હતી. ડ્રાફ્ટ ટેન્ડર પેપર (DTP) ને રાજ્ય સરકાર દ્વારા ઓક્ટોબર 2018 માં મંજૂરી આપવામાં આવી હતી.

ભાવમાં ફેરફાર સંબંધિત ટેન્ડરની કલમ 36 B માં જણાવાયું છે કે જ્યારે સરકાર દ્વારા સિમેન્ટ, સ્ટીલ અને DI પાઈપો સાથે સંકળાયેલા કામ માટે પૂરા પાડવામાં આવતા નથી ત્યારે કોન્ટ્રાક્ટરને આ માટે ચૂકવવાપાત્ર દરમાં વધારો અથવા ઘટાડો કરી આપવામાં આવશે. ચૂકવવાપાત્ર અથવા વસૂલ કરી શકાય તેવી રકમના તફાવતની ગણતરી કલમ 36 B માં નિર્ધારિત સૂત્ર[48] અનુસાર કરવાની હતી. આ જોગવાઈઓ વર્ક ઓર્ડર જારી કર્યાની તારીખથી અને મૂળ અને લંબાવેલ સમય મર્યાદાની સમાપ્તિ સુધી લાગુ હતી

વડોદરા સિંચાઈ વિભાગના EE ના રેકોર્ડની ચકાસણી (મે 2023) માં જાણવા મળ્યું કે કામ ઓગસ્ટ 2021 માં પૂર્ણ થયું હતું. રાજ્ય સરકાર દ્વારા ફેબ્રુઆરી 2020 થી ઓગસ્ટ 2021 સુધીની સમય મર્યાદા લંબાવવાની મંજૂરી (17 જાન્યુઆરી 2022) આપવામાં આવી હતી, જેમાં શરત રાખવામાં આવી હતી કે લંબાવેલ સમયગાળા માટે કોઈ દર તફાવત અથવા કિંમતમાં ફેરફાર ચૂકવવામાં આવશે નહીં પરંતુ વસૂલાત કરવામાં આવશે. જાન્યુઆરી 2022 માં ચૂકવવામાં આવેલા 13મા અને અંતિમ વચગાળાના બિલ મુજબ, એજન્સીને ₹ 16.90 કરોડની ચુકવણી કરવામાં આવી હતી, ત્યારબાદ, જૂન 2024 સુધી કોઈ ચુકવણી કરવામાં આવી ન હતી.

EE દ્વારા ઓડિટને આપવામાં આવેલી માહિતી (જૂન 2024)મુજબ, 13મા અને અંતિમ વચગાળાના બિલ સુધી, એજન્સી પાસેથી સિમેન્ટ, સ્ટીલ અને DI પાઇપ્સના ભાવમાં ફેરફાર માટે ₹ 46,23,065[49] ની રકમ વસૂલ કરવામાં આવી હતી. એવું જોવા મળ્યું હતું કે સિમેન્ટ

---

[48] ચૂકવવાપાત્ર અથવા વસૂલ કરી શકાય તેવી રકમનો તફાવત (A) = B * {C1/C0-1} * D; જ્યાં B= કલમ 36 માં ઉલ્લેખિત સંબંધિત સામગ્રીનો સ્ટાર રેટ જે મહિનામાં મંજૂર કરવામાં આવ્યો છે તે મહિના માટે; C1= રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના (RBI) માસિક બુલેટિનમાં પ્રકાશિત સ્ટીલ, સિમેન્ટ, MS પ્લેટ/HR કોઇલ માટે અનુરૂપ/અનુરૂપ જથ્થાબંધ ભાવ સૂચકાંકની(WPI) ત્રિમાસિક સરેરાશ, જે વિચારણા હેઠળના ત્રિમાસિક ગાળા માટે છે, એટલે કે જેમાં 'D' માં વ્યાખ્યાયિત જથ્થાનો વપરાશ થયો છે; C0=જે મહિનામાં DTP એ મંજૂરી આપી હતી તે મહિના માટે RBI ના માસિક બુલેટિનમાં પ્રકાશિત થયેલ અનુરૂપ/સંબંધિત WPI; D= કોન્ટ્રાક્ટર દ્વારા કામના સ્થળે ખરેખર લાવવામાં આવેલ અને ક્વાર્ટર દરમિયાન કામમાં વપરાયેલ સામગ્રીનો જથ્થો.

[49] (A) સિમેન્ટ-ચુકવણી ₹ 91,666 (B) સ્ટીલ-રિકવરી ₹ 90,844 (C) DI પાઈપો- રિકવરી ₹ 46,23,887 અને (D) રિકવરીની રકમ =₹ 46,23,065/- {B+C-A=D}.

અને સ્ટીલના ભાવમાં ફેરફારની રકમ અનુક્રમે મે 2019 અને જૂન 2019 મહિનામાં થયેલા પ્રથમ વપરાશથી કામમાં વપરાતા સિમેન્ટ(228 મેટ્રિક ટન) અને સ્ટીલના (42.56 મેટ્રિક ટન) સંપૂર્ણ જથ્થા માટે ટેન્ડર કલમ મુજબ ગણતરી કરવામાં આવી હતી. જોકે, DI પાઈપોના કિસ્સામાં, એપ્રિલ 2019 અને જુલાઈ 2021 વચ્ચે કામમાં વપરાયેલા કુલ 15,587 રનિંગ મીટર DI પાઈપોની સામે, મે 2020 અને જુલાઈ 2021 વચ્ચે કામમાં વપરાયેલા 3,704.37 રનિંગ મીટર (24 *ટકા*) DI પાઈપોના ભાવમાં ફેરફાર નક્કી કરવામાં આવ્યો હતો અને તે મુજબ એજન્સી પાસેથી ₹ 46,23,887 ની રકમ વસૂલ કરવામાં આવી હતી. વર્ક ઓર્ડર જારી થયાની તારીખથી ભાવમાં ફેરફારનો નિયમ લાગુ પડતો હોવા છતાં, એપ્રિલ 2019 અને માર્ચ 2020 વચ્ચે વપરાશમાં લેવાયેલા DI પાઇપના 11,882.63 રનિંગ મીટરના ભાવમાં ફેરફાર, ઉપરોક્ત સમયગાળા દરમિયાન લાગુ પડતા નિયમ મુજબ, ન તો વસૂલવામાં આવ્યો હતો કે ન તો એજન્સીને ચૂકવવામાં આવ્યો હતો.

ટેન્ડરની કલમ 36 B માં નિર્ધારિત ફોર્મ્યુલાનો ઉપયોગ કરીને, એપ્રિલ 2019 અને માર્ચ 2020 વચ્ચે કામમાં વપરાયેલા 11,882.63 રનિંગ મીટર DI પાઈપો માટેની કિંમતમાં ફેરફારથી ₹ 1.02 કરોડ[50] ની વસૂલાતની ગણતરી કરવામાં આવી છે. આમ, DI પાઈપો માટે કિંમતમાં ફેરફાર માટે ટેન્ડરની શરતોનું પાલન ન કરવાથી કોન્ટ્રાક્ટર પાસેથી ₹ 1.02 કરોડની ઓછી વસૂલાત થઈ.

વડોદરા સિંચાઈ વિભાગના EE અને અધિક્ષક(ફેબ્રુઆરી 2025) એ જવાબ આપ્યો કે વડોદરા સિંચાઈ વર્તુળે એજન્સીને સમયાંતરે સૂચના આપી હતી પરંતુ તેણે ઉપરોક્ત રકમ જમા કરાવી નથી જ્યારે વિભાગે પંજાબ નેશનલ બેંકનો ₹ 13.40 લાખની FDR જાળવી રાખી છે અને પર્ફોર્મન્સ બોન્ડની રકમ પ્રાપ્ત થયા પછી ₹ 54.60 લાખના પર્ફોર્મન્સ બોન્ડનો દાવો કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, તે અંગે ઓડિટને જાણ કરવામાં આવશે.

50 ડિવિઝન દ્વારા વસૂલવામાં આવેલ કિંમતમાં ફેરફાર ₹ 46,23,887 છે. ઓડિટ દ્વારા ગણતરી કરાયેલ કિંમતમાં ફેરફાર ₹ 1,48,29, 896 છે. વસૂલ કરવાની તફાવતની રકમ ₹ 1,02,06.009 છે.

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામીણ વિકાસ વિભાગ

## 2.3 પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણનું અમલીકરણ

### *2.3.1 પ્રસ્તાવના*

ભારત સરકારે 01 એપ્રિલ 2016 ના રોજ ગરીબી નાબૂદી માટે અને "ઇન્દિરા આવાસ યોજના"માં રહેલી ખામીઓ દૂર કરવા અને યોજનાનું પુનર્ગઠન કરવા "દરેક ને આવાસ" પૂરું પાડવા માટે તેના સ્થાને પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) શરૂ કરી હતી. PMAY-G નો ઉદ્દેશ્ય 2022 સુધીમાં (2024 સુધી લંબાવવામાં આવેલ) આવાસવિહોણા બધા પરિવારો તથા કાચા અને જર્જરિત આવાસો ધરાવતા પરિવારોને મૂળભૂત સુવિધાઓ સાથે *પાકા*[51] આવાસના બાંધકામ માટે ₹1.20 લાખની સહાય કરવાનો હતો.

ગુજરાત સરકારે (GoG) નવેમ્બર 2016 થી PMAY-G લાગુ કરી. આ યોજનામાં લાભાર્થીઓ દ્વારા સ્થાનિક રીતે ઉપલબ્ધ સામગ્રી, ડિઝાઇન અને તાલીમ પામેલા કડિયાઓનો ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત આવાસો બનાવવાનો વિચાર કરવામાં આવ્યો છે. ભારત સરકાર (GoI) અને ગુજરાત સરકાર (GoG) સંયુક્ત રીતે અનુક્રમે 60:40 ના ગુણોત્તર પર યોજના માટે ભંડોળ પૂરું પાડે છે.

### *2.3.1.1 લાભાર્થીઓની ઓળખ અને પસંદગી*


#### ➢ *પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી તૈયાર કરવાની સંપૂર્ણ પ્રક્રિયા*

પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી તૈયાર કરવાની પ્રક્રિયા સામાજિક આર્થિક અને જાતિ વસ્તી ગણતરી (SECC) 2011માં નોંધાયેલા પરિવારોની સંપૂર્ણ યાદીથી શરૂ થાય છે. બાકાત રાખવાની પ્રક્રિયા બે પગલામાં લાગુ કરવામાં આવે છે. જેમાં સૌ પ્રથમ, પાકા આવાસો (કાયમી છત અને/અથવા દિવાલો ધરાવતા) આવાસોને બાકાત રાખવામાં આવે છે. ત્યારબાદ, 13 પૂર્વ-નિર્ધારિત પરિમાણોના આધારે આપોઆપ બાકાત રાખવામાં આવે છે. **(પરિશિષ્ટ-VII)**

આમ બાકાતની પ્રક્રિયાઓ કર્યા પછી, બાકી રહેલ પરિવારોની એક શુદ્ધ યાદી બનાવવામાં આવે છે. આ યાદીમાંથી, સંપૂર્ણ પાત્રતા ધરાવતા લાભાર્થીઓની ઓળખ કરવામાં આવે છે, જેમાં આવાસવિહોણા પરિવારો અને 0, 1, અથવા 2 રૂમવાળા (કાચી દિવાલો અને કાચી છત ધરાવતા) કાચા આવાસોમાં રહેતા પરિવારોનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા ખાતરી કરે છે કે ફક્ત સૌથી નબળા અને આવાસથી વંચિત પરિવારો જ PMAY-G સહાય માટે લાયક બને છે. આ ચિત્ર નીચે આપેલા ફ્લો ચાર્ટ **(ચાર્ટ 1)** માં આપવામાં આવ્યું છે.

---

[51] એક એવું આવાસ જે ઓછામાં ઓછા 30 વર્ષ સુધી વાજબી જાળવણી સાથે, ઉપયોગ અને આબોહવાની પરિસ્થિતિઓ સહિત કુદરતી પરિબળોને કારણે સામાન્ય ઘસારો અને ક્ષયનો સામનો કરવા સક્ષમ હોય.




(સ્રોત: **PMAY-G** માર્ગદર્શિકા)

### ➢ કાયમી પ્રતીક્ષા યાદી અને લક્ષ્યો

ત્યારબાદ પાત્ર લાભાર્થીઓને **SCs, STs અને અન્ય એવા જુથમાં** જૂથબદ્ધ કરવામાં આવે છે, એકવાર SECC ડેટામાંથી શ્રેણીવાર પ્રાથમિકતા યાદીઓ જનરેટ થાય છે અને જાહેર કરવામાં આવે છે, ત્યારે ગ્રામ સભા પાત્રતાની ચકાસણી કરે છે. રાજ્ય સરકાર દ્વારા રચાયેલી અપીલ સમિતિ[52] દ્વારા ખોટી રીતે બાકાત રાખેલ અથવા રેન્કિંગમાં ફેરફાર અંગેની ફરિયાદોની સમીક્ષા કરવામાં આવે છે. ચકાસણી પછી, અંતિમ કાયમી પ્રતિક્ષા યાદી (PWL) ગ્રામ પંચાયત સ્તરે પ્રકાશિત કરવામાં આવે છે અને તાલુકા સ્તરે AwaasSoft[53] માં દાખલ કરવામાં આવે છે.

PMAY-G માર્ગદર્શિકામાં PMAY-G હેઠળ સહાય માટે પાત્રતા ધરાવતા લાભાર્થીઓના પરિવારોની ઓળખ માટેની પ્રક્રિયા દર્શાવવામાં આવી હતી, જેમનો PWL માં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. MoRD એ રાજ્યોને આવા બાકી રહેલા પરિવારોને ઓળખવા અને AwaasSoft પર તેમની માહિતી અપલોડ કરવા માટે એક એડવાઈજરી જારી(જુલાઈ 2017) કરી હતી. સરકારે SECC 2011 હેઠળ બાકી રહેલા લાભાર્થીઓને ઓળખવા માટે જાન્યુઆરી 2018 થી માર્ચ 2019 દરમિયાન Awaas+ સર્વે હાથ ધર્યો હતો.

PMAY-G હેઠળ વાર્ષિક લક્ષ્યો MoRD દ્વારા કેટલાક મુખ્ય પરિબળોના આધારે નક્કી કરવામાં આવે છે, જેમાં PWL ના પાત્રતા ધરાવતા લાભાર્થીઓની સંખ્યા, પાછલા વર્ષની સિદ્ધિઓ, રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો સાથેની ચર્ચાઓ અને સંબંધિત રાજ્યો દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવોનો સમાવેશ થાય છે. મંત્રાલય ભંડોળની ઉપલબ્ધતાને પણ ધ્યાનમાં લે છે અને રાજ્યની વાર્ષિક કાર્ય યોજનાના આધારે ભંડોળ પૂરું પાડે છે. રાજ્યો બદલામાં જિલ્લાઓ અને ગ્રામ પંચાયતોને લક્ષ્યાંકો ફાળવે છે. આધાર, બેંક વિગતો, જમીન રેકોર્ડ વગેરેની ચકાસણી પછી લાભાર્થીઓને AwaasSoftમાં નોંધણી કરાવવામાં આવે છે અને ત્યારબાદ ભંડોળ જાહેર નાણાકીય વ્યવસ્થાપન સિસ્ટમ (PFMS) દ્વારા લાભાર્થીઓને સીધું તબદીલ કરવામાં આવે છે.

52 જિલ્લા મેજિસ્ટ્રેટ/કલેક્ટર અથવા તેમના નોમિની, અન્ય અધિકારી અને ઓછામાં ઓછો એક બિન-સત્તાવાર સભ્ય.

53 AwaasSoft એ વેબ-આધારિત પ્લેટફોર્મ છે, જે લાભાર્થીઓની ઓળખથી લઈને PFMS દ્વારા બાંધકામ-લિંક્ડ સહાય સુધીના તમામ PMAY-G ના કાર્યોનું સંચાલન કરે છે.

SECC 2011 અનુસાર, ગુજરાતમાં ગ્રામ્ય પરિવારોની સંખ્યા 69.20 લાખ[54] હતી; જેમાંથી SECC ડેટા મુજબ (3.21 લાખ) અને Awass+ ડેટા મુજબ (5.92 લાખ) સાથે પાત્રતા ધરાવતા પરિવારોની કુલ સંખ્યા 9.13 લાખ હતી જેમને અંતિમ PWL માં સમાવવામાં આવ્યા હતા. PMAY-G હેઠળ, MoRD દ્વારા ગુજરાત માટે વર્ષ 2024 સુધીમાં 6.06 લાખ પાકા આવાસો બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ, 8 એપ્રિલ 2025 સુધીમાં, MoRD દ્વારા લક્ષ્યાંકમાં સુધારો કરીને માર્ચ 2029 સુધીમાં 9.02 લાખ આવાસો પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો. રાજ્ય સરકારે, તેમ છતાં, નાણાકીય વર્ષ 2025–26ના અંત સુધીમાં 8.49 લાખ આવાસો પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો. આ સુધારેલા લક્ષ્યાંકમાંથી માત્ર 8.27 લાખ આવાસોના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી હતી અને અત્યાર સુધીમાં 5.71 લાખ આવાસોનું નિર્માણ પૂર્ણ થયું છે.

### *2.3.1.2 સંસ્થાકીય રચના*

રાજ્યમાં, આ યોજના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામીણ વિકાસ (PRH&RD) વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. ગ્રામીણ વિકાસ કમિશનર (CRD), જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીઓ (DRDAs) અને તાલુકા વિકાસ કચેરીઓ (TDOs) અને ગ્રામ પંચાયતો (GPs) PMAY-G ના અમલીકરણ અને દેખરેખ માટે જવાબદાર છે. PMAY-G ની યોજના, અમલ અને દેખરેખમાં કેન્દ્ર અને રાજ્ય સ્તરે વિવિધ સત્તાધિકારીઓની ભૂમિકા નીચેના **ચાર્ટ 2** માં દર્શાવવામાં આવી છે.

54 https://secc.gov.in/getSeccDataSummaryDistrictReport.htm/24/23

## ચાર્ટ 2: યોજનાના અમલીકરણ માટે સંસ્થાકીય રચના

### ગ્રામીણ વિકાસ મંત્રાલય

- લક્ષ્યાંકો નક્કી કરવા અને ભંડોળની ફાળવણી.
- યોજનાના અમલીકરણની સમીક્ષા, દેખરેખ અને મૂલ્યાંકન.
- વાર્ષિક કાર્ય યોજનાની મંજૂરી માટે એક સશક્તિકરણ સમિતિની રચના.
- તકનીકી સહાય પૂરી પાડવા માટે રાષ્ટ્રીય તકનીકી સહાય એજન્સીની સ્થાપના.
- વેબસાઇટ વિકસાવી અને MIS સ્થાપનાં કરવી.
- IT સક્ષમ શાસન પ્લેટફોર્મ (AwaasSoft અને AwaasApp) વિકસાવવું.

### ગ્રામ્ય વિકાસ કમિશનરેટ

- વ્યાપક વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરવી.
- કેન્દ્ર/રાજ્યના હિસ્સાની રકમ રાજ્ય નોડલ ખાતામાં સમયસર જારી થાય તે સુનિશ્ચિત કરવું.
- જિલ્લાઓને લક્ષ્યાંકો ફાળવવા અને દરેક હપ્તાની સંખ્યા અને રકમ નક્કી કરવી.
- જિલ્લાઓમાં PMAY-G ની કામગીરીની દેખરેખ રાખવી.
- PMAY-G ને GoIની અન્ય યોજનાઓ સાથે સંકલિત કરવી.
- બાંધકામની ગુણવત્તાની દેખરેખ, અમલીકરણ અને નિયંત્રણના કાર્યો હાથ ધરવા માટે એક સમર્પિત કાર્યક્રમ વ્યવસ્થાપન એકમની સ્થાપના કરવી.

### ZP/DRDA

- જિલ્લાની વાર્ષિક કાર્ય યોજનાઓ તૈયાર કરી અને અંતિમ રૂપ આપવું.
- જમીનવિહોણા લાભાર્થીઓને જમીન ફાળવણીમાં સહાય કરવી.
- જિલ્લા સ્તરે PMAY-G ની દેખરેખ રાખવી.

### બ્લોક/તાલુકા

- AwaasSoft/AwaasApp દ્વારા આવાસોના નિર્માણની પ્રગતિની દેખરેખ અને રીપોર્ટીંગ તેમજ લાભાર્થીને હપ્તાની સમયસર ચુકવણી સુનિશ્ચિત કરવી.
- આવાસોના નિર્માણ માટે તકનીકી માર્ગદર્શન આપવું.
- લાભાર્થીઓને મંજૂરી આદેશ જારી કરવો

### ગ્રામ પંચાયત

- પાત્ર લાભાર્થીઓની સ્થાયી પ્રતીક્ષા યાદી (PWL) ને પ્રાથમિકતા આપી અને અંતિમ રૂપ આપવું.
- બાંધકામ કાર્યની દેખરેખ રાખવી.
- યોજનાના વિવિધ પાસાઓ અંગે લાભાર્થીઓને માર્ગદર્શન આપવું.

### ગ્રામ સભા

- PMAY-G ની સ્થાયી પ્રતીક્ષા યાદીની ચકાસણી અને મંજૂરી.
- PMAY-G નું સામાજિક ઓડિટ કરવું.
- બાંધકામ કાર્યની ચકાસણી કરવી.

### 2.3.1.3 ઓડિટના ઉદ્દેશ્યો

SSC ઓડિટ એ મૂલ્યાંકન માટે હાથ ધરવામાં આવ્યું હતું કે શું:

1. આ યોજના કાર્યક્ષમ રીતે આયોજનબદ્ધ અને અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવી હતી કે જેથી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આવરી લેવામાં આવે, ભૌતિક લક્ષ્યોની સમયસર સિદ્ધિ થાય અને લાભાર્થીઓને સમયસર ભંડોળ પૂરું પાડવામાં આવ્યૂ હતું.
2. લાભાર્થીઓને ઇચ્છિત લાભો પૂરા પાડવા માટે પર્યાપ્ત દેખરેખ અને મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી હતી.

### 2.3.1.4 ઓડિટના માપદંડ

યોજનાના અમલીકરણના મૂલ્યાંકન માટે MoRD GoI દ્વારા જારી કરાયેલ PMAY-G ના અમલીકરણ માટેનું માળખું, GoI અને GoGSS દ્વારા સમયાંતરે જારી કરાયેલા પરિપત્રો, અને સૂચનાઓને માપદંડ તરીકે અપનાવવામાં આવ્યા હતા.

### 2.3.1.5 ઓડિટ અવકાશ અને નમૂના લેવાની પ્રક્રિયા

SSC ઓડિટમાં PMAY-G ના વર્ષ 2017-18 થી વર્ષ 2022-23 ના સમયગાળા દરમિયાનના અમલીકરણને આવરી લેવામાં આવ્યું હતું. ઓડિટ દ્વારા આ માટે 33 જિલ્લાઓમાંથી 10 (30 *ટકા*) પસંદ કરેલ, પસંદ કરેલા 10 જિલ્લાઓમાં 25 તાલુકાઓ[55] (30 *ટકા*) અને 125 ગ્રામ પંચાયતો[56] PPSWOR[57] પદ્ધતિથી પસંદ કરવામાં આવી હતી. નમૂના-પસંદગીની વિગત **(પરિશિષ્ટ-VIII)** માં આપવામાં આવી છે. આ મુજબ, મે 2023થી ઓગસ્ટ 2023 દરમિયાન, રાજ્ય સ્તરે CRDના કચેરીના રેકોર્ડ, 10 જિલ્લાઓના DRDA અને 25 તાલુકા પંચાયતોના રેકોર્ડ ચકાસવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ઓડિટ દ્વારા તાલુકા સ્તરના અધિકારીઓ સાથે મળીને 1,240 આવાસોની[58] સંયુક્ત ભૌતિક ચકાસણી (JPV) અને 1,240 લાભાર્થી ઘર પરિવારનો સર્વે પણ કરવામાં આવ્યો હતો.

### 2.3.1.6 ઓડિટ પદ્ધતિ

પ્રારંભિક બેઠક 03 જાન્યુઆરી 2023ના રોજ કમિશનર અને અગ્ર સચિવ (ગ્રામિણ વિકાસ) સાથે યોજાઈ હતી, જેમાં ઓડિટ ઉદ્દેશ્યો, વ્યાપકતા અને પદ્ધતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમાપન બેઠક 25 માર્ચ 2025ના રોજ યોજાઈ હતી, જેમાં ઓડિટના નિષ્કર્ષોની કમિશનર અને સચિવ, ગ્રામિણ વિકાસ સાથે ચર્ચા કરવામાં આવી હતી. સમાપન બેઠક દરમિયાન સરકાર દ્વારા આપવામાં આવેલી પ્રતિસાદો જરૂરી હોય ત્યાં પેરાગ્રાફમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

---

55 દરેક પસંદ કરેલા જિલ્લામાંથી ઓછામાં ઓછા બે અને વધુમાં વધુ ત્રણ તાલુકાઓને આધીન.

56 પસંદ કરેલા તાલુકાઓમાં 25 *ટકા* ગ્રામ પંચાયતો, દરેક પસંદ કરેલા તાલુકામાંથી મહત્તમ પાંચ ગ્રામ પંચાયતોને આધીન.

57 Probability Proportional to Size Without Replacment

58 પ્રતિ GP 10 લાભાર્થીઓ.

## ઓડીટના તારણો

### *2.3.2 આયોજન*

### *2.3.2.1 કાયમી પ્રતીક્ષા યાદીમાંના લાભાર્થીઓનો સમાવેશ*

રાજ્યમાં SECC-2011 ડેટા અને Awaas+ (2018-19) માટે હાથ ધરાયેલા સર્વેક્ષણ દ્વારા ઓળખાયેલા પાત્રતા ધરાવતા પરિવારોની કુલ સંખ્યા 17.44 લાખ હતી. આમાંથી, બાકાત કરવાના માપદંડના 13 પરિમાણો લાગુ કરીને ચકાસણી દરમિયાન 5.97 લાખ પરિવારો (HHs) ને બાકાત કરવામાં આવ્યા હતા. પરિણામે, યોજના માટે પાત્રતા ધરાવતા પરિવારોની સંખ્યા 11.39 લાખ હતી. વધુમાં, ગ્રામ સભા દ્વારા 2.26 લાખ પરિવારોને નકારી કાઢવામાં આવ્યા પછી, કુલ પાત્રતા ધરાવતા પરિવારોની સંખ્યા 9.13 લાખ થઈ હતી.

પાકુ ઘર હોવું, સ્થળાંતર, મૃત્યુ વગેરે જેવા બાકાત રાખવાના માપદંડો પર અસ્વીકાર કરવામાં આવ્યા હતા. અંતિમ PWL માં પાત્રતા ધરાવતા પરિવારોની વિગતો **કોષ્ટક 1** માં આપવામાં આવી છે:

**કોષ્ટક 1: રાજ્યમાં 2016-24 માટે અંતિમ PWL માં પાત્રતા ધરાવતા પરિવારોની વિગતો**

**(આંકડા લાખમાં)**

| માહિતી સ્રોત | પરિવારોની સંખ્યા | *Awaassoft* દ્વારા ચકાસણી દરમિયાન બાકાત કરાયેલા પરિવારોની સંખ્યા | પાત્રતા ધરાવતા પરિવારોની સંખ્યા | ગ્રામસભા દ્વારા નકારાયેલા પરિવારોની સંખ્યા | આખરી પાત્રતા ધરાવતા પરિવારોની કુલ સંખ્યા (*PWL* માં સમાવિષ્ટ) |
|---|---|---|---|---|---|
| SECC 2011 | 11.06 | 5.86 | 5.15 | 1.94[59] | 3.21 |
| Awaas+ | 6.38 | 0.11 | 6.24 | 0.32[60] | 5.92 |
| **કુલ** | **17.44** | **5.97** | **11.39** | **2.26** | **9.13** |

**(સ્રોત: Awaas+ માહિતી અને CRD દ્વારા પૂરી પડાયેલ માહિતી)**

MoRD દ્વારા શરૂઆતમાં રાજ્ય સરકારને 6.06 લાખ આવાસોના નિર્માણ માટેનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો. AwassSoft પર ઉપલબ્ધ માહિતી (7 સપ્ટેમ્બર 2023) અનુસાર રાજ્યએ 4.42 લાખ લાભાર્થીઓને આવાસો આપ્યા છે, જે ફાળવાયેલા લક્ષ્યાંકના માત્ર 73 *ટકા* જેટલા છે.

સરકારે સમાપન બેઠકમાં જણાવ્યું(માર્ચ 2025) હતું કે MoRD દ્વારા રાજ્યને આપવામાં આવેલા નવા લક્ષ્યાંકો હેઠળ તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. વધુમાં, તેમણે જણાવ્યું હતું કે યોજના આગામી પાંચ વર્ષ માટે માર્ચ 2029 સુધી લંબાવવામાં આવી છે.

ઓડિટે PWLના આખરીકરણમાં ખામીઓ નોંધી હતી, જેની આગળના ફકરાઓમાં ચર્ચા કરવામાં આવી છે.

59 પ્રાથમિકતા નિર્ધારણ દરમિયાન 5,000 લાભાર્થીઓને નકારવામાં આવ્યા.

60 પ્રાથમિકતા નિર્ધારણ દરમિયાન 3,000 લાભાર્થીઓને નકારવામાં આવ્યા.

### *(i) Awaas+ PWL માં પાત્રતા ધરાવતા લાભાર્થીઓને બાકાત રાખવા*

PMAY-Gની માર્ગદર્શિકાઓ મુજબ ગ્રામ સભાએ એવા પરિવારો માટે અલગ યાદી તૈયાર કરવી જોઈએ, જે અન્યથા પાત્ર હતા પરંતુ SECC સર્વે દરમિયાન સિસ્ટમ દ્વારા જનરેટ કરેલી પ્રાથમિકતા યાદીમાં સમાવિષ્ટ થયા ન હોય.

MoRD, GoI (જાન્યુઆરી 2018) એ આવા પરિવારોનો સમાવેશ કરવા માટે એક પ્રક્રિયા નક્કી કરી, જેઓ યોજના હેઠળ સહાય માટે પાત્ર હતા પરંતુ AwaasSoft પર અપલોડ કરાયેલ અંતિમ PWL માં સામેલ ન હતા, અને આ કાર્ય 31 માર્ચ 2018 સુધીમાં પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરી હતી .

પસંદ કરાયેલા 25 માંથી પાંચ તાલુકાઓમાની 15 GPsના ઓડિટમાં જોવા મળ્યું કે 3,764 લાભાર્થીઓમાંથી, 259 પાત્ર લાભાર્થીઓ[61] (6.88 *ટકા*) ને સંબંધિત ગ્રામ સભાઓ દ્વારા PMAY-G ઘરોના PWL માં સમાવેશ માટે ઓળખવામાં આવ્યા હતા. તેમ છતાં, ગ્રામ પંચાયતો તરફથી ગ્રામ સભાના ઠરાવ મોડેથી મળવાને કારણે TDO દ્વારા આ પાત્ર લાભાર્થીઓને Awaas+ PWLમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા ન હતા. પરિણામે, Awaas+ સોફ્ટવેરમાં 31 માર્ચ 2018ની સમયમર્યાદામાં તેમની વિગતો ડેટામાં લઈ શકાય નહીં. તદનુસાર, આ પાત્ર લાભાર્થીઓ આખરી PWLમાંથી બહાર રહી ગયા અને તેમને સહાય પ્રાપ્ત થઈ ન હતી.

સરકારે જણાવ્યું (માર્ચ 2025) હતું કે વંચિત રહેલા લાભાર્થીઓને તાજેતરમાં ચાલી રહેલા Awaas+ સર્વે 2024માં આવરી લેવામાં આવશે.

### 2.3.2.2 *PwD લાભાર્થીઓની અપૂરતું રિપોર્ટિંગ*

PMAY-Gની માર્ગદર્શિકાઓ અનુસાર, રાજ્યોને રાજ્ય સ્તરે કુલ લાભાર્થીઓમાંથી ઓછામાં ઓછા ત્રણ *ટકા* લાભાર્થીઓ દિવ્યાંગ વ્યક્તિઓ (PwD) હોવા જરૂરી હતા, જેને બાદમાં GoI દ્વારા 19 એપ્રિલ 2017થી પાંચ *ટકા* સુધી વધારવામાં આવ્યા. વિગતો આપવાની જવાબદારી ગ્રામ પંચાયતોની છે અને AwaasSoftમાં ડેટા એન્ટ્રી કરવાની જવાબદારી TDOની છે.

તેમ છતાં, ઓડિટ તપાસમાં જાણવા મળ્યું કે ઓગષ્ટ 2023 સુધીમાં રાજ્યમાં લક્ષ્યાંકિત કુલ 6.06 લાખ આવાસોમાથી SECC ડેટા મુજબ ફક્ત 579 લાભાર્થીઓ (0.10 *ટકા*) PwD શ્રેણી હેઠળ AwaasSoftમાં નોંધાયેલા હતા. વધુમાં, 33 જિલ્લાઓમાંથી પાંચ[62] જિલ્લામાં કોઈ પણ PwD લાભાર્થી નોંધાયેલા નહોતા.

ઓડિટે વધુમાં નોંધ્યું કે ગ્રામ પંચાયતો દ્વારા PwD લાભાર્થીઓની વિગતો નોંધવામાં આવી નહોતી, જેના કારણે TDOઓ AwaasSoftમાં પેટાશ્રેણી વિભાગમાં PwDની વિગતો દાખલ કરી શક્યા ન હતા, કે જે યોજનાની માર્ગદર્શિકા મુજબ કરવાનું જરૂરી હતું.

માર્ચ 2025માં યોજાયેલી સમાપન બેઠક દરમિયાન રાજ્ય સરકારે આ મુદ્દાને સ્વીકાર્યો હતો અને ખાતરી આપી હતી કે PwD ના વ્યાપની ચકાસણી કરવામાં આવશે અને જરૂરી પગલાં લેવામાં આવશે.

### *2.3.2.3 જમીન વિહોણા લાભાર્થીઓને જમીન આપવાની જોગવાઈ.*

PMAY-G ની માર્ગદર્શિકા અનુસાર, જમીન વગરના લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા સરકારી કે જાહેર જમીનમાંથી જમીન આપવામાં આવવી જોઈએ. મે 2017માં, રાજ્ય સરકારે એક પરિપત્ર બહાર પાડ્યો હતો કે જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં જમીન વગરના પરીવારોને આવાસ

[61] જામનગર-21, સુરેન્દ્રનગર-19, મોરબી- 181 , ભરૂચ -38.

[62] દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, જામનગર, ખેડા અને પોરબંદર.

બાંધકામ માટે 100 ચોરસ વારનો પ્લોટ નિઃ શુલ્ક આપવાની જોગવાઈઓ દર્શાવવામાં આવી હતી.

દરેક ગ્રામ પંચાયત નિઃ શુલ્ક પ્લોટની જરૂર હોય તેવા પરિવારો પાસેથી અરજીઓ એકત્રિત કરે છે, રજિસ્ટર નિભાવે છે અને TDO ને વિગતો સુપરત કરે છે. આ રજીસ્ટરના આધારે TDO ગામવાર પાત્ર લાભાર્થીઓની યાદી જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને વિકાસ કમિશનરને મોકલે છે. તાલુકા જમીન સમિતિ અરજીઓની સમીક્ષા કરીને મંજૂરી આપવા કે ન આપવાનો નિર્ણય કરે છે, જ્યારે સર્કલ ઇન્સ્પેક્ટર ગામતળ વિસ્તારનું સર્વેક્ષણ કરે છે, પ્લોટો ચિંહિત કરે છે અને 'સનદ'[63] તૈયાર કરે છે. મંજૂર પ્લોટો લાભાર્થીઓને ગ્રામ પંચાયત દ્વારા સનદ સાથે સોંપવામાં આવે છે.

નવેમ્બર 2022માં MoRD દ્વારા રાજ્યોને સૂચના આપવામાં આવી હતી કે તેઓ સ્થાયી પ્રતિક્ષા યાદી (PWL)માંથી ઓળખાયેલા જમીન વિહોણા પરિવારોને જમીન ફાળવે અને 15 ડિસેમ્બર 2022 સુધીમાં તેમના આવાસો મંજૂર કરે, જેથી લક્ષ્યાંક પાછો ખેંચવાનું ટાળી શકાય. આ સમયમર્યાદા પછીથી 31 માર્ચ 2023 સુધી લંબાવવામાં આવી હતી.

ઓડિટમાં નોંધ્યું કે વર્ષ 2017 થી વર્ષ 2023 દરમિયાન PMAY-G હેઠળ જમીન વિહોણા પરિવારોને વિવિધ સ્તરે જમીન ફાળવવામાં આવી હતી, જે નીચેના **કોષ્ટક 2**માં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક 2: જમીનવિહોણા પરીવારોને જમીન ફાળવણીની સ્થિતિ (2017–23)**

| સ્તર | લક્ષ્યાંકિત જમીનવિહોણા HHs | જમીન ફાળવણી | ફાળવેલ ટકા | જમીનની ફાળવણી ન કરાઈ |
|---|---|---|---|---|
| રાજ્ય | 12,500 | 9,135 | 73 | 3,365 |
| પસંદ કરેલ 10 જીલ્લાઓ | 2,527 | 1,686 | 67 | 841 |

(સ્રોત: CRD, DRDA અને TDO દ્વારા પૂરી પડાયેલ માહિતી)

માર્ચ 2025 માં યોજાયેલી સમાપન બેઠક દરમિયાન, રાજ્ય સરકારે PMAY-G હેઠળ જમીન ફાળવણીમાં ઘટાડો સ્વીકાર્યો અને ગામતળ[64] જમીનની ઉપલબ્ધતા ન હોવી, લાભાર્થીઓ તેમના ગામની બહાર સ્થળાંતર કરવા માટે અનિચ્છા જેવા કારણો જણાવ્યા. એવી પણ માહિતી આપવામાં આવી હતી કે વિભાગ ભૂમિહીન લાભાર્થીઓને જમીન પૂરી પાડવા માટે **નવી નીતિ**[65] રજૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.

### *(i) જમીનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કર્યા વિના આવાસોની મંજૂરી*

રાજ્ય સરકારે (2017) સૂચના આપી હતી કે જો ગામતળ જમીન ઉપલબ્ધ હોય તો તાત્કાલિક રીતે 100 ચોરસ વારના નિઃ શુલ્ક પ્લોટની ફાળવણી કરવાની જોગવાઈ કરવામાં આવે. નિઃ શુલ્ક પ્લોટ ફાળવણી (સનદ) માટેનો પ્રસ્તાવ ગ્રામ પંચાયતો દ્વારા TDOને રજૂ કરવાનો હતો.

63 'સનદ' એ લાભાર્થીઓને મફત પ્લોટ (સરકારી જમીન) ના હકના હસ્તાંતરણ માટેનો કાનૂની દસ્તાવેજ છે.

64 ગ્રામ પંચાયત હેઠળ ગામમાં આવેલ રહેણાંક વિસ્તાર.

65 પંચાયત, ગ્રામીણ આવાસ અને ગ્રામીણ વિકાસ વિભાગ, ગુજરાત સરકારની બજેટ પ્રેસ નોટ (2025-26) મુજબ, પીએમએવાય-જી હેઠળ આવરી લેવાયેલા જમીનવિહોણા લાભાર્થીઓને પ્લોટ ખરીદવા માટે પ્રતિ લાભાર્થી ₹1 લાખ સુધીની નાણાકીય સહાય પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે.

ઓડિટમાં બે પસંદ કરેલા જિલ્લાઓ (ભરૂચ અને સુરેન્દ્રનગર)માં જોવા મળ્યું કે TDOએ વર્ષ 2018 થી વર્ષ 2024 (જુલાઈ 2023 સુધી) દરમિયાન જમીનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કર્યા વગર જમીન વગરના 402 લાભાર્થીઓમાંથી[66] 96 માટે આવાસો મંજૂર કર્યા. તેમાં 48 કેસોમાં અરજી મંજૂર થયા બાદ પણ 'સનદ' બાકી હતી, જ્યારે 32 કેસોમાં જમીન સમિતિની બેઠક યોજાઈ નહોતી. બાકીના 16 કેસોમાં સંબંધિત ગ્રામ પંચાયત (GP)માં જમીન ઉપલબ્ધ ન હોવાને કારણે જમીનની ફાળવણી કરી નહોતી.

આ ઉપરાંત, TDOએ માર્ચ 2023માં 10 લાભાર્થીઓને ₹3.00 લાખનો પ્રથમ હપ્તો જમીનનો કબજો સુનિશ્ચિત કર્યા વિના છુટ્ટો કર્યો હતો.

સરકારે જણાવ્યું (માર્ચ 2025) હતું કે પ્રાથમિકતા યાદીમાં આવેલા જમીન વગરના લાભાર્થીઓની અવગણના કરવામાં આવી નથી અને જમીન વગરના પરીવારોને મંજૂરી આપવામાં આવી છે. જોકે, લાભાર્થીઓને ચુકવવામાં આવેલી પ્રથમ હપ્તાની સમીક્ષા કરવામાં આવશે અને જરૂરી પગલાં લેવામાં આવશે.

## *2.3.3 અમલીકરણ*

### *2.3.3.1 PMAY-G હેઠળ આવાસોનું બાંધકામ પૂર્ણ*

PMAY-G માર્ગદર્શિકામાં જણાવાયું છે કે રાજ્યના વાર્ષિક ભંડોળની ફાળવણી MoRD, (GoI) દ્વારા મંજૂર કરાયેલ વાર્ષિક કાર્ય યોજના (AAP) પર આધારિત છે. મંજૂર થયેલ AAP ના આધારે જિલ્લાઓ/તાલુકાઓને લક્ષ્યાંકો આપવામાંમાં આવે છે. આવાસનું બાંધકામ આવાસની મંજૂરીની તારીખથી 12 મહિનાની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે. વર્ષ 2016-23 માટે AwaasSoft ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે રાજ્ય નિર્ધારિત સમયમાં લક્ષ્ય પ્રાપ્ત કરી શક્યું નથી, 8 જૂન 2023 સુધીની વિગતો નીચે **કોષ્ટક 3** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 3: વર્ષ 2016-23 દરમિયાન મંજૂર થયેલા અને પૂર્ણ થયેલા આવાસોની સ્થિતિ**

| પ્રદેશ | લક્ષિત આવાસો | મંજૂર આવાસો | પૂર્ણ થયેલ આવાસો | સિદ્ધિ (*ટકા*) |
|---|---|---|---|---|
| રાજ્ય | 6,06,040 | 5,25,949 | 4,06,266 | 67 |
| નમૂના-તપાસેલ 10 જિલ્લાઓ | 2,57,764 | 2,26,272 | 1,86,285 | 72 |

**(સ્ત્રોત: AwaasSoft માહિતી)**

વર્ષ 2016 થી વર્ષ 2023ના સમયગાળા દરમિયાન, રાજ્યભરમાં કુલ 6,06,040 આવાસોના નિર્માણનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. આમાંથી, 5,25,949 આવાસોને મંજૂર કરવામાં આવેલ હતા, અને 4,06,266 આવાસો (67 *ટકા*) પૂર્ણ થયા હતા.

નમૂના-તપાસેલ 10 જિલ્લાઓમાં, 2,57,764 આવાસોનું લક્ષ્ય રાખવામા આવેલ હતું. જેમાંથી, 2,26,272 આવાસોને મંજૂરી આપવામાં આવી હતી, અને 1,86,285 આવાસો (72 *ટકા*) પૂર્ણ થયા હતા.

ઓડિટમાં વધુમાં જાણવા મળ્યું છે કે, રાજ્યભરમાં, 4,06,266 પૂર્ણ થયેલા આવાસોમાંથી, 2,98,978 આવાસો (74 ટકા) સમયસર પૂર્ણ થયા હતા અને 10 પસંદ કરેલા જિલ્લાઓમાં, 1,86,285 પૂર્ણ થયેલા આવાસોમાંથી કુલ 1,27,687 આવાસો નિર્ધારિત 12 મહિનાની

---

66 એક આવાસ (2018-19), 11 આવાસ (2020-21), એક આવાસ (2021-22), 75 આવાસ (2022-23) અને આઠ આવાસ (2023-24).

સમયમર્યાદામાં બનાવવામાં આવ્યા હતા. બાકીના કિસ્સાઓમાં નીચેના **કોષ્ટક 4** માં દર્શાવ્યા મુજબ વિલંબ જોવા મળ્યો:

**કોષ્ટક 4: આવાસોના બાંધકામમાં વિલંબ**

| ક્ષેત્ર | પૂર્ણ થયેલ આવાસો | 12 મહિનાના સમયગાળા દરમિયાન પૂર્ણ થયેલ | 1 થી 2 વર્ષના વિલંબથી | 2 વર્ષથી વધુ વિલંબ |
|---|---|---|---|---|
| રાજ્ય | 4,06,266 | 2,98,978 (74 *ટકા*) | 84,580 (21 *ટકા*) | 22,708 (પાંચ *ટકા* ) |
| નમૂના-તપાસેલ 10 જિલ્લાઓ | 1,86,285 | 1,27,687 (69 *ટકા*) | 46,393 (25 *ટકા*) | 12,205 (છ *ટકા*) |

**(સ્રોત: AwaasSoft માહિતી)**

DRDAsએ અધૂરા આવાસો માટે સ્થળાંતર, નાણાકીય અવરોધો અને આવાસો બનાવવાની અનિચ્છા અને ભૂમિહીન લાભાર્થીઓને આવાસો મંજૂર કરવા જેવા કારણો ગણાવ્યા છે.

સરકારે જણાવ્યું(માર્ચ 2025) હતું કે બાકી રહેલા આવાસો સમયસર પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.

### *2.3.3.2 લાભાર્થીઓને અનિયમિત બેવડા લાભો*

PMAY-G માર્ગદર્શિકામાં એવી જોગવાઈ હતી કે જો કોઈ પરિવારને કોઈપણ સરકારી યોજના હેઠળ આવાસ ફાળવવામાં આવ્યું હોય, તો ગ્રામ સભા આવા પરિવારનું નામ યોગ્ય લાભાર્થીઓની સિસ્ટમ-જનરેટેડ પ્રાથમિકતા યાદીમાંથી બાકાત કરશે.

ઓડિટમાં એવા કિસ્સાઓ જોવા મળ્યા કે જ્યાં લાભાર્થીઓએ PMAY(G) ઉપરાંત વિવિધ આવાસ યોજનાઓનો લાભ મેળવ્યો, જેની ચર્ચા નીચે મુજબ છે:

#### *(i) PMAY-G અને PMAY-શહેરી હેઠળ મેળવેલ લાભો*

PMAY-G હેઠળના 10 જિલ્લાઓમાંથી, બે જિલ્લાઓ (જામનગર અને સુરત) માં, 24 લાભાર્થીઓ[67]ને PMAY- Urban હેઠળ પણ આવાસો મંજૂર કરવામાં આવ્યા હતા. આ 24 લાભાર્થીઓમાંથી, સાત લાભાર્થીઓ[68] એ યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતા PMAY-U હેઠળ ₹16.55 લાખની નાણાકીય સહાય મેળવી હતી, ઉપરાંત PMAY-G **(પરિશિષ્ટ-IX)** હેઠળ ₹3.10 લાખની નાણાકીય સહાય મેળવી હતી.

સરકારે હકીકતો સ્વીકારી અને જણાવ્યું (માર્ચ 2025) હતું કે ગ્રામીણ વિસ્તારોને શહેરી વિસ્તારોમાં ભેળવી દેવાથી ચોક્કસ લાભાર્થીઓને PMAY-U અને PMAY-G બંને હેઠળ સહાય મળી હતી. આવા કેસોની હવે ચકાસણી કરવામાં આવશે, અને PMAY-U અથવા PMAY-G હેઠળ આપવામાં આવેલી કોઈપણ વધારાની નાણાકીય સહાય વસૂલવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

---

67 જામનગર (છ) અને સુરત (18).

68 છ લાભાર્થીઓએ પહેલા PMAY-G હેઠળ લાભ મેળવ્યો હતો જ્યારે બાકીના એક લાભાર્થીને PMAY-U હેઠળ લાભ મળ્યો હતો.

### (ii) અન્ય આવાસ યોજનાઓ સાથે PMAY-G હેઠળ મેળવેલ લાભો

ઓડિટ ચકાસણીમાં વધુમાં જાણવા મળ્યું કે નમૂના-તપાસેલ 10 માંથી ત્રણ જિલ્લાઓમાં, 713 લાભાર્થીઓને PMAY-G તેમજ રાજ્યના ગ્રામીણ વિસ્તારો માટે અમલમાં મુકાયેલી અન્ય કેન્દ્ર/રાજ્ય પ્રાયોજિત આવાસ યોજનાઓ હેઠળ આવાસો મંજૂર કરવામાં આવ્યા હતા. નીચે આપેલા **કોષ્ટક 5** માં દર્શાવ્યા મુજબ, 532 લાભાર્થીઓને[69] PMAY-G હેઠળ ₹211.70 લાખ અને ગ્રામીણ વિસ્તારો માટેની અન્ય આવાસ યોજનાઓ હેઠળ ₹240.43 લાખની નાણાકીય સહાય મળી હોવાનું જાણવા મળ્યું છે:

**કોષ્ટક 5: અન્ય યોજનાઓમાં મંજૂર થયેલા આવાસો મેળવનારા લાભાર્થીઓની વિગતો**

| અન્ય યોજનાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | સહાયની રકમ (₹ લાખમાં) |
|---|---|---|
| ઇન્દિરા આવાસ યોજના | 199 | 89.21 |
| સરદાર પટેલ આવાસ યોજના | 325 | 147.62 |
| આદિજાતિ પેટા યોજના | 05 | 2.39 |
| પંડિત દીન દયાલ આવાસ યોજના | 03 | 1.20 |
| કુલ | **532** | **240.42** |

*(સ્ત્રોત: **DRDAs** દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી)*

આ દર્શાવે છે કે ઘર મંજૂર કરતા પહેલા વિવિધ આવાસ યોજનાઓમાં લાભાર્થીઓને ગ્રામ સભા દ્વારા માન્ય કરવામાં આવ્યા ન હતા, જેના કારણે આ લાભાર્થીઓને વધુ લાભો મળ્યા જ્યારે લાયક અને જરૂરિયાતમંદ લાભાર્થીઓ વંચિત રહ્યા.

સરકારે હકીકતો સ્વીકારી અને જણાવ્યું (માર્ચ 2025) કે આ બાબતની તપાસ કરવામાં આવશે, અને તે મુજબ પગલાં લેવામાં આવશે.

### 2.3.3.3 મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય યોજના

રાજ્ય સરકારે PMAY-G હેઠળ આવાસના બાંધકામને ઝડપી બનાવવા માટે મુખ્ય મંત્રી આવાસ પ્રોત્સાહક સહાય યોજના (MMAPSY) રજૂ કરી (જૂન 2018). PMAY-G દ્વારા પૂરી પાડવામાં આવતી ₹1.20 લાખની માનક એકમ સહાય ઉપરાંત, આ યોજના પૂરી પાડે છે:

a) આવાસ બાંધકામ માટે આવાસ લોન મેળવનારા લાભાર્થીઓને ₹20,000 (પાંચ વર્ષ માટે પ્રતિ વર્ષ ₹4,000) ની વ્યાજ સબસિડી.

b) પ્રથમ હપ્તો જારી થયાના છ મહિનાની અંદર બાંધકામ પૂર્ણ કરનારા લાભાર્થીઓને ₹20,000 ની વધારાની ઉચ્ચક રકમનું પ્રોત્સાહન આપવામાં આવશે.

ઓડિટમાં MMAPSY ના અમલીકરણમાં નીચેની ખામીઓ મળી.

### (i) MMAPSY હેઠળ વ્યાજ સબસિડી ભંડોળનો ઉપયોગ ન કરવો

યોજના માર્ગદર્શિકામાં જણાવાયું છે કે વધારાના નાણાકીય સહાયની જરૂર હોય તેવા લાભાર્થીઓને ડિફરન્શિયલ રેટ ઓફ ઇન્ટરેસ્ટ (DRI) હેઠળ ₹70,000 સુધીની લોન મેળવવાની સુવિધા આપવામાં આવશે. રાજ્ય સરકારે રાજ્ય/જિલ્લા સ્તરની બેંકર્સ સમિતિઓ (SLBC/DLBC) ની બેઠક યોજવાની હતી જેમાં લોન પૂરી પાડવા માટે વ્યાજ

69 દાહોદ (529), જામનગર (એક) અને સુરત (બે).

દર અને ચુકવણીનો સમયગાળા સહિતની પદ્ધતિઓ અને નિયમો અને શરતોની ચર્ચા કરવાની હતી.

CRDએ લાયક[70] લાભાર્થીઓને વ્યાજ સબસિડી પૂરી પાડવા માટે તમામ DRDA ને ₹3.00 કરોડ ફાળવ્યા (ડિસેમ્બર 2018) હતા. જોકે, ઓડિટમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે SLBC/DLBC સાથે કોઈ બેઠક યોજાઈ ન હતી અને રાજ્યમાં સહાય પૂરી પાડવા માટે લાયક લાભાર્થીઓને ઓળખવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. પરિણામે, ₹3.00 કરોડની ગ્રાન્ટ DRDA ખાતે વણ-વપરાયેલી પડી રહી હતી. ડિસેમ્બર 2022 સુધીમાં, જિલ્લાઓ દ્વારા ભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો કે રાજ્યને પરત પણ કરવામાં આવ્યો ન હતો.

સરકારે હકીકતો સ્વીકારી અને જણાવ્યું (માર્ચ 2025) હતું કે રાજ્યમાં કોઈ લાભાર્થીએ ₹70,000 ની લોન માટે અરજી કરી નથી. હવે, દરેક DRDA પાસેથી વણ-વપરાયેલ ભંડોળ વસૂલવામાં આવી રહ્યું છે.

### *(ii) MMAPSY હેઠળ વધારાના પ્રોત્સાહનોનો ઓછો ઉપયોગ*

પાત્રતા[71] ધરાવતા લાભાર્થીઓને ₹20,000 નું વધારાનું પ્રોત્સાહન મળી રહે તે માટે MMAPSY યોજના હેઠળ, CRD એ ઓગસ્ટ 2022 થી ફેબ્રુઆરી 2023 ના સમયગાળા દરમિયાન તમામ DRDA ને ₹45.13 કરોડ રૂપિયા છુટ્ટા કર્યા.

ઓડિટમાં જોવા મળ્યું કે રાજ્ય સ્તરે, મે 2022 માં 18,211 લાભાર્થીઓને વધારાના પ્રોત્સાહન આપવા માટે ઓળખવામાં આવ્યા હતા. આમાંથી, ફક્ત 8,101 લાભાર્થીઓ (44 *ટકા*) ને સહાય મળી હતી, જ્યારે બાકીના 10,110 લાભાર્થીઓને ઓગસ્ટ 2022 સુધીમાં લાભ આપવામાં આવ્યો ન હતો.

વધુમાં, નમૂના તપાસેલ 25 તાલુકાઓમાં, વર્ષ 2017-23 દરમિયાન 4,104 લાભાર્થીઓને પ્રોત્સાહન માટે ઓળખવામાં આવ્યા હતા. જેમાંથી, ફક્ત 1,170 લાભાર્થીઓ (29 *ટકા*) ને ₹233.60 લાખનું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, જ્યારે 2,934 લાભાર્થીઓ (71 *ટકા*) ને પ્રોત્સાહનની ચૂકવણી કરવામાં આવી ન હતી.

TDOએ જણાવ્યું હતું કે ચુકવણીઓ કરવા માટે સંબંધિત DRDAને દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. આમ છતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે DRDA દ્વારા મે 2023 સુધીમાં ચુકવણી કરેલ ન હતી.

જે જિલ્લા અને તાલુકા-સ્તરના અધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ દર્શાવે છે, જેના કારણે MMAPSY યોજનાના અમલીકરણ પર પ્રતિકૂળ અસર પડી હતી.

સરકારે સ્વીકાર્યું (માર્ચ 2025) હતું અને જણાવ્યું કે લાભાર્થીની અંતિમ યાદી તૈયાર કરવાની જવાબદારી જિલ્લા અધિકારીઓની છે, અને રાજ્ય આ પ્રક્રિયા માટે તેમના પર નિર્ભર છે. વધુમાં, MoRD એ AwaasSoft માં એક સમર્પિત MMAPSY મોડ્યુલ ઉમેરવાને મંજૂરી આપી હતી, જે MMAPSY હેઠળ લાભાર્થીઓની સમયસર ઓળખ અને પ્રોત્સાહનોનું વિતરણને સરળ બનાવશે.

---

70 યોજના હેઠળ ₹70,000 સુધીની આવાસ લોન મેળવનાર અને પાંચ વર્ષ માટે ₹4,000/- પ્રતિ વર્ષ વ્યાજ સબસિડી માટે પાત્રતા ધરાવતા હોય તેવા લાભાર્થીઓ.

71 પ્રથમ હપ્તો આપ્યાના છ મહિનાની અંદર બાંધકામ પૂર્ણ કરનારા લાભાર્થીઓ.

### *2.3.3.4 બાથરૂમ સહાય યોજનાનો અમલ*

રાજ્ય સરકારે 'બાથરૂમ સહાય યોજના (BSS)' રજૂ કરી(જુલાઈ 2020). આ યોજના હેઠળ, લાભાર્થી ₹3,000 નું યોગદાન આપે છે, અને રાજ્ય સરકાર PMAY-G હેઠળ મંજૂર થયેલા આવાસોમાં બાથરૂમ પૂર્ણ કરવા માટે ₹5,000 પ્રદાન કરે છે.

PMAY-G હેઠળ મંજૂર થયેલા આવાસોમાં એક લાખ બાથરૂમ બનાવવાના લક્ષ્ય સાથે લાભાર્થીઓને સહાય પૂરી પાડવા માટે CRDને વિભાગ તરફથી ₹50.55 કરોડ મળ્યા(માર્ચ 2021). જેમાંથી, ₹19.04 કરોડ (38 *ટકા*) DRDA ને રિલીઝ કરવામાં આવ્યા હતા, જ્યારે ₹30.96 કરોડ (62 *ટકા*) CRD પાસે રહ્યા હતા.

જિલ્લા સ્તરે, દસ પસંદ કરેલ જિલ્લાઓમાં, CRDએ 2020-23 દરમિયાન BSS યોજના હેઠળ 8,154 પાત્રતા ધરાવતા લાભાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે DRDA ને ₹407.70 લાખ ફાળવ્યા. જોકે, ત્રણ જિલ્લાઓમાં 237 લાભાર્થીઓને માત્ર ₹11.85 લાખ (ત્રણ *ટકા*) જ વિતરણ કરવામાં આવ્યા હતા. દસ જિલ્લાઓમાં બાકીના 7,917 લાભાર્થીઓને સહાય મળી ન હતી, જ્યારે ₹395.85 લાખ DRDA પાસે વણવપરાયેલા પડ્યા રહ્યા હતા. TDOએ જણાવ્યું હતું કે ચુકવણીઓ કરવા માટે સંબંધિત DRDAને દરખાસ્તો રજૂ કરવામાં આવશે.

સરકારે ઓડિટના તારણો સ્વીકાર્યા (માર્ચ 2025) અને જાણ કરી કે યોજનાની સુગમ કામગીરી સુનિશ્ચિત કરવા માટે, AwaasSoftમાં BSS યોજના માટે એક સમર્પિત મોડ્યુલનો સમાવેશ કરવાની વિનંતી કરવામાં આવી છે.

જે દર્શાવે છે કે જિલ્લામાં યોગ્ય દેખરેખના અભાવે અને તાલુકા-સ્તરના અધિકારીઓના ઉદાસીન વલણને કારણે, BSS યોજનાનો અમલ ખૂબ જ બિનઅસરકારક રહ્યો, જેના પરિણામે ભંડોળનો ઉપયોગ થયો નહીં અને મોટી સંખ્યામાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓ લાભથી વંચિત રહ્યા.

### *2.3.4 નાણાકીય વ્યવસ્થાપન*

#### **PMAY-G *હેઠળ સહાય***

PMAY-G લાભાર્થીઓને ઓછામાં ઓછા 25 ચોરસ મીટર વિસ્તારમાં પાકા આવાસના બાંધકામ માટે પ્રતિ આવાસ ₹1.20 લાખની સહાય મળવાપાત્ર છે. GoI અને GoG લાભાર્થીને ચૂકવવાપાત્ર સહાય 60:40 ના ગુણોત્તરમાં વહેંચે છે. દર વર્ષે, મંજૂર વાર્ષિક કાર્ય યોજના (AAP) ના આધારે, GoI બે હપ્તામાં GoG ને સહાયનો પોતાનો હિસ્સો મુક્ત કરે છે, અને GoG બજેટ દ્વારા GoI નો હિસ્સો અને તેના મેળ ખાતા હિસ્સાને રાજ્ય નોડલ ખાતા (SNA) ને મુક્ત કરે છે. SNA AwaasSoft અને પબ્લિક ફાઇનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) માં નોંધાયેલ છે, જેનું સંચાલન ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા કરવામાં આવશે. લાભાર્થીઓને SNA તરફથી મળવાપાત્ર સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ત્રણ હપ્તામાં આપવામાં આવી હતી.

### *2.3.4.1 PMAY-G યોજના હેઠળ ભંડોળનો વપરાશ*

યોજના માર્ગદર્શિકા અને GoIના સામાન્ય નાણાકીય નિયમો અનુસાર, PMAY-G માટે, માન્ય AAP, વપરાશ પ્રમાણપત્ર, ઓડિટ પ્રમાણપત્ર અને થયેલ પ્રગતિના આધારે રાજ્યને કેન્દ્રીય સહાય આપવામાં આવે છે. વર્ષ 2016-23 દરમિયાન રાજ્યમાં ગ્રાન્ટની ફાળવણી અને વપરાશની સ્થિતિ નીચે **કોષ્ટક 6** માં દર્શાવવામાં આવી છે:

### કોષ્ટક 6: વર્ષ 2016-23 દરમિયાન રાજ્યમાં ભંડોળની ફાળવણી અને વપરાશની સ્થિતિ

(₹ કરોડમાં)

| વર્ષ | પ્રાપ્ત થયેલ ભંડોળ | | | કુલ ખર્ચ | આપેલ નાણાકીય વર્ષ માટે બચત/વધારો |
|---|---|---|---|---|---|
| | કેન્દ્ર દ્વાર પ્રાપ્ત | રાજ્ય દ્વારા પ્રાપ્ત | કુલ ઉપલબ્ધ ભંડોળ | | |
| 2016-17 | 317.95 | 211.97 | 529.92 | 529.92 | 0.00 |
| 2017-18 | 732.64 | 293.97 | 1026.61 | 601.31 | 425.30 |
| 2018-19 | 527.21 | 439.72 | 966.93 | 625.84 | 341.09 |
| 2019-20 | 340.05 | 116.19 | 456.24 | 456.24 | 00 |
| 2020-21 | 193.28 | 345.57 | 538.85 | 346.07 | 192.78 |
| 2021-22 | 530.67 | 384.43 | 915.1 | 915.10 | 00 |
| 2022-23 | 612.49 | 401.67 | 1014.16 | 1014.16 | 00 |
| **કુલ** | **3,254.29** | **2,193.52** | **5,447.81** | **4,488.64** | |

(સ્રોત: **CRD** દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી)

ઓડિટમાં વર્ષ 2017-18 (₹425.30 કરોડ), વર્ષ 2018-19 (₹341.09 કરોડ) અને વર્ષ 2020-21 (₹192.78 કરોડ) માં બચત જોવા મળી, જ્યાં વિભાગે પ્રાપ્ત થયેલ ભંડોળનો સંપૂર્ણ ઉપયોગ કર્યો ન હતો.

CRD એ બચતનું કારણ નાણાકીય વર્ષના અંત સમયે ભંડોળ પ્રાપ્ત થયાનું ગણાવ્યું, જેના કારણે તેનો ઉપયોગ મર્યાદિત થયો. જવાબમાં, સરકારે (માર્ચ 2025) જણાવ્યું કે યોજના હેઠળ બચતની ચકાસણી કરવામાં આવશે.

### *2.3.4.2 PMAY-G ખાતામાં વ્યાજ જમા ન કરાવવું*

PMAY-G રાજ્ય સ્તરે એક જ બચત બેંક ખાતું જાળવવાનું ફરજિયાત બનાવે છે, જેને SNA કહેવાય છે, જે કેન્દ્રીય ફાળવણી ભંડોળ અને મેળ ખાતા રાજ્યના હિસ્સાને જમા કરવા માટે છે. SNA નું સંચાલન TDO દ્વારા ફક્ત ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે કરવામાં આવશે.

ઓડિટમાં જાણવા મળ્યું કે CRD એ PMAY-G યોજનાના SNA માંથી ₹143.66 કરોડની રકમ ઉપાડી હતી અને તેને વર્ષ 2017-22 ના સમયગાળા દરમિયાન રોકાણ તરીકે ગુજરાત સ્ટેટ ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (GSFS[72]) માં જમા કરાવી હતી.

રાજ્યને વર્ષ 2017-22 દરમિયાન SNA/GSFS માં રાખવામાં આવેલા ભંડોળ પર વ્યાજ તરીકે ₹51.86 કરોડની કમાણી થઈ. આમાંથી, ₹15.02 કરોડ (ડિસેમ્બર 2021થી જૂન 2023) સંબંધિત કેન્દ્ર અને રાજ્ય ખાતાઓમાં ફરીથી જમા કરવામાં આવ્યા હતા; જ્યારે ₹36.84 કરોડ (માર્ચ 2022 સુધી સંચિત) નું બાકીનું વ્યાજ મે 2023 સુધીમાં ભારત સરકાર અને રાજ્ય સરકારના ખાતાઓમાં જમા કરવામાં આવ્યું નથી.

CRDએ જવાબ આપ્યો (જુલાઈ 2023) કે વર્ષ 2022-24 માં મળેલ વ્યાજ અનુક્રમે GoI અને GoG ખાતામાં જમા કરવામાં આવ્યું હતું. જોકે, વર્ષ 2017-22 ના સમયગાળા દરમિયાન બાકી રહેલ વ્યાજ ₹36.84 કરોડ હજુ સુધી સંબંધિત સરકારી ખાતાઓમાં જમા કરાવવાનું બાકી છે. સરકારે જણાવ્યું (માર્ચ 2025) કે આ બાબતની તપાસ કરવામાં આવશે.

72 રાજ્યનું જાહેર ક્ષેત્રનું એકમ.

આમ, PMAY માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરીને SNA ખાતાને બદલે GSFS ખાતે ભંડોળ જમા કરવામાં આવ્યું હતું.

### *2.3.4.3 હપ્તાની ચુકવણી*

PMAY-G માર્ગદર્શિકામાં લાભાર્થીઓને ચુકવણી માટે ઓછામાં ઓછા ત્રણ હપ્તા સૂચવવામાં આવ્યા છે. રાજ્ય સરકારે (જાન્યુઆરી 2017) બે વર્ષ 2016-18 માટે ચાર[73] હપ્તામાં ₹ 1.20 લાખની નાણાકીય સહાય પૂરી પાડવાનો નિર્ણય લીધો; જેને વર્ષ 2018-19 પછી સુધારી (મે 2018) ત્રણ[74] હપ્તામાં કરી દેવામાં આવ્યો.

લાભાર્થીને ₹30,000ના પ્રથમ હપ્તાની ચુકવણી આવાસ મંજૂર થયાની તારીખથી સાત દિવસોમાં કરવી જોઈએ; બીજો હપ્તો લિન્ટલ લેવલનું કામ પૂર્ણ થયા પછી અને અંતિમ હપ્તો આવાસ પૂર્ણ થયા પછી ચૂકવવો જોઈએ.

ઓડિટમાં જણાયું હતું કે આવાસો પૂર્ણ થયા પછી પણ, લાભાર્થીઓને તેમના બાકી હપ્તાઓ ચૂકવવામાં આવ્યા ન હતા, જેમાં અંતિમ હપ્તાઓનો સમાવેશ થાય છે, જેની વિગતો નીચે મુજબ છે:

#### *(i) વાસ મંજૂર થવા છતાં પ્રથમ હપ્તાની રકમ ન મળવી/ વિલંબ થવો*

ઓડિટમાં જોવા મળ્યું કે AwaasSoft માં ઉપલબ્ધ ડેટા(07 સપ્ટેમ્બર 2023) મુજબ, રાજ્ય સ્તરે, વર્ષ 2017-23 ના સમયગાળા દરમિયાન, 4,92,786 મંજૂર થયેલા આવાસોમાંથી 11,533[75] આવાસોના સંદર્ભમાં ₹34.60 કરોડના પ્રથમ હપ્તાનું વિતરણ કરવામાં આવ્યું ન હતું.

વધુમાં, પસંદ કરેલા 10 જિલ્લાઓના 25 તાલુકાઓમાં, તે જ સમયગાળા દરમિયાન આવાસોની મંજૂરી છતાં પ્રથમ હપ્તો ન મળવાના કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા હતા. આવા કેસોની વર્ષવાર વિગતો **કોષ્ટક 7** માં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક 7: ઓગસ્ટ 2023 ની સ્થીતિએ પસંદ કરેલા 10 જિલ્લાઓના 25 તાલુકાઓમાં પ્રથમ હપ્તો ન મળ્યો હોવાની વિગતો**

| મંજૂરીનું વર્ષ | મંજૂર થયેલા આવાસોની સંખ્યા | પસંદ કરેલ 25 તાલુકાઓ માંથી તાલુકાઓની સંખ્યા. | પ્રથમ હપ્તો ચૂકવવામાં ન આવ્યો હોય તેવા લાભાર્થીઓની સંખ્યા | રકમ હજુ ચૂકવવાની બાકી (₹ લાખમાં) |
|---|---|---|---|---|
| 2017-18 | 21,559 | 08 | 57 | 17.10 |
| 2018-19[76] | 00 | 00 | 00 | 00 |
| 2019-20 | 25,149 | 09 | 24 | 07.20 |
| 2020-21 | 17,428 | 21 | 407 | 122.10 |
| 2021-22 | 4,467 | 17 | 172 | 51.60 |
| 2022-23 | 34,154 | 25 | 2,335 | 700.5 |
| કુલ | **1,02,757** | | **2,995** | **898.50** |

(સ્રોત: સંબંધિત TDO દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી)

[73] પહેલો - આવાસના બાંધકામ માટે ₹30,000, બીજો - લિન્ટલ લેવલ પૂર્ણ કરવા પર ₹50,000, ત્રીજો - છતના બાંધકામ માટે ₹30,000 અને ચોથો - આવાસ પૂર્ણ કરવા પર ₹10,000.

[74] આવાસના બાંધકામની મંજૂરી પર પ્રથમ ₹30,000, લિન્ટલ લેવલ પૂર્ણ થવા પર બીજો ₹50,000, આવાસ પૂર્ણ થવા પર ત્રીજો ₹40,000.

[75] વર્ષ 2017-18 (121 લાભાર્થીઓ), વર્ષ 2018-19(શૂન્ય), વર્ષ 2019-20(228 લાભાર્થીઓ), વર્ષ 2020-21 (2,193 લાભાર્થીઓ), વર્ષ 2021-22 (659 લાભાર્થીઓ), વર્ષ 2022-23 (8,332 લાભાર્થીઓ).

[76] આવાસ+ સર્વે ચાલુ હોવાથી MoRD દ્વારા વર્ષ 2018-19 માટે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે PMAY-G હેઠળ મંજૂર કરાયેલા 1,02,757 આવાસોમાંથી, ઓગસ્ટ 2023 સુધીમાં 2,995 કેસોમાં ₹8.99 કરોડનો પ્રથમ હપ્તો વિતરિત કરવામાં આવ્યો ન હતો.

વધુમાં, 25 તાલુકાઓમાં વર્ષ 2017-18 થી વર્ષ 2022-23 ના સમયગાળા માટે 1,240 નમૂના-તપાસ કરેલા કેસોની ઓડિટ ચકાસણીમાં જાણવા મળ્યું કે 1,140 લાભાર્થીઓને પ્રથમ હપ્તો આપવામાં આવ્યો હતો. જોકે, આવાસોની મંજૂરીની તારીખથી સાત દિવસોના નિર્ધારિત સમયગાળામાં માત્ર 144 લાભાર્થીઓ (13 *ટકા*) ને હપ્તો મળ્યો. બાકીના 996 લાભાર્થીઓ (87 *ટકા*) ને એક દિવસ[77]થી 1,945 દિવસ[78]ના વિલંબ સાથે પ્રથમ હપ્તો મળ્યો. આ વિલંબની વિગતો **કોષ્ટક 8** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 8: પ્રથમ હપ્તાની ચુકવણીમાં સમયગાળા મુજબ વિલંબ.**

| દિવસોમાં વિલંબ | 60 દિવસ સુધી | **61** દિવસથી **90** દિવસ | **91** દિવસથી **180** દિવસ | **181** દિવસથી **365** દિવસ | **365** દિવસ થી વધુ |
|---|---|---|---|---|---|
| 996 માંથી કેસોની સંખ્યા | 587 | 80 | 208 | 101 | 20 |
| **કુલ વિલંબના કેસોની ટકાવારી** | 58.94 | 8.03 | 20.88 | 10.14 | 2.0 |

(સ્રોત: **Awassoft/TDOs** તરફથી મળેલી માહિતી)

સંબંધિત TDOsના રેકોર્ડ અને જવાબોની ચકાસણીમાં જાણવા મળ્યું કે વિલંબ મુખ્યત્વે લાભાર્થીઓના મૃત્યુ, આધાર સીડિંગમાં સમસ્યાઓ, લાભાર્થીના ખાતા નિષ્ક્રિય હોવાને કારણે, PFMS દ્વારા બેંક ખાતાઓની ચકાસણી ન થવી અને 'સનદ' (જમીન માલિકીના દસ્તાવેજો) જારી કરવાના બાકી હોવાને કારણે થયો હતો.

આમ, TDOએ આ મુદ્દાઓને ઉકેલવા માટે સમયસર અને પૂરતા પગલાં લીધા ન હતા, જેના કારણે ભંડોળનું વિતરણ થયું ન હતું અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓ યોજના હેઠળ ઇચ્છિત સહાયથી વંચિત રહ્યા હતા.

સરકારે ઓડિટના તારણ સ્વીકાર્યા(માર્ચ 2025) અને જણાવ્યું કે સમસ્યાઓના નિરાકરણ અને ચુકવણી ઝડપી બનાવવા માટે જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવશે.

### *(ii) અંતિમ હપ્તાની ચુકવણીમાં બિન-ચુકવણી/વિલંબ*

ઓડિટમાં જોવા મળ્યું હતું કે યોજના હેઠળ આવાસો પૂર્ણ થયા પછી પણ લાભાર્થીઓને અંતિમ હપ્તો આપવામાં આવ્યો ન હતો. AwaasSoftના ડેટા મુજબ, રાજ્ય સ્તરે, 5,13,173 આવાસો પૂર્ણ થયેલા દર્શાવવામાં આવ્યા હતા. જોકે, 2 એપ્રિલ 2024 ની સ્થીતીએ 41,468 પૂર્ણ થયેલા આવાસો (આઠ *ટકા*) ના કિસ્સામાં, લાભાર્થીઓને ₹112.99 કરોડના હપ્તા ચૂકવવામાં આવ્યા ન હતા.

વધુમાં, પસંદ કરેલા 10 જિલ્લાઓના નમૂના-તપાસેલ 25 તાલુકાઓમાં, આવાસો પૂર્ણ થવા છતાં હપ્તા ન ચૂકવવાના સમાન કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા હતા. આવા કેસોની વિગતો નીચે **કોષ્ટક 9** માં આપવામાં આવી છે**:**

77 સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા GP ખાતે એક દિવસ (લાભાર્થી ID-GJ1451835).

78 દાહોદ જિલ્લાના સંપોઇ GP ખાતે 1945 દિવસ (લાભકારી ID-GJ1451835).

**કોષ્ટક 9: એપ્રિલ 2024 ની સ્થીતીએ પસંદ કરેલા 10 જિલ્લાઓના 25 તાલુકાઓમાં પૂર્ણ થયેલા આવાસો માટે હપ્તાઓ ન ચૂકવાયાની વિગતો**

| વર્ષ | પૂર્ણ થયેલા આવાસોની સંખ્યા | ૨૫ માંથી તાલુકાઓની સંખ્યા | પૂર્ણ થયેલા અને હપ્તા ન ચૂકવાયેલ આવાસોની સંખ્યા | મંજૂરીની રકમ (₹ લાખમાં) | ચૂકવાયેલ રકમ (₹ લાખમાં) | ચુકવવાની બાકી રકમ (₹ લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| 2017-18 | 21,172 | 23 | 1,194 | 1,432.80 | 1,103.10 | 329.70 |
| 2018-19 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 2019-20 | 24,481 | 18 | 1,264 | 1,516.80 | 923.70 | 593.10 |
| 2020-21 | 14,860 | 25 | 2,556 | 3,067.20 | 1,927.30 | 1,139.90 |
| 2021-22 | 3,673 | 19 | 579 | 694.80 | 428.20 | 266.60 |
| 2022-23 | 4,103 | 25 | 2,893 | 3,471.60 | 2,930.20 | 541.40 |
| કુલ | **68,289** | | **8,486** | **10,183.20** | **7,312.50** | **2,870.70** |

(**સ્રોત:** AwaasSoft**ના ડેટા**)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે 68,289 પૂર્ણ થયેલા આવાસોમાંથી 8,486 આવાસો (12 *ટકા*) ના સંદર્ભમાં ₹28.70 કરોડના હપ્તા લાભાર્થીઓને આપવામાં આવ્યા ન હતા..

વધુમાં, ઓડિટમાં જોવા મળ્યું કે નમૂના-તપાસેલ 1,240 લાભાર્થીઓમાંથી, 1,019 લાભાર્થીઓના આવાસો AwaasSoft સિસ્ટમમાં પૂર્ણ થયેલા તરીકે જીઓ-ટેગ કરેલા હતા. જોકે, અંતિમ હપ્તો ફક્ત 865 લાભાર્થીઓ (85 *ટકા*) ને જ આપવામાં આવ્યો હતો. બાકીના 154 લાભાર્થીઓના આવાસો પૂર્ણ થયા તરીકે જીઓ-ટેગ કરેલા હોવા છતાં તેમને અંતિમ હપ્તો મળ્યો ન હતો.

આ 865 લાભાર્થીઓમાંથી, 793 (92 *ટકા*) ને છેલ્લો હપ્તો પૂર્ણ થવાની વાસ્તવિક તારીખ/જીઓ-ટેગ પછી એક દિવસ[79]થી 1,536 દિવસ[80] સુધીના વિલંબ સાથે ચૂકવવામાં આવ્યો હતો, જેની વિગત નીચે **કોષ્ટક 10** માં છે:

**કોષ્ટક 10: અંતિમ હપ્તાની ચુકવણીમાં સમયગાળા મુજબ વિલંબ**

| દિવસોમાં વિલંબ | 60 દિવસ સુધી | 61 દિવસ થી 90 દિવસ | 91 દિવસ થી 180 દિવસ | 181 દિવસ થી 365 દિવસ | 365 દિવસ થી વધુ |
|---|---|---|---|---|---|
| 865 માંથી કેસોની સંખ્યા | 337 | 107 | 195 | 105 | 49 |
| કુલ વિલંબિત કેસોની ટકાવારી | 42.49 | 13.49 | 24.59 | 13.24 | 06 |

(સ્રોત: **Awassoft /TDOs** પાસેથી મેળવેલ માહિતી)

TDOsએ જણાવ્યું હતું કે આવાસોને તેમની ભૌતિક પ્રગતિના આધારે AwaasSoftમાં પૂર્ણ થયેલ તરીકે જીઓ-ટેગ કરવામાં આવ્યા હતા; જ્યારે, પ્લાસ્ટરિંગ, લોગો લગાવવા અને અન્ય ફિનિશિંગ કાર્યો સહિત તમામ ઘટકો પૂર્ણ થયા પછી જ અંતિમ હપ્તો ચૂકવવામાં આવ્યો હતો. પરિણામે, અંતિમ હપ્તાઓ રોકવામાં આવ્યા હતા.

[79] સુરેન્દ્રનગર જીલ્લાના ખેરના GP ખાતે એક દિવસનો વિલંબ (લાભાર્થી ID-GJ1611108).

[80] છોટાઉદેપુર જીલ્લાના લાલકોઈ GP ખાતે 1536 દિવસનો વિલંબ (લાભાર્થી ID- GJ1124566).

જવાબ દર્શાવે છે કે અધૂરા આવાસોને ખોટી રીતે જીઓ-ટેગ કરવામાં આવ્યા હતા અને સિસ્ટમમાં તેને પૂર્ણ થયેલ તરીકે રેકોર્ડ કરવામાં આવ્યા હતા, જેના કારણે ભૌતિક સ્થિતિ અને સિસ્ટમ દ્વારા તૈયાર થયેલ રેકોર્ડ વચ્ચે વિસંગતતા ઊભી થઈ હતી.

સરકારે હકીકતો સ્વીકારી અને જણાવ્યું (માર્ચ 2025) કે અધૂરા આવાસોને પૂર્ણ થયેલા આવાસો તરીકે જીઓટેગ કરવામાં આવ્યા હોવાથી હપ્તો આપવામાં આવ્યો ન હતો. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ મામલાની તપાસ કરવામાં આવશે અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

### *2.3.4.4 લાભાર્થીઓને કરવામાં આવેલી ચુકવણી સંબંધિત વિસંગતતાઓ*

માર્ગદર્શિકામાં જણાવાયું હતું કે લાભાર્થીઓને બધી ચુકવણીઓ AwaasSoftમાં લાભાર્થીઓના નોંધાયેલા બેંક/પોસ્ટ ઓફિસ ખાતાઓમાં કરવામાં આવશે.

ઓડિટમાં ચુકવણી પ્રણાલીમાં ખામીઓ જોવા મળી જેની ચર્ચા નીચે મુજબ છે:

#### *(i)* ખોટા સફળ/અસ્વીકાર્ય' વ્યવહારનું મેળવણું ન થવું

CRD દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી મુજબ, "ખોટા સફળ[81]" અને "ખોટા અસ્વીકાર[82]" ના વ્યવહારોના કિસ્સાઓ હતા. આ વ્યવહારો બેંકો સાથે મેળવણું કરવા જરૂરી હતા. જોકે, રાજ્ય સ્તરે અને નમૂના-તપાસેલ 25 તાલુકાઓના મેળવણામાં ખામીઓ હતી, જેને નીચે **કોષ્ટક 11** માં વિગતવાર દર્શાવવામાં આવ્યું છે:

**કોષ્ટક:11 ખોટા-સફળ વ્યવહારની સ્થિતિ**

**(₹ લાખમાં)**

| | ખોટી સફળતાના કેસોની સંખ્યા | રકમ | મેળવણું થયેલા ખોટા-સફળ કેસોની સંખ્યા | રકમ | મેળવણું બાકી હોય તેવા ખોટા-સફળ કેસોની સંખ્યા | રકમ |
|---|---|---|---|---|---|---|
| રાજ્ય સ્તરે | 1359 | 647.60 | 61 | 19.90 | 1298 | 627.70 |
| નમૂના-તપાસેલ 25 તાલુકા | 26 | 8.00 | 05 | 1.50 | 21 | 6.50 |

(સ્રોત: AwaasSoft માહિતી)

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે રાજ્ય સ્તરે, મે 2023 ની સ્થીતીએ 'ખોટા સફળ'ના 1,298 કેસ (96 *ટકા*) અને નમૂના-તપાસેલ તાલુકાઓમાં, જુલાઈ 2023 ની સ્થીતીએ 'ખોટા સફળ'ના 21 કેસ (81 *ટકા*) મેળવણાં વગર લાભાર્થીઓને ચુકવણી માટે બાકી રહ્યા. 'ખોટા અસ્વીકાર' કેસોની વિગતો નીચે **કોષ્ટક 12** માં આપવામાં આવી છે:

[81] જ્યાં સોફ્ટવેર સફળ વ્યવહારો દર્શાવે છે પરંતુ લાભાર્થીઓના બેંક ખાતામાં હપ્તાઓ જમા થયા નથી.

[82] કેટલાક "ખોટા-અસ્વીકાર" ના કિસ્સાઓ હતા, કે જ્યાં સોફ્ટવેરમાં અસ્વીકારિત વ્યવહારો દર્શાવવામાં આવ્યા હતા પરંતુ હપ્તાઓ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થયેલા હતા.

**કોષ્ટક12: ખોટા અસ્વીકાર વ્યવહારની સ્થિતિ**

**(₹ લાખમાં)**

| | ખોટા-અસ્વીકાર કેસોની સંખ્યા | રકમ | મેળવણું કરાયેલ ખોટા-અસ્વીકાર કેસોની સંખ્યા | રકમ | મેળવણું કરવાનું બાકી હોય તેવા ખોટા-અસ્વીકાર કેસોની સંખ્યા | રકમ |
|---|---|---|---|---|---|---|
| રાજ્ય સ્તરે | 1769 | 615.10 | 197 | 59.10 | 1572 | 556.00 |
| નમૂના-તપાસેલ 25 તાલુકા | 358 | 124.60 | 11 | 3.50 | 347 | 121.10 |

(સ્ત્રોત: AwaasSoft માહિતી)

તેવી જ રીતે, રાજ્ય સ્તરે મે 2023 ની સ્થીતીએ "ખોટા અસ્વીકાર" ના 1,572 કેસ (89 *ટકા*) અને 25 નમૂના-તપાસેલ તાલુકાઓમાં, 'ખોટા અસ્વીકાર' ના 347 કેસ (97 *ટકા*) જુલાઈ 2023 ની સ્થીતીએ વિભાગ દ્વારા મેળવણું કરાયા વગરના રહ્યા.

વધુમાં, એવું નોંધાયું હતું કે એપ્રિલ 2025 ની સ્થીતીએ, રાજ્ય સ્તરે, ખોટા-સફળ 2628 કેસ અને ખોટા-અસ્વીકારના 3168 કેસ મેળવણું કરવા માટે બાકી હતા જ્યારે મેળવણું થયેલા કેસોની સંખ્યા મે 2023 જેટલી જ હતી.

TDOs એ જવાબ આપ્યો કે ખોટા વ્યવહારોના મેળવણા માટે લાભાર્થીઓના ખાતામાં ચુકવણીની ચકાસણી કરવામાં આવશે.

સરકારે હકીકતો સ્વીકારી અને જણાવ્યું કે (માર્ચ 2025) ખોટા-સફળ/ખોટા-અસ્વીકાર વ્યવહારો અંગેના મુદ્દાઓ GoI સ્તરે નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) સમક્ષ પહેલેથી જ ઉઠાવવામાં આવ્યા હતા.

ઓડિટનો મત છે કે PMAY-G યોજના હેઠળ લાભાર્થીઓને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરવા માટે મેળવણું ઝડપી કરવાની જરૂર છે.

***(ii) ખોટા ખાતામાં જમા થયેલી રકમની વસૂલાત ન થવી/બે વાર ચુકવણી થવી વગેરે.***

યોજનાના અમલીકરણ દરમિયાન, જો ચૂકવણી ભૂલથી ખોટા ખાતામાં જમા થઈ ગઈ હોય, અથવા એક હપ્તો બે વાર ચૂકવવામાં આવ્યો હોય, અથવા જો લાભાર્થીઓ આવાસ બનાવવામાં રસ ન ધરાવતા હોય અથવા મંજૂર થયેલા આવાસો રદ કરવામાં આવ્યા હોય, તો વસૂલાત પ્રક્રિયા AwaasSoftના 'રિમાન્ડ મોડ્યુલ' દ્વારા સંચાલિત થવાની હતી..

ઓડિટમાં જાણવા મળ્યું કે, ચુકવણીમાં ભૂલો (ખોટા ખાતા અને ડબલ ચુકવણી), લાભાર્થીમાં રસનો અભાવ વિગેરે સહિતના વિવિધ[83] કારણોસર પસંદ કરેલ 25 તાલુકાઓમાં 57 લાભાર્થીઓ પાસેથી ₹17.10 લાખ વસૂલવાની જરૂર છે.

[83] જંબુસરમાં ખોટા ખાતામાં ચુકવણી (એક કેસ - ₹0.30 લાખ અને ચોટીલામાં એક કેસ ₹0.30 લાખ), ક્વાંટમાં બમણી ચુકવણી (બે કેસ - ₹0.60 લાખ અને નસવાડી (12 કેસ - ₹3.60) માંડવી - (ત્રણ કેસ ₹0.90 લાખ), લાભાર્થીઓને રસ નથી(જામનગર 11 કેસ - 3.30 લાખ અને ગારિયાધાર 17 કેસ ₹5.10 લાખ), આવાસ રદ (ભિલોડા-પાંચ કેસ - ₹1.50 લાખ અને હળવદ એક કેસ ₹0.30 લાખ) અને પાકું આવાસ (ચાર કેસ - ₹1.20 લાખ).

TDOs એ જવાબ આપ્યો કે ખોટા ખાતામાંથી વસૂલાત પછી, સાચા ખાતામાં ચુકવણી કરવામાં આવશે. જવાબ આપવામાં આવ્યો કે ટેકનિકલ ભૂલોને કારણે ડબલ ચુકવણી કરવામાં આવી હતી.

સરકારે જણાવ્યું હતું (માર્ચ 2025) આ બાબતની તપાસ કરવામાં આવશે અને તે મુજબ પગલાં લેવામાં આવશે..

### 2.3.5 દેખરેખ

#### 2.3.5.1 Awaassoftનો ઉપયોગ કરીને દેખરેખ

કામગીરી તેમજ પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરવા માટે એક મજબૂત દેખરેખ પદ્ધતિ અપનાવવાની જરૂર છે. PMAY-G એ Awaassoft અને AwaasApp[84] નો ઉપયોગ કરીને end-to-end e-Governance મોડેલ દ્વારા કાર્યક્રમના અમલીકરણ અને દેખરેખની કલ્પના કરી હતી. MoRD ચોક્કસ ઓળખાયેલા પરિમાણોના આધારે વાસ્તવિક સમયના આધારે રાજ્યો, જિલ્લાઓ, બ્લોક અને પંચાયતોની કામગીરીનું નિરીક્ષણ કરવા અને તે મુજબ રાષ્ટ્રીય સ્તરે રાજ્યો, જિલ્લાઓ અને બ્લોકને ક્રમ આપવા માટે કામગીરી સૂચકાંક ડેશબોર્ડ વિકસાવ્યું છે.

AwaasSoft વાસ્તવિક સમયના વ્યહવારની માહિતીના આધારે વિવિધ પરિમાણો પર ઘણા અહવાલો તૈયાર કરે છે. આ યોજના હેઠળ રાજ્યોની પ્રગતિનું નિરીક્ષણ ફક્ત AwaasSoftમાં તૈયાર થયેલ અહેવાલો દ્વારા કરવામાં આવશે. આ IT એપ્લિકેશનો કાર્યક્રમના અમલીકરણ દરમિયાન લક્ષ્ય સિદ્ધિમાં રહેલા અંતરને ઓળખવામાં મદદ કરે છે.

આવાસોના બાંધકામની સમયસર પૂર્ણતા અને તેની ગુણવત્તાને સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સ્તરની દેખરેખ કેન્દ્રિત થયેલ હતી. AwaasAppનો ઉપયોગ કરીને લેવાયેલ ભૂ-સંદર્ભિત[85], તારીખ અને સમય-મુદ્રિત ફોટોગ્રાફ્સ[86] દ્વારા તબક્કાવાર બાંધકામની ભૌતિક પ્રગતિની ચકાસણી કરવામાં આવી હતી અને AwaasSoft પર અપલોડ કરવામાં આવી હતી આવાસ મંજૂર કરતા પહેલા જૂના આવાસ અને બાંધકામ સ્થળના ફોટા AwaasApp દ્વારા ફરજિયાત રીતે લેવામાં આવ્યા હતા, જે હપ્તાઓ છૂટા કરવા માટે વિવિધ સ્તરે અનુગામી નિરીક્ષણો સાથે જોડાયેલા હતા.

પસંદ કરેલા 25 તાલુકાઓમાં, ઓડિટે માહિતી અને અપલોડ કરેલ ફોટોગ્રાફ્સની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે, AwaasSoftમાં 1,105 કેસોની નમૂના-તપાસ કરવામાં આવી અને જાણ્યુ કે બાંધકામ હેઠળના આવાસોને પૂર્ણ થયેલ હોવાનું દર્શાવવુ, અપ્રસ્તુત ફોટા અપલોડ કરવા, વિવિધ આવાસો માટે સમાન ફોટા અપલોડ કરવાના દાખલાઓ જોવા મળ્યા, અને ઓડિટમાં પસંદ કરેલા તાલુકાઓમાં 1240 આવાસોની સંયુક્ત ભૌતિક ચકાસણી પણ હાથ ધરવામાં આવી હતી, જે આગળના ફકરામાં ચર્ચા કરવામાં આવી છે:


84 AwaasApp એ આવાસના બાંધકામની પ્રગતિનું રીઅલ-ટાઇમ દેખરેખ રાખવા માટેનું એક મોબાઇલ એપ્લિકેશન છે, જેમાં તારીખ, સમય અને ભૂ-સંદર્ભિત આવાસના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરવામાં આવે છે.

85 ભૂ-સંદર્ભિત ડિજિટલ ફોટા એક જાણીતી પૃથ્વી સંકલન પ્રણાલી સાથે જોડાયેલી છે, જે વપરાશકર્તાઓને નકશા પરના દરેક સ્થાન અથવા પૃથ્વીની સપાટી પરના હવાઈ ફોટાને સચોટ રીતે નિર્દેશ કરવાની મંજૂરી આપે છે.

86 સૂચિત સ્થળ પર, પ્લિન્થ લેવલ પર, પૂર્ણ થયેલ આવાસ.

### *i. બાંધકામ હેઠળના આવાસો AwassSoft પર પૂર્ણ થયા તરીકે દર્શાવવામાં આવ્યા*

પસંદ કરેલા 25 તાલુકાઓમાં, નમૂના-તપાસેલ 1,105 કેસમાંથી 132 કેસોમાં, ઓડિટમાં જાણવા મળ્યું કે AwaasSoftમાં અપલોડ કરેલા ફોટોગ્રાફ્સ દર્શાવે છે કે આવાસો બાંધકામ હેઠળ હતા પરંતુ તે આવાસોનો ઉલ્લેખ તે દિવસે પૂર્ણ થયેલા તરીકે દર્શાવવામાં આવ્યા હતા, જેમ કે નીચેના **ચિત્રો 1 અને 2**માં દર્શાવવામાં આવ્યું છે

| | |
|---|---|
|  |  |
| **ચિત્ર 1:** આવાસ (GJ120334857), મોરબી જિલ્લાના મયુરનગર ગ્રામપંચાયતમાં અધૂરી છતને પૂર્ણ થયેલ તરીકે દર્શાવવામાં આવ્યુ છે.<br>તારીખ: 12-09-2022 | **ચિત્ર 2**: આવાસ (GJ1093526) સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી GP ખાતે બાંધકામ હેઠળના આવાસને પૂર્ણ થયેલ તરીકે દર્શાવવામાં આવ્યું છે.<br>તારીખ: 29-03-2018 |
| **(સ્રોત: AwaasSoft માહિતી)** | **(સ્રોત: AwaasSoft માહિતી)** |

વધુમાં, *25* તાલુકાઓમાં 1,240 આવાસોના સંયુક્ત[87] ભૌતિક ચકાસણી (JPV) દરમિયાન, ઓડિટમાં જણાયું કે દાહોદ જિલ્લાના ભાટીવાડા GPમાં લાભાર્થી (ID- GJ149070953*)* ના આવાસનું બાંધકામ અધૂરું હતું. જોકે, અન્ય આવાસને જીઓ-ટેગ કરવામાં આવ્યું હતું અને તેને AwaasSoftમાં પૂર્ણ થયેલ તરીકે દર્શાવવામાં આવ્યું હતું **(ચિત્રો 3 અને 4**).

| | |
|---|---|
|  |  |
| **ચિત્ર 3**: દાહોદના ભાટીવાડા GPમાં વાસ્તવિક આવાસને બદલે અન્ય આવાસ જીઓ-ટેગ કરેલ છે.<br>તારીખ: 17-03-2023 | **ચિત્ર 4:** લાભાર્થીનું ખરેખર અધૂરૂં આવાસ<br>તારીખ : 17-03-2023 |
| **( સ્રોત: AwaasSoft)** | **(સ્રોત: *સંયુક્ત ભૌતિક ચકાસણી*)** |

[87] ઓડિટી એકમના અધિકારીઓ સાથે.

### *ii. આવાસના જીઓ-ટેગ ચિત્રને બદલે અપ્રસ્તુત ફોટા અપલોડ કરવામાં આવ્યા*

પસંદ કરેલા 25 તાલુકાઓમાં, ઓડિટમાં જાણવા મળ્યું કે નમૂના-તપાસ કરાયેલા 1,105 કેસમાંથી એક કેસમાં, AwaasSoftમાં ભૂ-સંદર્ભિત આવાસના ફોટોગ્રાફ્સને બદલે આધાર કાર્ડના ફોટોગ્રાફ્સ અપલોડ કરવામાં આવ્યા હતા. વધુમાં, પ્લિન્થ સ્ટેજ પરના આવાસના અપલોડ કરેલા ફોટોગ્રાફમાં તારીખ, સમય અને ભૂ-સંદર્ભનો અભાવ હતો, જે નિરીક્ષણ અધિકારી દ્વારા કરાવવાના હતા, જેમ કે નીચે **ચિત્ર *5, 6* અને *7*** માં દર્શાવ્યા પ્રમાણે:

| | | |
|---|---|---|
|  |  |  |
| **ચિત્ર 5: હાલની સાઇટ** ફોટોગ્રાફ્સને બદલે આધાર કાર્ડ અપલોડ કરવામાં આવ્યું<br>તારીખ: 04-12-2018 | **ચિત્ર 6: પ્રસ્તાવિત સાઇટના ફોટોગ્રાફ્સને** બદલે આધાર કાર્ડ અપલોડ કરવામાં આવ્યું<br>તારીખ: 04-12-2018 | **ચિત્ર 7:** ભૂ-સંદર્ભ વગર **પ્લિન્થ સ્ટેજનો** ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવ્યો<br>તારીખ: 16-06-2023 |
| **આવાસ ID- GJ141207796, આવાસનું સ્થાન-અડાદરા GP, અંકલેશ્વર ભરૂચ જિલ્લામાં** | | |

**(સ્રોત: AwaasSoft માહિતી)**

### *iii. બાંધકામના વિવિધ તબક્કા માટે સમાન ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવ્યો.*

ઓડિટમાં જાણવા મળ્યું કે 35 કેસોમાં (નમૂના-તપાસેલ 1,105 કેસમાંથી) **ચિત્ર 8, 9, અને 10** માં દર્શાવ્યા મુજબ, વિવિધ બાંધકામ તબક્કાઓ માટે સમાન નિરીક્ષણ તારીખો સાથે સમાન ફોટોગ્રાફ્સ AwaasSoft પર અપલોડ કરવામાં આવ્યા હતા. વધુમાં, આ ફોટાઓ સંપૂર્ણ આવાસ અથવા તેના મુખ્ય ભાગોને દર્શાવવામાં નિષ્ફળ ગયા, ફક્ત એક ભાગ પર, ખાસ કરીને દરવાજા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને લેવાયા હતા.

| | | |
|---|---|---|
|  |  |  |
| **ચિત્ર 8:** આવાસમંજૂરીનો તબક્કો/ સૂચિત સ્થળ | **ચિત્ર 9:** પ્લિન્થ લેવલ તબક્કો | **ચિત્ર 10:** પૂર્ણ થયેલ આવાસ |
| **આવાસ ID - GJ1003816, મોરબી જિલ્લાના ધીયાવડ GP ખાતે. અપલોડ કરેલી તારીખ:** 08-06-2022 | | |

**(સ્રોત: MoRDના AwaasSoft ની માહિતી)**

### *iv. AwaasSoft પર એક જ આવાસ માટે અલગ અલગ આવાસના ફોટોગ્રાફ્સ અપલોડ કરવામાં આવ્યા.*

ઓડિટમાં જાણવા મળ્યું કે 11 કેસોમાં (નમૂના-તપાસેલ 1,105 કેસમાંથી), એક જ આવાસમાટે અન્ય આવાસોના બાંધકામ પ્રગતિના બે અલગ અલગ ફોટોગ્રાફ્સ AwaasSoft પર અપલોડ કરવામાં આવ્યા હતા (ચિત્ર **11** અને **12).**

| | |
|---|---|
|  |  |
| **ચિત્ર 11: પ્લિન્થ** લેવલ માટે ફોટોગ્રાફ અપલોડ કર્યો. તારીખ: 17-04-2023 | **ચિત્ર 12: પૂર્ણ થયેલ** આવાસમાટે અપલોડ કરાયેલ ફોટોગ્રાફ. તારીખ: 23-05-2023 |
| આવાસ ID- GJ137405577, ઉમરડા GP ઉમરપાડા જિલ્લા સુરત, તારીખ: 17 એપ્રિલ 2023 | |

**(સ્રોત: AwaasSoft)**

### *v.* **AwassSoft** *પર અલગ અલગ તબક્કામાં કોઈ ફોટોગ્રાફ્સ અપલોડ કરવામાં આવ્યા નથી.*

યોજનાના અસરકારક દેખરેખ, તેના યોગ્ય અમલીકરણની ખાતરી કરવા માટે, વિવિધ બાંધકામ તબક્કાઓ (સૂચિત સ્થળ, પ્લિન્થ લેવલ, પૂર્ણતા) ના રીઅલ-ટાઇમ ફોટોગ્રાફ્સ AwaasSoft પર અપલોડ કરવા જરૂરી હતા.

નમૂના-તપાસેલ કરાયેલા 1,105 આવાસોમાંથી 69 આવાસોમાં, વિવિધ તબક્કાના ફોટોગ્રાફ્સ AwaasSoft પોર્ટલમાં અપલોડ કરવામાં આવ્યા ન હતા, જેમ કે નીચે **કોષ્ટક 13** માં દર્શાવવામાં આવ્યું છે:

**કોષ્ટક 13: AwaasSoft પર તબક્કા મુજબના અપલોડ ન કરાયેલા ફોટોગ્રાફ્સની દર્શાવતી વિગતો**

| તબક્કા મુજબના અપલોડ ન થયેલ ફોટોગ્રાફ્સ | આવાસોની સંખ્યા. |
|---|---|
| પૂર્ણ | 22 |
| સૂચિત સ્થળ, પ્લિન્થ લેવલ, પૂર્ણ | 04 |
| સૂચિત સ્થળ | 05 |
| પ્લિન્થ અને પૂર્ણ | 33 |
| પ્લિન્થ | 03 |
| સૂચિત સ્થળ, પ્લિન્થ | 02 |
| **કુલ** | **69** |

(સ્રોત: AwaasSoft માહિતી)

### *vi. બાંધવામાં આવેલા આવાસોમાં જોવા મળેલી ખામીઓ*

JPV દરમિયાન, 25 તાલુકાઓના 1,240 આવાસોમાં નીચે કરાયેલી ચર્ચા મુજબ બાંધકામ કરેલ આવાસોમાં કેટલીક ખામીઓ જોવા મળી હતી:-

PMAY-G માર્ગદર્શિકામાં જણાવાયું છે કે મુખ્ય આવાસની ડિઝાઇનમાં રસોઈ, શૌચાલય અને સ્નાન માટે જગ્યા નિશ્ચિત હોવી જોઈએ, જેમાં સ્થાનિક આબોહવાની પરિસ્થિતિઓનો સામનો કરવા માટે મજબૂત છત અને દિવાલો હોવી જોઈએ અને આપત્તિ-પ્રતિરોધક સુવિધાઓનો સમાવેશ થવો જોઈએ

1,240 આવાસોમાંથી, 1,019 આવાસો પૂર્ણ થઈ ગયા હતા. પસંદ કરેલા આવાસોની ભૌતિક ચકાસણીમાં યોજના માર્ગદર્શિકામાંથી અનેક ફેરફારો અને સિસ્ટમ રેકોર્ડ સાથે વિસંગતતાઓ ઉજાગર થઈ. 1,019 પૂર્ણ થયેલા આવાસોમાં જોવા મળેલી ખામીઓ નીચે **કોષ્ટક 14**માં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક 14: આવાસોની ભૌતિક ચકાસણીની વિગતો.**

| ક્રમ | ખામીઓ | આવાસોની સંખ્યા |
|---|---|---|
| 1 | AwaasSoft-સિસ્ટમમાં આવાસ પૂર્ણ દર્શાવવામાં આવ્યું હોવા છતાં તે પૂર્ણ થયું ન હતું | 175 |
| 2 | છત કાયમી ન હતી[88]. | 287 |
| 3 | રસોઈ બનાવવાની જગ્યા બનાવવામાં આવી ન હતી | 552 |
| 4 | આવાસનો ઉપયોગ વ્યાપારી ઉપયોગ માટે અથવા ગોદામ અથવા ગાયના તબેલા તરીકે અથવા ઘાસચારાના સંગ્રહ માટે થતો હતો. | 11 |
| 5 | 25 ચોરસ મીટરથી ઓછા વિસ્તારમાં આવાસોનું બાંધકામ, (11 આવાસો = 17 થી 20 ચોરસ મીટર, 29 આવાસો= 21 to 24 ચોરસ મીટર) | 40 |

(સ્ત્રોત: સંયુક્ત ભૌતિક ચકાસણી)

સરકારે હકીકતો સ્વીકારી અને જણાવ્યું (માર્ચ 2025) કે આવાસમાં રસોઈ માટેની જગ્યાના બાંધકામ જોગવાઈઓની ચકાસણી કરવામાં આવશે.

સરકારે એમ પણ જણાવ્યું હતું (માર્ચ 2025) કે કડક દેખરેખ પદ્ધતિ સ્થાપિત કરી અને ફિલ્ડ સ્ટાફને સારા અહેવાલીકરણ માટે તાલીમ આપવામાં આવશે.

આમ, AwaasSoftમાં બાંધકામના વિવિધ તબક્કાઓના ફોટોગ્રાફ્સ અપલોડ ન થવા અને બાંધકામના વિવિધ તબક્કાઓ માટે એક સમાન ફોટોગ્રાફ્સ અપલોડ કરવા, જે તાલુકા અધિકારીઓ દ્વારા બાંધકામના વિવિધ તબક્કાઓની દેખરેખનો અભાવ દર્શાવે છે.

### *2.3.5.2 રાજ્ય/જિલ્લા સ્તરની દેખરેખ સમિતિ*

PMAY-G મુજબ, રાજ્ય, AAP મુજબ યોજનાના અમલીકરણ માટે દિશાનિર્દેશ અને દેખરેખ માટે રાજ્ય અને જિલ્લા સ્તરની સમિતિઓની રચના કરશે. રાજ્ય સ્તરની સમિતિની અધ્યક્ષતા મુખ્ય સચિવ કરશે અને સમિતિની રચના રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે. સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળશે.

તેવી જ રીતે, જિલ્લા સ્તરની સમિતિઓની અધ્યક્ષતા સંબંધિત જિલ્લા કલેક્ટરો કરશે અને જિલ્લા સ્તરની સમિતિઓની રચના રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે. સમિતિઓ વર્ષમાં દર ત્રિમાસિક ગાળામાં મળશે.

ઓડિટમાં જોવા મળ્યું કે યોજનાના અમલીકરણ પર દેખરેખ રાખવા માટે રાજ્ય સ્તરીય સમિતિ કે જિલ્લા સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવી ન હતી..

સરકારે જણાવ્યું હતું (માર્ચ 2025) કે રાજ્ય સ્તરીય દેખરેખ સમિતિની રચના કરવા માટે કાર્યવાહી કરવામાં આવશે અને જિલ્લા સ્તરીય દેખરેખ સમિતિની રચના કરવા માટે જિલ્લાઓને સૂચના આપવામાં આવશે.

88 એસ્બેસ્ટોસની બનેલી.

### 2.3.5.3 *જિલ્લા/તાલુકા કક્ષાના અધિકારીઓ દ્વારા આવાસોનું નિરીક્ષણ*

PMAY-G માર્ગદર્શિકામાં અમલીકરણ, દેખરેખ અને ગુણવત્તા નિયંત્રણની દેખરેખ માટે રાજ્ય કાર્યક્રમ વ્યવસ્થાપન એકમ (SPMU) ની કલ્પના કરવામાં આવી હતી. SPMU વિવિધ સ્તરે યોજનાના અમલીકરણ અને ગુણવત્તા પર દેખરેખ રાખવા માટે જવાબદાર છે, જેમાં જિલ્લા અને તાલુકા અધિકારીઓ બાંધકામ દરમિયાન અનુક્રમે બે *ટકા* અને 10 *ટકા* આવાસોનું નિરીક્ષણ કરે છે.

ઓડિટમાં જોવા મળ્યું કે જિલ્લા અધિકારીઓએ પાંચ જિલ્લાઓમાં[89] જરૂરી 3,987 આવાસો (મંજૂર 1,99,371 આવાસોના બે *ટકા*) કરતાં વધુ 4,663 આવાસો માટે નિરીક્ષણ કર્યું હતું. જોકે, બાકીના પાંચ જિલ્લાઓમાં, નિરીક્ષણ સંબંધિત કોઈ માહિતી ઓડિટ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી.

વધુમાં, તાલુકા અધિકારીઓએ આઠ તાલુકાઓ[90]માં જરૂરી 5,383 આવાસો (મંજૂર 53,829 ના 10 *ટકા*) કરતાં વધુ 7,049 આવાસો માટે નિરીક્ષણ કર્યું. જોકે, બાકીના 12 તાલુકાઓમાં, નિરીક્ષણ સંબંધિત કોઈ માહિતી ઓડિટ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. બાકીના પાંચ તાલુકાઓ[91]માં, બાંધકામ માટે 38,140 આવાસો મંજૂર કરવામાં આવ્યા હતા. આમાંથી તાલુકા અધિકારીઓ દ્વારા જીઓટેગ કરાયેલા 37,125 આવાસોને નિરીક્ષણ કરાયેલા તરીકે દર્શાવવામાં આવ્યા હતા. જોકે, કોઈપણ નમૂના-તપાસેલ જિલ્લાઓ/તાલુકાઓમાં નિરીક્ષણ અહેવાલો પૂરા પાડવામાં આવ્યા ન હતા.

જિલ્લા/તાલુકા કચેરીઓમાં નિરીક્ષણ અહેવાલોના અભાવે, ફરજિયાત નિરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા કે કેમ તે સ્પષ્ટ રહ્યું નહીં.

DRDAsએ જણાવ્યું હતું કે મુલાકાતો કરેલ હતી; પ્રવાસ ડાયરીઓ જાળવી રાખવામાં આવી હતી. જોકે, નિરીક્ષણ અહેવાલો તૈયાર કરવામાં આવ્યા ન હતા.

સરકારે જણાવ્યું(માર્ચ 2025) હતું કે જિલ્લા/તાલુકા અધિકારીઓ દ્વારા કરવામાં આવતા નિરીક્ષણ માટેની પદ્ધતિ AwaasSoftમાં વિકસાવવામાં આવશે.

આમ, હકીકત એ છે કે જો નિરીક્ષણ યોગ્ય રીતે કરવામાં આવ્યું હોત, તો ઓડિટ દ્વારા દર્શાવેલ ખામીઓ જેમ કે ખોટી જીઓટેગિંગ, વિવિધ તબક્કામાં અપલોડ કરાયેલા સમાન ફોટોગ્રાફ્સ અને AwaasSoft પર પૂર્ણ થયેલા તરીકે દર્શાવવામાં આવેલા અધૂરા આવાસો ટાળી શકાયા હોત.

### *2.3.5.4 સામાજિક ઓડિટ*

યોજનાની માર્ગદર્શિકા મુજબ, દરેક ગ્રામ પંચાયત (GP) માં વર્ષમાં ઓછામાં ઓછુ એક વખત સામાજિક ઓડિટ હાથ ધરવામાં આવે છે, જેમાં તમામ પાસાઓની ફરજિયાત સમીક્ષા[92]નો સમાવેશ થાય છે. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા મનરેગા હેઠળ સ્થાપિત સામાજિક ઓડિટ એકમોને

PMAY-G ના સામાજિક ઓડિટના સંચાલનને સરળ બનાવવા માટે જોડવામાં આવશે. વિવિધ

---

89 અરવલ્લી, છોટાઉદેપુર, દાહોદ, ગાંધીનગર અને સુરત.

90 બારડોલી, દાહોદ, દસાડા, જામનગર, કવાંટ, માંડવી, નસવાડી, ઉમરપાડા.

91 ભિલોડા, ધાનપુર, ઝાલોદ, માણસા અને મેઘરજ.

92 PMAY-Gના અમલીકરણમાં જાહેર જવાબદારીની સિદ્ધિ સુનિશ્ચિત કરવાના મૂળ ઉદ્દેશ્ય સાથે.

સ્તરે સામાજિક ઓડિટ એકમો દ્વારા ઓળખાયેલા વ્યક્તિઓ ગ્રામ સભા સાથે સામાજિક ઓડિટ હાથ ધરવા માટે સામેલ થઈ શકે છે.

ઓડિટમાં જણાયું કે રાજ્યના કોઈપણ GPsમાં સામાજિક ઓડિટ હાથ ધરવામાં આવ્યું ન હતું. પરિણામે, જાહેર જવાબદારી સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ્ય સરળ બન્યો ન હતો. આના પરિણામે યોજનાના અમલીકરણ દરમિયાન લાભાર્થીઓની પસંદગી અને તેમને કરવામાં આવતી ચુકવણીમાં પારદર્શિતાનો અભાવ જોવા મળ્યો.

સરકારે જણાવ્યું હતું (માર્ચ 2025) કે સામાજિક ઓડિટ વર્ષ 2022-2023 સુધી હાથ ધરવામાં આવ્યું ન હતું. જોકે, વર્ષ 2023-2024 અને તે પછીના સમયગાળાથી સામાજિક ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું.

## *ઉપસંહાર*

જૂન 2023 સુધીમાં રાજ્ય સરકારે 6.06 લાખ ઘરોના લક્ષ્યાંક સામે 67 *ટકા* ઘરોનું નિર્માણ કર્યું. ઓડિટમાં યોજનાના અમલીકરણમાં અનેક સમસ્યાઓ જોવા મળી. ગ્રામસભાના ઠરાવમાં વિલંબને કારણે પાત્રતા ધરાવતા 259 લાભાર્થીઓનો Awaas+ કાયમી પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થયો ન હતો. એવા કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા હતા જ્યાં જમીનનો કબજો સુનિશ્ચિત કર્યા વિના આવાસો મંજૂર કરવામાં આવ્યા હતા અને ભૂમિહીન લાભાર્થીઓને પ્રથમ હપ્તો આપવામાં આવ્યો હતો. વધુમાં, આવાસો મંજૂર કરતી વખતે સંબંધિત અધિકારીઓ દ્વારા ચકાસણી ન થવાને કારણે 539 લાભાર્થીઓને PMAY-G, PMAY-U અને અન્ય ગ્રામીણ આવાસ યોજનાઓ હેઠળ બમણા લાભ મળ્યા. ઓડિટમાં એવા કિસ્સાઓ પ્રકાશિત થયા હતા, જ્યાં AwaasSoftમાં અધૂરા આવાસો પૂર્ણ દર્શાવવામાં આવ્યા હતા અને લાભાર્થીઓને પ્રથમ અને અંતિમ હપ્તાઓ આપવામાં વિલંબ થયો હતો.

કુલ 1,298 કેસ (96 *ટકા*) 'ખોટી સફળતા'ના અને 1,572 કેસ (89 *ટકા*) 'ખોટા અસ્વીકાર'ના ધ્યાનમાં આવ્યા હતા જ્યાં મેળવણું હજુ બાકી છે અને પસંદ કરેલા 25 તાલુકાઓમાં 57 લાભાર્થીઓ પાસેથી ખોટા ખાતામાં જમા કરાયેલ રકમ/ડબલ ચુકવણી વગેરે માટે ₹17.10 લાખ રૂપિયાની ચુકવણી વસૂલવાની જરૂર છે. ઓડિટમાં AwaasSoftમાં ઘરોના ફોટોગ્રાફ્સ અપલોડ કરતી વખતે ખામીઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઓડિટમાં વિભાગીય અધિકારીઓ દ્વારા અપૂરતી નિરીક્ષણ અને દેખરેખ સમિતિની રચના ન હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે યોજનાના અમલીકરણમાં દેખરેખનો અભાવ જોવા મળ્યો હતો.

## *ભલામણો*

1. ***રાજ્ય સરકાર તમામ પાત્રતા ધરાવતા પરિવારોને યોગ્ય રીતે ઓળખવામાં આવે અને સરકારી યોજનાઓ માટે લાભાર્થીઓની યાદીમાં સમયસર સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા માટે હાલની પદ્ધતિને મજબૂત બનાવી શકે છે.***
2. ***રાજ્ય સરકાર નિર્ધારિત સમયમાં મકાનો પૂર્ણ કરવા માટે MMAPSY હેઠળ સહાય તાત્કાલિક મુક્ત કરવા માટે અસરકારક પગલાં લઈ શકે છે.***

3. *રાજ્ય સરકાર વિવિધ આવાસ યોજનાઓમાં લાભાર્થીઓના ડુપ્લિકેશનને રોકવા માટે યોજનાઓની અમલીકરણ એજન્સીઓ વચ્ચે ગ્રામીણ અને શહેરી લાભાર્થીઓના ડેટા આપ-લે માટે એક પદ્ધતિ વિકસાવી શકે છે.*
4. *રાજ્ય સરકાર 'ખોટા-સફળ'/'ખોટા-અસ્વીકાર' વ્યવહારોના કેસોનું મેળવણું કરવા અને લાભાર્થીઓને ખોટી/બેવડી ચુકવણી ટાળવા માટે એક અસરકારક પદ્ધતિ વિકસાવી શકે છે.*
5. *રાજ્ય સરકાર વિવિધ સ્તરે યોગ્ય દેખરેખ સુનિશ્ચિત કરવા માટે અસરકારક પગલાં લઈ શકે છે અને **AwaasSoft** માં જીઓ-ટેગિંગ અને નિયમિત ફોટોગ્રાફ્સ અપલોડ કરતી વખતે યોગ્ય કાળજી લેવાની જરૂર છે.*

(અનુભવ કુમાર સિંઘ)
રાજકોટ — મહાલેખાકાર (ઓડિટ-I), ગુજરાત
તારીખ 28 ઓક્ટોબર 2025

પ્રતિ સહી

નવી દિલ્હી — (કે. સંજય મૂર્તિ)
તારીખ 10 નવેમ્બર 2025 — ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક

# પરિશિષ્ટો

## પરિશિષ્ટ-I

### 31 માર્ચ 2023 ની સ્થિતિએ વર્ષ વાર બાકી રહેલ નિરીક્ષણ રિપોર્ટ (IR)/ફકરાઓની વિગતો દર્શાવતુ પત્રક

**(સંદર્ભ: ફકરો 1.5.1; પૃષ્ઠ 3)**

| વર્ષ | નિરીક્ષણ રિપોર્ટસ | ફકરાઓ |
|---|---|---|
| 1993-94 | 4 | 4 |
| 1994-95 | 14 | 21 |
| 1995-96 | 42 | 72 |
| 1996-97 | 27 | 53 |
| 1997-98 | 34 | 67 |
| 1998-99 | 20 | 42 |
| 1999-2000 | 41 | 81 |
| 2000-01 | 52 | 125 |
| 2001-02 | 68 | 133 |
| 2002-03 | 87 | 171 |
| 2003-04 | 112 | 217 |
| 2004-05 | 71 | 146 |
| 2005-06 | 69 | 173 |
| 2006-07 | 142 | 411 |
| 2007-08 | 264 | 599 |
| 2008-09 | 233 | 618 |
| 2009-10 | 188 | 464 |
| 2010-11 | 231 | 658 |
| 2011-12 | 175 | 723 |
| 2012-13 | 150 | 568 |
| 2013-14 | 134 | 591 |
| 2014-15 | 149 | 803 |
| 2015-16 | 356 | 1534 |
| 2016-17 | 483 | 2312 |
| 2017-18 | 321 | 2419 |
| 2018-19 | 123 | 814 |
| 2019-20 | 28 | 224 |
| 2020-21 | 38 | 329 |
| 2021-22 | 29 | 311 |
| 2022-23 | 57 | 620 |
| **કુલ** | **3,742** | **15,303** |

## પરિશિષ્ટ–II

### 31-03-2023 ની સ્થિતિએ બાકી રહેલા ઓડિટ અહેવાલો પર વિગતવાર સ્પષ્ટતા દર્શાવતું પત્રક

**(સંદર્ભ: ફકરો 1.5.3; પૃષ્ઠ 4)**

| અનુ. નંબર | વિભાગ | 2007-08 | 2008-09 | 2009-10 | 2010-11 | 2011-12 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | શિક્ષણ | - | - | - | - | - | - | - | 1 | - | 1 | - | 02 |
| 2 | મત્સ્ય | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | - | - | 01 |
| 3 | વન અને પર્યાવરણ | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | - | - | 01 |
| 4 | સામાન્ય વહીવટ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | - | - | 01 |
| 5 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | -- | 01 | 01 | -- | 01 | -- | 01 | 01 | 01 | - | 01 | 07 |
| 6 | ગૃહ | -- | -- | -- | -- | 01 | -- | 01 | -- | -- | - | - | 02 |
| 7 | શ્રમ અને રોજગાર | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | 01 | - | - | 02 |
| 8 | કાયદા | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | - | - | 01 |
| 9 | પંચાત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાશ વિભાગ | 01 | 01 | 01 | -- | 01 | -- | 01 | 01 | 01 | 01 | - | 08 |
| 10 | મહેસૂલ | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | - | - | 01 |
| 11 | માર્ગ અને મકાન | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | - | - | 01 |
| 12 | વિજ્ઞાન અને ટેકનૉલોજી | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | - | - | 01 |
| 13 | સામાજિક ન્યાય અને અધિકારિતા | -- | -- | -- | -- | 01 | 01 | -- | 01 | -- | 01 | - | 04 |
| 14 | આદિજાતિ વિકાસ | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | | 02 |
| 14 | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ | -- | -- | -- | -- | 01 | -- | 02 | 01 | 01 | 01 | 01 | 07 |
| 15 | જળ સંસાધન | 01 | -- | 01 | 01 | -- | -- | -- | -- | -- | - | - | 03 |
| 16 | પાણી પુરવઠા | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | 01 | - | 02 |
| 17 | મહિલા અને બાલ વિકાસ | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | - | 01 | 02 |
| 18 | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | 01 | - | - | 02 |
| | **કુલ** | **03** | **02** | **05** | **05** | **06** | **01** | **06** | **05** | **08** | **06** | **03** | **50** |

## પરિશિષ્ટ – III

### 31.03.2023 ની સ્થિતિએ જાહેર હિસાબ સમિતિમાં ચર્ચા માટે બાકી ફકરાઓ

(સંદર્ભ: ફકરો 1.5.4; પૃષ્ઠ 4)

| અનુ. નંબર | વિભાગ | 2006-07 | | 2007-08 | | 2008-09 | | 2009-10 | | 2010-11 | | 2011-12 | | 2013-14 | | 2014-15 | | 2015-16 | | 2016-17 | | 2017-18 | | 2018-19 | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. | C.A. | P.A. |
| 1 | સહકાર | 04 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **04** | **00** |
| 2 | શિક્ષણ | -- | -- | -- | -- | -- | -- | 01 | 01 | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | 03 | -- | 01 | -- | **01** | -- | -- | -- | **07** | **01** |
| 3 | મત્સ્યોદ્યોગ | 01 | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **02** | **00** |
| 4 | વન અને પર્યાવરણ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **00** | **01** |
| 5 | સામાન્ય વહીવટ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | **01** | **00** |
| 6 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | -- | -- | -- | -- | -- | 01 | 01 | 02 | -- | -- | 01 | 01 | -- | -- | 01 | 01 | 03 | 01 | 04 | 01 | -- | -- | **04** | -- | **14** | **07** |
| 7 | ગૃહ | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | 01 | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **03** | **01** |
| 8 | ગૃહ (વાહન વ્યવહાર) | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **00** | **01** |
| 9 | શ્રમ અને રોજગાર | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | **01** | **01** |
| 10 | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ | 01 | -- | 02 | -- | 01 | -- | 02 | -- | -- | -- | 01 | 01 | -- | -- | 02 | -- | 02 | -- | 01 | 01 | **01** | -- | -- | -- | **13** | **02** |
| 11 | બંદરો | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **01** | **00** |
| 12 | મહેસૂલ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **00** | **01** |
| 13 | માર્ગ અને મકાન | 01 | 01 | -- | -- | -- | -- | -- | -- | 02 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **03** | **01** |
| 14 | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **00** | **01** |
| 15 | સામાજિક ન્યાય અને અધિકારિતા | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | 01 | -- | -- | 01 | -- | -- | -- | **01** | -- | -- | -- | **04** | **01** |
| 16 | આદિજાતિ વિકાસ | | | | 01 | | | | | | | | | | | | | | | | | **01** | -- | -- | -- | **01** | **01** |
| 16 | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | 04 | 02 | 02 | 02 | 05 | -- | **01** | -- | **01** | -- | **14** | **05** |
| 17 | મહિલા અને બાલ વિકાસ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | **01** | **01** |
| 18 | જળ સંસાધન | 01 | -- | 05 | 01 | 01 | -- | -- | 01 | 02 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **09** | **02** |
| 19 | પાણી પુરવઠા | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 03 | -- | | **01** | -- | -- | **04** | **01** |
| 20 | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | **01** | **01** |
| 21 | કાયદા | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | **01** | **00** |
| 22 | સામાન્ય ફકરાઓ | 01 | -- | 01 | -- | -- | -- | 01 | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | **03** | **00** |
| | **કુલ** | **12** | **01** | **09** | **03** | **02** | **01** | **06** | **05** | **06** | **03** | **04** | **05** | **00** | **01** | **08** | **04** | **12** | **03** | **17** | **02** | **05** | **01** | **06** | **00** | **87** | **29** |

નોંધ: પર્ફોર્મન્સ ઓડિટ (PA) અને કમ્પ્લાયન્સ ઓડિટ (CA)

## પરિશિષ્ટ – IV
## બાકી રહેલ ATNs ની સ્થિતિ
**(સંદર્ભ: ફકરો 1.5.4; પૃષ્ઠ 4)**

| Year of Audit Report | Name of Audit Report | PAC/COPU Report No.. | Year of PAC/ COPU | No. of Recomme-ndations | Number of ATNs Awaited |
|---|---|---|---|---|---|
| **1996-97** | મુલ્કી (NWRWS) | 13મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2015-16 | 4 | 4 |
| **1996-97** | મુલ્કી (General) | 13મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2015-16 | 1 | 1 |
| **1991-92** | મુલ્કી (Agri) | 13મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2015-16 | 1 | 1 |
| **1992-93** | મુલ્કી (Edu) | 13મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2015-16 | 1 | 1 |
| **1982-83** | મુલ્કી (SJED) | 13મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 4 | 2015-16 | 2 | 0 |
| **2012-13** | LB (PRHRD & UDUHD) | 13મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 5 | 2016-17 | 20 | 14 |
| **2008-09** | મુલ્કી (Home) | 13મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 6 | 2016-17 | 11 | 11 |
| **1990-91** | મુલ્કી (EDU) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2019-20 | 1 | 1 |
| **1993-94** | મુલ્કી (PRHRD) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2019-20 | 1 | 1 |
| **1994-95** | મુલ્કી (SJED) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2019-20 | 1 | 1 |
| **1994-95** | મુલ્કી (AGRI) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2019-20 | 1 | 1 |
| **1996-97** | મુલ્કી (AGRI) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2019-20 | 2 | 2 |
| **2012-13** | G&SS(Home) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2019-20 | 2 | 0 |
| **2012-13** | G&SS (SY&CA) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2019-20 | 4 | 4 |
| **2012-13** | G&SS (NWRWS) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2019-20 | 2 | 2 |
| **2012-13** | G&SS (FCS&CA) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2019-20 | 5 | 0 |
| **2012-13** | G&SS (L&E) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2019-20 | 5 | 5 |
| **2012-13** | G&SS (EDU) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2019-20 | 2 | 2 |
| **2007-08** | મુલ્કી (E&PC) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2021-22 | 1 | 1 |
| **2007-08** | મુલ્કી (WS) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2021-22 | 1 | 1 |
| **2007-08** | મુલ્કી (R&B) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2021-22 | 1 | 1 |
| **2007-08** | મુલ્કી (Transport) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2021-22 | 3 | 3 |
| **2007-08** | મુલ્કી (L&E) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 3 | 2021-22 | 1 | 1 |
| **2008-09** | મુલ્કી (SJED) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 4 | 2022-23 | 1 | 1 |
| **2008-09** | મુલ્કી (WR) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 4 | 2022-23 | 1 | 1 |
| **2008-09** | મુલ્કી (EDU) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 4 | 2022-23 | 1 | 1 |
| **2008-09** | મુલ્કી (F&E) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 4 | 2022-23 | 2 | 2 |
| **2013-14** | G&SS (H&FW) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 5 | 2022-23 | 3 | 3 |
| **2013-14** | G&SS (SJED) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 5 | 2022-23 | 1 | 1 |

| Year of Audit Report | Name of Audit Report | PAC/COPU Report No.. | Year of PAC/ COPU | No. of Recomme-ndations | Number of ATNs Awaited |
|---|---|---|---|---|---|
| **2013-14** | G&SS (WS) | 14મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 5 | 2022-23 | 1 | 1 |
| **2009-10** | મુલ્કી (WR) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2023-24 | 3 | 3 |
| **2009-10** | મુલ્કી (Edu and L&E) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2023-24 | 1 | 1 |
| **2009-10** | મુલ્કી (Edu) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 1 | 2023-24 | 3 | 3 |
| **2010-11** | મુલ્કી (F&E) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2024-25 | 1 | 1 |
| **2010-11** | મુલ્કી (Edu) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2024-25 | 1 | 1 |
| **2010-11** | મુલ્કી (SY&C) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2024-25 | 1 | 1 |
| **2010-11** | મુલ્કી (UD&UHD) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2024-25 | 1 | 1 |
| **2010-11** | મુલ્કી (Revenue) | 15મી ગુજરાત વિધાનસભાનો અહેવાલ નં. 2 | 2024-25 | 1 | 1 |
| કુલ | | | | **95** | 80 |

## પરિશિષ્ટ – V

### ગુજરાત રાજ્યમાં PDS હેઠળ પૂર્વ-NFSA યોજનાઓ કરતાં હયાત NFSAના તુલનાત્મક ફાયદા

(સંદર્ભ: ફકરો **2.1.1**; પૃષ્ઠ **6**)

| વિગત | પૂર્વ -NFSA યોજના | NFSA |
|---|---|---|
| અન્નનો અધિકાર | કોઈ કાનૂની પીઠબળ નથી<br>(કલ્યાણ આધારિત અભિગમ) | વૈધાનિક સમર્થન<br>(અધિકાર આધારિત અભિગમ) |
| વ્યાપ | રાજ્યના 6.04 કરોડ લાભાર્થીઓને આવરી લેતા 120.96 લાખ પરિવારો (માર્ચ 2016ની સ્થીતીએ). | ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં AAY પરિવારો સહિત રાજ્યના લગભગ 3.83 કરોડ લાભાર્થીઓ, ગ્રામીણ વિસ્તારના 75 *ટકા* અને શહેરી વિસ્તારના 48 *ટકા* ગરીબ વસ્તીના લોકોને લક્ષ્યાંકિત કરવામાં આવેલ છે. |
| વર્ગ | AAY, BPL, APL-1 અને APL-2 HHs | AAY HHs અને PHHs |
| માસિક હક્કદારી | AAY HH: 35 કિલો ખાધ્યાન્ન/પરિવાર.<br>BPL HH: 16 કિલો ખાધ્યાન્ન/પરિવાર સબસિડીવાળા દરે, અને વધારાનું 19 કિલો ખાધ્યાન્ન/પરિવાર ઊંચા દરે;<br>APL HH: 2.5 કિલો ખાધ્યાન્ન/વ્યક્તિ (વધુમાં વધુ 15 કિલો ખાધ્યાન્ન/પરિવાર) | AAY HH: 35 કિલો ખાધ્યાન્ન/પરિવાર.<br>PHH: 5 કિલો ખાધ્યાન્ન/વ્યક્તિ |
| લાભાર્થીઓને પ્રતિ કિલો ખાધ્યાન્નનો ખર્ચ | AAY HH: ઘઉં અને ચોખા માટે અનુક્રમે ₹ 2 અને ₹ 3 પ્રતિ કિલો.<br>BPL HH: માટે 16 કિલો સુધી ઘઉં અને ચોખા અનુક્રમે ₹2 અને ₹3 પ્રતિ કિલો. વધારાના 19 કિલો ઘઉં માટે ₹5.40 પ્રતિ કિલો અને ₹7.70 પ્રતિ કિલો અને ચોખા માટે ₹7 પ્રતિ કિલો અને ₹10.10 પ્રતિ કિલો વચ્ચે. APL HH: ઘઉં માટે પ્રતિ કિલો ₹ 5.40 થી ₹ 7.70 અને ચોખા માટે પ્રતિ કિલો ₹ 7 થી ₹ 10.10 ની વચ્ચે | દરેક લાભાર્થીઓને ચોખા/ઘઉં/બરછટ અનાજ માટે અનુક્રમે ₹ 3/₹ 2/₹ 1 પ્રતિ કિલોના એકસમાન ભાવે.. |
| લાભાર્થીઓની ઓળખ | કેન્દ્ર: TPDS હેઠળ આવરી લેવાના AAY લાભાર્થીઓની ઓળખ અને સંખ્યા માટેના માપદંડો નક્કી કરે છે..<br>રાજ્ય: લાયક HHsને ઓળખે છે. | કેન્દ્ર: તાજેતરની વસ્તી ગણતરીના આંકડાઓ અનુસાર વસ્તી અંદાજના આધારે, ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આવરી લેવા માટે પાત્રતા ધરાવતા HHsની વસ્તી નક્કી કરે છે.<br>રાજ્ય: પોતાના માપદંડ બનાવે છે અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓ/HHs ને ઓળખે છે. |
| રાજ્યમાં પરિવહનનો ખર્ચ | રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલ. | કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વહેંચાયેલ. |

## પરિશિષ્ટ - VI
## પસંદ કરાયેલ એકમોની વિગતો
**(સંદર્ભ: ફકરો 2.1.8 & 2.1.10.3; પૃષ્ઠ 10 & 12)**

<table>
<tr><th>એકમનો પ્રકાર</th><th>રાજયમાં કુલ એકમની સંખ્યા</th><th>પસંદ કરાયેલ એકમોની સંખ્યા</th><th colspan="2">વિગત</th></tr>
<tr><td>ઉચ્ચ સ્તરે</td><td>04</td><td>04</td><td colspan="2">1.સચિવાલય (ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ);<br>2. નિયામક, ખાદ્ય અને નાગરિક પુરવઠા .<br>3. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ (GSCSCL); અને<br>4. ગુજરાત રાજ્ય ખાદ્યાન્ન કમિશન(GSFC)</td></tr>
<tr><td>જિલ્લા સ્તરે</td><td>33</td><td>08</td><td colspan="2">મધ્ય ઝોન: 08 માંથી 02 જિલ્લાઓ (અમદાવાદ અને આણંદ)<br>ઉત્તર ઝોન: 06 માંથી 02 જિલ્લાઓ (ગાંધીનગર અને મહેસાણા)<br>દક્ષિણ ઝોન: 07 માંથી 02 જિલ્લાઓ (ભરૂચ અને નર્મદા)<br>સૌરાષ્ટ્ર અને કચ્છ: 12 માંથી 02 જિલ્લાઓ (જામનગર અને રાજકોટ)</td></tr>
<tr><td rowspan="9">નાયબ મામલતદારો (પુરવઠા)/ઝોનલ અધિકારીઓની કચેરીઓ</td><td rowspan="9">297</td><td rowspan="9">86 માથી 21</td><td>પસંદ કરાયેલ આઠ જિલ્લાઓના નામ</td><td>પસંદ કરાયેલા 21 નાયબ મામલતદાર (પુરવઠા)/ઝોનલ કચેરીઓના નામ</td></tr>
<tr><td>અમદાવાદ</td><td>દસ્ક્રોઈ, નરોડા ઝોન, સાબરમતી ઝોન, સાણંદ અને શહેરકોટડા ઝોન (પાંચ)</td></tr>
<tr><td>આણંદ</td><td>આણંદ શહેર અને પેટલાદ (બે)</td></tr>
<tr><td>ગાંધીનગર</td><td>ગાંધીનગર ઝોન અને માણસા (બે)</td></tr>
<tr><td>મહેસાણા</td><td>મહેસાણા અને વિસનગર (બે)</td></tr>
<tr><td>ભરુચ</td><td>ભરુચ શહેર અને વાગરા (બે)</td></tr>
<tr><td>નર્મદા</td><td>ડેડીયાપાડા અને નાંદોદ (બે)</td></tr>
<tr><td>જામનગર</td><td>જામનગર ઝોન અને જામજોધપુર (બે)</td></tr>
<tr><td>રાજકોટ</td><td>ગોંડલ, પડધરી, રાજકોટ અને રાજકોટ ઝોન – 4</td></tr>
<tr><td>વ્યાજબી ભાવની દુકાનો (FPSs)</td><td>16,609</td><td>63</td><td colspan="2">પસંદ કરાયેલા 21 નાયબ મામલતદાર (પુરવઠા) કચેરીઓ/ઝોનલ કચેરીઓમાંથી દરેકમાંથી ત્રણ FPS.</td></tr>
<tr><td>તાલુકા ગોડાઉન</td><td>252</td><td>19</td><td colspan="2">પસંદ કરેલા 21 નાયબ મામલતદાર (પુરવઠા) કચેરીઓ/ઝોનલ કચેરીઓ હેઠળ આવતાપસંદ કરેલા 63 FPS ને ખાદ્યાન્ન અને અન્ય ચીજવસ્તુઓનો પુરવઠો 19 તાલુકા ગોડાઉન દ્વારા કરવામાં આવી રહ્યો છે.</td></tr>
</table>

## પરિશિષ્ટ - VII
**(સંદર્ભ, ફકરા 2.3.1.1; પૃષ્ઠ સંખ્યા 34)**
## બાકાત પ્રક્રિયા

પગલું 1 **:** પાકા મકાનોને બાકાત રાખવા – તમામ ઘરેલુ પરિવારો જે પાકી છત અને/અથવા પાકી દિવાલવાળા મકાનોમાં રહે છે અને જે મકાનોમાં બે કરતાં વધુ રૂમ છે, તેમને બહાર રાખવામાં આવ્યા છે.

પગલું **2:**-આપોઆપ બાકાત – બાકી રહેલા ઘરેલુ પરિવારોમાંથી, નીચે આપેલા 13 માપદંડોમાંથી કોઈપણ એક માપદંડને પૂર્ણ કરતા તમામ પરિવારો આપમેળે બહાર રાખવામાં આવે છે:-

1. મોટરાઇઝ્ડ ટુ/થ્રી/ફોર વ્હીલર/ફિશિંગ બોટ
2. યાંત્રિક થ્રી/ફોર વ્હીલર કૃષિ સાધનો
3. કિસાન ક્રેડિટ કાર્ડ જેની ક્રેડિટ મર્યાદા ₹50,000 કે તેથી વધુ હોય
4. સરકારી કર્મચારી તરીકે કોઈપણ સભ્ય ધરાવતું કુટુંબ
5. સરકારમાં નોંધાયેલ બિન-કૃષિ સાહસો ધરાવતા પરિવારો
6. પરિવારનો કોઈપણ સભ્ય જે દર મહિને ₹૧૦,૦૦૦ થી વધુ કમાણી કરે છે
7. આવકવેરો ભરવો
8. વ્યાવસાયિક કર ભરવો
9. રેફ્રિજરેટર ધરાવતા
10. પોતાનો લેન્ડલાઇન ફોન ધરાવતા
11. ઓછામાં ઓછા એક સિંચાઈ ઉપકરણ સાથે ૨.૫ એકર કે તેથી વધુ સિંચાઈવાળી જમીન ધરાવતા
12. બે કે તેથી વધુ પાક ઋતુઓ માટે ૫ એકર કે તેથી વધુ સિંચાઈવાળી જમીન ધરાવતા
13. ઓછામાં ઓછા એક સિંચાઈ ઉપકરણ સાથે ઓછામાં ઓછી ૭.૫ એકર કે તેથી વધુ જમીન ધરાવતા

# પરિશિષ્ટ - VIII
## (સંદર્ભ, ફકરા 2.3.1.5; પૃષ્ઠ સંખ્યા 38)
## પસંદ કરેલા જિલ્લાઓમાં નમૂના પસંદગીની વિગતો

| ક્રમ નંબર | પ્રદેશનું નામ | પસંદ કરેલ જીલ્લાનું નામ | પસંદ કરેલ તાલુકાનું નામ | પસંદ કરેલ ગ્રામ પંચાયત નું નામ |
|---|---|---|---|---|
| 1. | ઝોન-1 મધ્ય | છોટાઉદેપુર | કવાંટ | ડુંગરગામ, કવાંટ, મોટા વંતા, રાજપુર, સીન્હાડા |
| | | | નસવાડી | આનંદપુરી, હરિપુરા (ઉત્તર), કાંઢા, લાવાકોઈ, આનંદપુરી, સાંકળ (પશ્ચિમ) |
| 2. | | દાહોદ | દાહોદ | ભાટીવાળા ,ડોકી, ખરોડ, મેહુલિયા, તરવાડીયા વાજા |
| | | | ઝાલોદ | બુધપુર, કંજેટા, નકટી, પીપેરો, વાંસીયા ડુંગરી, |
| | | | ધાનપુર | ડુંગરી, ખરસાના, મુંડાહેડા, સંપોઈ,વરોડ, |
| 3. | ઝોન-2 ઉત્તર | અરવલ્લી | ભિલોડા | અમ્બર, દહેગામા, કરછા, મોટી બેબર, ટોરડા (જેતપુર) |
| | | | મેઘરજ | ગેડ, કુનોલ, મોટી પાંડુંલી, રાયવડા, ઝરડા |
| 4. | | ગાંધીનગર | કલોલ | ધમાસણા, ગોલાથરા, મુલાસણા, નવા, વાંસજડા (K), |
| | | | માણસા | અનોડીયા, બિલોદ્રા, ખડત, મંડળી (V), સમાઉં |
| 5. | ઝોન – 3 દક્ષીણ | ભરુચ | અંકલેશ્વર | અવાદર, હરીપુરા, નાંગલ, સક્કરપોર, Taria |
| | | | જંબુસર | દેગમ, કહાનવા, કાવી, પંચાકડા, ઝામડી, |
| | | | નેત્રંગ | અખોલ, ચંદ્રવન, કંબોડિયા, મોઝા, ટીમળા , |
| 6. | | સુરત | બારડોલી | અફવા, હરીપુરા, માણેકપોર, સમથાન, ઉતારા, |
| | | | માંડવી | દેવગઢ, કાકરાપર, લુહારવાડ, પાતાળ, વરેઠ |
| | | | ઉમરપાડા | ચીમીપાતાળ, મોટી દેવરુપણ, સારડા, ઉમરડા, વાડી, |
| 7. | ઝોન-4 સૌરાષ્ટ્ર અને કચ્છ | ભાવનગર | ગારીયાધર | ગુજરાડા, માનગઢ, પાલડી, સમાધિયાળા, ટીમ્બા. |
| | | | મહુવા | ભાણવડીયા, ડુંગરપાર, કરજાળા, રાણીગામ, શેવડીવદર, |
| | | | શિહોર | ભાન્ખલ, કરકોળિયા, રબારીકા, સુરકા, વાવડી (વાછાની), |
| 8. | | જામનગર | જામનગર | આમારા, ફલ્લા, જામવંથલી, નાના થાવરિયા, સચના, |
| | | | લાલપુર | બાબરઝર , હરીપર, લાલપુર, નાના ખાડબા , સણોસરા, |
| 9. | | મોરબી | હળવદ | ભલગામડા, ઘણદ, ખોડ, મયુરનગર, રાયસંગપર, |
| | | | વાંકાનેર | ધીયાવાડ, ખેરવા, પાલંસ, રાતડીયા, વિનય, |
| 10. | | સુરેન્દ્રનગર | ચોટીલા | ગઢેચી, ખેરણા, મોટી મોલડી, પીપળીયા ધોકળવા, સણોસરા |
| | | | દસાડા | ધામા, ખારાઘોડા, મુલાળા, સેડલા, ઝીન્ઝુવાડા, |
| | | | લીંબડી | બોડીયા, ઘનશ્યામપુર, મોટા તીમ્બળા, પરનાળા, સૌકા |

# પરિશિષ્ટ-IX

## (સંદર્ભ ફકરા 2.3.3.2; પૃષ્ઠ સંખ્યા 43)

## PMAY - ગ્રામીણ અને PMAY - શહેરી હેઠળ લાભ લેનાર લાભાર્થીઓની વિગતો

| ક્રમ નંબર | જિલ્લો | લાભાર્થીનું નામ | PMAY- G અંતર્ગત લાભાર્થીની ID | PMAY- G અંતર્ગત ચુકવવામાં આવેલ રકમ (રકમ ₹ માં) | PMAY- U અંતર્ગત લાભાર્થીની ID | PMAY-U અંતર્ગત લાભાર્થીઓને આવરી લેનાર પ્રોજેક્ટ નું નામ (મંજૂરી) | PMAY- U અંતર્ગત આવાસ ની સ્થિતિ | ચુકવવામાં આવેલ રકમ (રકમ ₹ માં) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જામનગર | કાપડી વિજયભાઈ વાસુદેવભાઈ | GJ137350711 | 30,000 | 0324802518627939125 | બીએલસી સિક્કા જિલ્લા જામનગર ફેઝ V હેઠળ 95 આવાસનું બાંધકામ | પ્લીન્થ | 75,000 |
| 2 | | પ્રભા જેઠવા | GJ133979393 | 80,000 | 0324802516623577951 | BLC કાલાવડ જિલ્લા જામનગર ફેઝ-IX હેઠળ 621 આવાસ નું બાંધકામ | છત ભરાઈ | 2,30,000 |
| 3 | | વાઢેર નારણજી | GJ140044403 | 80,000 | 0324802509627821117 | BLC ઓખા ફેઝ-06 હેઠળ 63 આવાસોનું બાંધકામ | છત ભરાઈ | 2,30,000 |
| 4 | સુરત | રાજુભાઈ ગોમાનભાઇ રાઠોડ | GJ114476522 | 30,000 | 0324802629630666923 | BLC હેઠળ સુડા વિસ્તારમાં કુડસદ સ્થળે 85 આવાસ નું બાંધકામ. | લીન્ટલ | 1,30,000 |
| 5 | | ગોમાનભાઇ ઇચ્છુભાઇ રાઠોડ | GJ114476558 | 30,000 | 0324802629630639020 | સુડા વિસ્તારમાં કુડસદ સ્થળે BLC હેઠળ 85 આવાસનું બાંધકામ. | છત ભરાઈ | 2,30,000 |
| 6 | | ચીમનભાઈ ચનાભાઈ રાઠોડ | GJ114476459 | 30,000 | 0324802629630777653 | SUDA વિસ્તારમાં ચોર્યાસી સ્થાન પર BLC હેઠળ | છત ભરાઈ | 1,30,000 |

| ક્રમ નંબર | જિલ્લો | લાભાર્થીનું નામ | PMAY- G અંતર્ગત લાભાર્થીની ID | PMAY- G અંતર્ગત ચુકવવામાં આવેલ રકમ (રકમ ₹ માં) | PMAY- U અંતર્ગત લાભાર્થીની ID | PMAY-U અંતર્ગત લાભાર્થીઓને આવરી લેનાર પ્રોજેક્ટ નું નામ (મંજૂરી) | PMAY- U અંતર્ગત આવાસ ની સ્થિતિ | ચુકવવામાં આવેલ રકમ (રકમ ₹ માં) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | 110 અવાસનું બાંધકામ. | | |
| 7 | | રવજીભાઈ પ્રભુભાઈ રાઠોડ | GJ114476377 | 30,000 | 0324802629630784524 | SUDA વિસ્તારમાં ચોર્યાસી સ્થાન પર BLC હેઠળ 110 આવાસનું બાંધકામ. | છત ભરાઈ | 2,30,000 |
| કુલ | | | | **3,10,000** | | | | **12,55,000** |

© ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

www.cag.gov.in

https://cag.gov.in/ag1/gujarat/en